કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
**કચ્છ ઉદય**
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૯ મે, ૨૦૨૬ શુક્રવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
**કચ્છ ઉદય**
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૭૦૯૯૦ ७૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧
અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

♦અંક નંબર : ૦૦૯ ♦વર્ષ : 33 ♦પાના - ૧૨ ♦મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH-184-2019-2021 ♦RNI No. 54972/94 ♦ સંવત ૨૦૮૨ ♦ જેઠ સુદ - ૧૩ ♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૬૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
**કચ્છ ઉદય**
તંત્રી સ્થાનેથી....

## રાષ્ટ્ર પ્રથમ : સુરક્ષા સર્વોપરી


## કચ્છ સરહદે અમિત શાહની હાજરી

### સુરક્ષા કવચ અને પાકિસ્તાનમાં ફફડાટ



**કચ્છની સીમા સુરક્ષામાં ઉમેરાયો નવો અધ્યાય**





**શાહનું મિશન બોર્ડર : - હરામીનાળા-દલદલની સ્થિતીમાં સુરક્ષાને મજબુત બનાવો : - ૪૪ ડીગ્રીથી વધુની ગરમીમાં જવાનોને જરૂરી સુવિધા ઉપરાંત મનોબળ જાળવવા વ્યવસ્થાઓ કરાવો : -સરક્રીક-હરામીનાળાની સલામતી વ્યવસ્થાઓ મજબુત કરવી સમયની માંગ : - કચ્છની હરામીનાળા સહીતની બોર્ડરોને હાઈટેક બનાવવો : સ્માર્ટ સિક્યુરટી ગેટ-ડ્રોન-કેમેરા-સીસીટીવી-હેન્ડ હેલ્ડ થર્મલ કેમેરાઓને વધુ સજ્જડ બનાવો : દરીયાઈ સુરક્ષાને મજબુત બનાવવા હરામીનાળાને-સરક્રીકને કીલ્લેબંધી આપવી અનિવાર્ય**

ભારતનાયશસ્વીકેન્દ્રીયગૃહમંત્રીઅનેરાજકીયકુનેહના ચાણક્ય અમિત શાહની કચ્છની ધરતી પર ફરી એકવાર પધરામણી થઈ છે. ગુજરાતના સુપુત્ર એવા અમિતભાઈનું આગમન અને તેમની સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિ એ કોઈ સામાન્ય પ્રવાસ નથી, પરંતુ તે દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.ગૃહમંત્રી દ્વારા બીએસએફની વિવિધ ચોકીઓનું લોકાર્પણ અને જવાનો સાથેનો સીધો સંવાદ દર્શાવે છે કે સરકાર સરહદી સુરક્ષાને કેટલી પ્રાથમિકતા આપે છે. આ આધુનિક સુવિધાઓ અને સજ્જતા ચોક્કસપણે ભારત-પાકિસ્તાન સરહદે સુરક્ષાનું એક અભેદ્ય કવચ તૈયાર કરશે. જવાનોની સાથે તેમનો સીધો સંવાદ માત્ર પ્રોટોકોલ નથી, પરંતુ રણમેદાનમાં ખડેપગે રહેલા જવાનોનું મનોબળ વધારવાનું એક સશક્ત માધ્યમ છે. અમિત શાહની આ મુલાકાતને કારણે સરહદની પેલે પાર પાકિસ્તાનમાં પણ મોટી હલચલ મચી જવા પામી છે. જ્યારે ભારતના ગૃહમંત્રી સીધા સરહદ પર પહોંચીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરતા હોય, ત્યારે દુશ્મન દેશો માટે તે એક સ્પષ્ટ અને કડક સંદેશ છે. આ મુલાકાત સૂચવે છે કે ભારત પોતાની સરહદોની રક્ષા માટે માત્ર શબ્દોથી નહીં, પણ નક્કર તૈયારીઓથી સજ્જ છે.આ પ્રવાસના આયોજન પાછળ સરકારના મનમાં સ્પષ્ટ સંકેતો છે. રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈ બાંધછોડ નહીં. સરહદી ચોકીઓનું આધુનિકીકરણ દુશ્મનોની દરેક હિલચાલ પર બાજ નજર રાખવામાં મદદરૂપ થશે. દેશના જવાનોને સર્વોચ્ચ નેતૃત્વનો સીધો ટેકો મળે છે, જે તેમનામાં નવા પ્રાણ ફૂંકે છે. કચ્છની આ સરહદ, જે સંવેદનશીલ હોવા છતાં અત્યંત મહત્વની છે, ત્યાં અમિત શાહનું આ આગમન ભારતના મક્કમ ઈરાદાઓને ફરી એકવાર ઉજાગર કરે છે. સરહદ પરની આ 'કિલેબંધી' માત્ર ઈંટો-પથ્થરની સુરક્ષા નથી, પરંતુ તે ભારતના સંકલ્પબદ્ધ લોકતંત્રનું એક મજબૂત પ્રતિબિંબ છે.

# નાપાક તત્વોને કચ્છ કાંઠેથી શાહનો કડક સંદેશ

**ગૃહમંત્રી અમિત શાહ એ સરહદી કચ્છની મુલાકાતે G7 બીએસએફની ચોકીઓનું કર્યુ લોકાર્પણ : OP ટાવર ૧૧૭૦ કંટ્રોલરૂમનું કર્યુ નિરીક્ષણ : બીએસએફના જવાનોની સાથે અમિત શાહે કર્યો સીધો સંવાદ : જેટ્ટી પોઇન્ટ પર કર્યુ વૃક્ષારોપણ : ગૃહમંત્રી હરામીનાળા વિસ્તારની પણ મુલાકાતે**

ગાંધીધામ : કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે સરહદી કચ્છની મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન દેશની સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા અનુસંધાન પાના નં.૪ પર

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું ભુજમાં ભવ્ય સ્વાગત





કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ગત રાત્રે બે દિવસીય કચ્છના પ્રવાસે આવી પહોંચ્યા હતા. ભુજ એરપોર્ટ પર ઉતરાણ બાદ તેઓ જ્યારે મુખ્ય માર્ગ પરથી પસાર થયા ત્યારે ભારતીય જનતા પાર્ટીના અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા રોડની બંને તરફ ઉપસ્થિત રહીને તેમનું ઉષ્માભેર અભિવાદન કરવામાં આવ્યું હતું. ભુજ ખાતે પહોંચતા જ કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહનું સ્થાનિક ભાજપના પદાધિકારીઓ અને જનપ્રતિનિધિઓ દ્વારા ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, જિલ્લા ભાજપ પ્રભારી ફલજીભાઈ ચૌધરી, રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, સાંસદ વિનોદભાઈ ચાવડા અને જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, ધારાસભ્ય કેશુભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ જાડેજા અને પ્રધ્યુમનસિંહ જાડેજાની સાથે જિલ્લા ભાજપના મહામંત્રીઓ ધવલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોર અને ભીમજીભાઈ જોધાણી સહિતના અનેક હોદ્દેદારોએ ગૃહમંત્રીનું સ્વાગત કરીને તેમને આવકાર્યા હતા.

## Upમાં મધરાતે પુલ દુર્ઘટના : ૬ના મોત

નવી દિલ્હી :ઉત્તર પ્રદેશના હમીરપુરમાં મોડી રાતે આવેલા જોરદાર તોફાનને કારણે બેતવા નદી પર બની રહેલા પુલનો એક મોટો હિસ્સો અચાનક તૂટી પડ્યો. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૬ મજૂરોના મોત થઈ ગયા. અનેક મજૂરો હજુ પણ કાટમાળમાં દટાયેલા હોવાની આશંકા છે.

## સીએમ ભુપેન્દ્રભાઈને ભુજના વિમાનીમથકે પરંપરાગત આવકાર





મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજ રોજ ભુજ વિમાનીમથકે પહોંચ્યા હતા. સરહદી વિસ્તારની સમીક્ષા માટે કેન્દ્રીય મંત્રી અમિત શાહ કાલે મોડી રાતે ભુજમાં આગમન થયુ હતુ તે બાદ સીએમ આજ રોજ સવારે ભુજ આવી પહોચ્યા હતા. જયા તેઓને કચ્છના પ્રભારી મંત્રી કાંતીભાઈ અમૃતીયા,પ્રદેશ ભાજપના મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવે, કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, રાજય મંત્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી ફલજીભાઈ ચૌધરી, કુંવરજીભાઈ બાવળીયા, જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, ભુજ નગરપાલીકાના અધ્યક્ષ શીતલભાઈ શાહ, જિલ્લા પંચાયતના અધ્યક્ષા પ્રભાબેન,મહામંત્રીશ્રીઓ ધવલભાઈ આચાર્ય, હિતેશ ખંડોર, ભીમજીભાઈ જોધાણી, ધારાસભ્યશ્રીઓ પ્રદુમનસિંહ જાડેજા, કેશુભાઈ પટેલ, વિરેન્દ્રસીંહ જાડેજા, મીતભાઈ ઠકકર સહિતનાઓએ ઉષ્માભેર આવકાર આપ્યો હતો.

## મહારાષ્ટ્રમાં લઠ્ઠાકાંડથી હાહાકાર : ઝેરી દારૂથી ૧૫ના મોત : સરકાર એકશનમાં

**પુણેમાં ઝેરી દારૂ પીવાથી લોકોના મોત નિપજયાની ઘટનાથી દોડધામ : મુખ્યપ્રધાન ફડણવીસે આપ્યા તપાસના આદેશ : પોલીસે એક શખ્સને પકડયો**

મુંબઈ : મહારાષ્ટ્રના પુણે અને પિમ્પરી-ચિંચવડ જિલ્લામાંથી એક અત્યંત ચકચારી અને કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી રહી છે. અહીં અલગ-અલગ વિસ્તારોમાં ઝેરી અને કેમિકલયુક્ત દેશી દારૂ પીવાના કારણે અત્યાર સુધીમાં કુલ ૧૩ લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અનેક લોકોની હાલત હજુ પણ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.આ ભયાનક લિકર ટ્રેજેડીમાં સૌથી વધુ ૮ લોકોના મોત પિમ્પરી-ચિંચવડના દાપોડી અને ફુગેવાડી વિસ્તારમાં થયા છે, જ્યારે પુણેના કાલે પડલ અને હડપસર વિસ્તારમાં ૫ લોકોએ દારૂ પીધા બાદ પોતાનો જીવ ગુમાવ્યો છે.



કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા. ૨૯-૦૫-૨૦૨૬

## અંજારમાં મહિલાને ઘરમાં ઘુસી લોખંડના પાઈપ વડે માર માર્યાની ફરિયાદ નોંધાઈ

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ મથકે ગુનો નંબર ૧૧૮૯૩૦૦૩૨૫૦૭૫૦ હેઠળ બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬(બ), ૫૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ તા. ૨૯/૦૫/૨૦૨૬ના રોજ સાંજના સમયે અંજાર રોડ પર આવેલી હોસ્પિટલ નજીક બનેલી ઘટનામાં મહિલાને હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી નિલેશભાઈ કાનજીભાઈ ગાંગલ, રહે. સ્વામિનારાયણનગર, અંજાર દ્વારા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ હિતેન સોરઠિયા, પ્રિન્સ સોરઠિયા, પારસ સોરઠિયા તથા દેવ સોરઠિયા સામે ગુનો નોંધાયો છે. ફરિયાદ મુજબ આરોપીઓએ ભેગા મળી ફરીયાદ પક્ષ સાથે ઝઘડો કરી લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો અને ધક્કા-મુક્કી કરી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપીઓએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. સમગ્ર મામલે અંજાર પોલીસ દ્વારા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ભુજના કેમ્પ એરિયામાં દારૂની જનતા રેડ મુદ્દે સામ સામે ફરિયાદ

ભુજ - કચ્છ ઉદય : શહેરના કેમ્પ એરિયામાં જુની પવનચક્કી પાસે દારૂની જનતા રેડ મુદ્દે સામ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. વાલ્મીકિનગરમાં રહેતા લાલીબેન ભાનુભાઈ આદીવાલના જણાવ્યા પ્રમાણે વિસ્તારમાં દારૂ વેચાતો હોવાની બાતમીના આધારે જનતા રેડ માટે ગયા હતા ત્યારે આરોપી ઈકબાલ થેબાએ ફરિયાદી અને સાહેદો સાથે બોલાચાલી કરી ગાળો આપી લાકડાના ધોકા વડે માર માર્યો હતો. જ્યારે ઈકબાલ થેબાના દીકરાએ છરી મારી હતી અન્ય બે અજાણ્યા ઈસમોએ ભેગા મળી ફરિયાદી અને સાહેદો સાથે ધકબુસટની મારામારી કરતા એટ્રોસિટી સહિતની કલમો તળે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, દરમિયાન સામે પક્ષે સુફિયાન રજાક થેબાએ નોધાવેલી ફરિયાદ મુજબ અંકિતા ગોર, લાલીબેન આદીવાલ, કલ્પનાબેન જોષી, ચુંબો અને અન્ય એક અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. જે મુજબ આરોપીઓએ ફરિયાદીના ઘરમાં જનતા રેડ કરવા માટે ગૃહપ્રવેશ કરી ફરિયાદીના મોટા મમ્મી પાસે દારૂના હપ્તાની માંગણી કરતા ના પાડતા આરોપીઓએ ઉસ્કેરાઈને બોલાચાલી કરી ઝઘડો કરી ફરિયાદીના ખિસ્સામાંથી રોકડા રૂા.૪,૭૦૦ ઝુંટવી લીધા હતા. બનાવ અંગે બી-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

# ભુજ-દિલ્હી એક્સપ્રેસમાં મુસાફરી કરતી મહિલાને બચાવી લેવાઈ

### અલવર સ્ટેશને મોતને ચકમો આપી બચી મહિલા મુસાફર : ફરજ પરના જવાન બન્યા દેવદૂત : ચાલતી ટ્રેનમાંથી નીચે ઉતરવાની ઉતાવળ પડી ભારે : આરપીએફ જવાનની સતર્કતાથી ટળી મોટી દુર્ઘટના

ભુજ - કચ્છઉદય : કચ્છના મુસાફરો માટે મુસાફરી દરમિયાન સાવચેતી રાખવી કેટલી અનિવાર્ય છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ભુજથી દિલ્હી જતી ટ્રેનમાં સવાર એક મહિલા મુસાફર માટે અલવર રેલવે સ્ટેશન પરનો અનુભવ જીવનભરની યાદગીરી બની રહ્યો છે. ટ્રેનમાંથી ઉતરતી વખતે થયેલી એક નાનકડી ભૂલને કારણે આ મહિલાનું જીવન જોખમમાં મુકાયું હતું, પરંતુ ત્યાં ફરજ બજાવતા આરપીએફ જવાનની દેવદૂત જેવી સતર્કતાએ તેમનો જીવ બચાવી લીધો છે.

ઘટનાની વિગત મુજબ, ભુજ-દિલ્હી એક્સપ્રેસ ટ્રેન જ્યારે અલવર રેલવે સ્ટેશન પર પહોંચી ત્યારે ટ્રેન સંપૂર્ણપણે થોભે તે પહેલા જ એક મહિલા મુસાફરે નીચે ઉતરવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રેન હજુ ગતિમાં હતી અને પ્લેટફોર્મ પર ઉતરતી વખતે મહિલાનું સંતુલન બગડતા તે સીધી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેની જોખમી જગ્યામાં લપસી પડી હતી. આ દ્રશ્ય જોઈ ત્યાં ઉપસ્થિત લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા, કારણ કે મહિલા ટ્રેનના પૈડા નીચે આવી જાય તેવી પૂરેપૂરી શક્યતા હતી.

આ સમયે પ્લેટફોર્મ પર તૈનાત આરપીએફ જવાન સીતારામ પરિસ્થિતિની ગંભીરતા સમજીને વીજળીક ગતિએ દોડી આવ્યા હતા. તેમણે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પોતાનો જીવ જોખમમાં મૂકીને મહિલાનો હાથ પકડી લીધો હતો અને તેમને ખેંચીને પ્લેટફોર્મ પર સુરક્ષિત રીતે લઈ આવ્યા હતા. આ પળે ત્યાં હાજર તમામ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. ગજબની ફુર્તી અને સમયસૂચકતા દાખવીને જવાન સીતારામે એક પરિવારને વેરવિખેર થતા બચાવી લીધો હતો. ભલે આ ઘટના રાજસ્થાનના અલવર સ્ટેશને બની હોય, પરંતુ કચ્છથી દિલ્હી કે અન્ય લાંબા અંતરની મુસાફરી કરતા કચ્છના મુસાફરો માટે આ એક ગંભીર શીખ સમાન છે. ઘણીવાર સ્ટેશન પર ઉતરવા કે ચઢવાની ઉતાવળમાં મુસાફરો જીવનું જોખમ લેતા હોય છે. સદનસીબે, આ ઘટનામાં મહિલાને સામાન્ય ઈજાઓ જ થઈ હતી અને તે હેમખેમ બચી ગઈ હતી. ઘટના બાદ મહિલા અને તેમના પરિવારે રડતા આંખે આરપીએફ જવાનનો આભાર વ્યક્ત કર્યો હતો. રેલવે તંત્ર દ્વારા પણ વારંવાર અપીલ કરવામાં આવે છે કે ચાલતી ટ્રેનમાં ચઢવા કે ઉતરવાની ભૂલ ક્યારેય ન કરવી જોઈએ, કારણ કે આવી એક નાની ઉતાવળ જીવલેણ સાબિત થઈ શકે છે.

## માધાપરમાં યોગ સાયકોથેરાપીન વિનામૂલ્યે તાલીમ અપાશે

ભુજ - કચ્છ ઉદય : ઓમ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત માનવ બોધ અભિયાન હેઠળ આયોજિત ઓમ સામૂહિક ચેતના જાગૃત્તિ કાર્યક્રમમાં ડો. પંડિત દેવજ્યોતિ શર્મા દ્વારા ઓમ મેડિટેશન, યોગ સાયકોથેરાપી અને ગીતા પ્રબોધની વિનામૂલ્યે તાલીમ સત્વ ડાન્સ અને યોગ સ્ટુડિયો, બેંક ઓફ ઈન્ડિયા પાસે, શિવ મંદિર ચોક, નવાવાસ માધાપર ખાતે તા. ૩૦/૫ ના સાંજે અપાશે. જેમાં ઈચ્છુક લોકોને પલ્લવીબેન રાઠોડ મો. નં. ૯૪૨૯૯ ૩૨૧૮૮ પર સંકર કરી પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

જ્યોતિષ કાર્યાલય
Regd. No. : 0016432 ૨૧ વર્ષનો અનુભવ
24x7 સચોટ સલાહ
3 પેઢીથી કામ, અમારે ત્યાંથી નિરાશ નહીં થવા એ જ મારી સિદ્ધિ, કામનો ચોક્કસ નિકાલ
છુટાછેડા, ધારેલાકામ, ફેમીલી-બિઝનેશ પ્રોબ્લેમ
લવ પ્રોબ્લેમ, વશીકરણ સ્પે.
વિઝા પ્રોબ્લેમ, સૌતન- સાસુનો ત્રાસ, જન્માક્ષર શું સંતાન કહેવામાં નથી ?, સંતાન ચોગ
પ્રેમલગ્ન • ધારેલી વ્યક્તિનું મિલન
ગુપ્તધનના અધુરા મુકેલા કામ પૂર્ણ કરવામાં આવશે
ફોનથી દ્વારા ઘેર બેઠા કામ
9712423531




### મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ માંડવી (કચ્છ)ની કોર્ટમાં

**જાહેર નોટીસ**

જન્મ-મરણ કેસ નં. ૫૫/૨૦૨૬

હિરેશ હરીલાલ પારેખ, રહે. ૬૦૨, ઈશા કૃપા કો.ઓ.હા.સોસાયટી લી.,
બ્રાહ્મણ સભા રોડ, મલાડ (વે.) મુંબઈ - ૪૦૦૦૬૪ ... અરજદાર
અરજદારના વકિલશ્રી એચ.એસ.ગણાત્રા, એન.એચ. ગણાત્રા,, એન.એસ.ઠક્કર, પી.એસ.પરમાર, પી.એન.ગણાત્રા
વિરૂદ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને મુખ્ય અધિકારીશ્રી માંડવી નગરપાલિકા ... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) હેઠળ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી હિરેશ હરીલાલ પારેખ, રહે. ૬૦૨, ઈશા કૃપા કો.ઓ.હા.સોસાયટી લી., બ્રાહ્મણ સભા રોડ, મલાડ (વે.) મુંબઈ - ૪૦૦૦૬૪ એ તા.૦૯/૦૩/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે, તેઓનો જન્મ તા. ૦૮/૦૫/૧૯૫૪ ના રોજ માંડવી મધ્યે થયેલ છે. પરંતુ પરિવારની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી માંડવી નગરપાલિકાના વર્ષ ૧૯૫૪ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ-મરણ નોંધણી રજીસ્ટર નં.૫૫/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી. આજરોજ તા. ૧૮/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(પી.એ.જેઠવા) મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ માંડવી-કચ્છ.







Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ભુજમાં મહારાઓ પ્રાગમલજી ત્રીજાની પુણ્યતિથિ ઉજવાઈ





ભુજ - કચ્છઉદય : કચ્છના અંતિમ મહારાવ પ્રાગમલજી ત્રીજાની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે રણજીતવિલા કોલેજ રોડ સ્થિત મેમોરીઅલ ગાર્ડ ખાતે સ્થાપિત મહારાવની પ્રતિમા પાસે મહારાણી પ્રિતીદેવીના હસ્તે તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરાયા હતા. સાદગીપૂર્ણ વાતાવરણમાં શાસ્ત્રોક્તવિધિથી પૂજન કરી મહારાવની પ્રતિમાને ફુલહાર અર્પણ કર્યા હતા.

આ અવસરે મહંત મોટી પોશાળ જાગીર પ્રવિણ મેરજી ગોરજી, કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજા, રોહા ઠાકોર પુષ્પેન્દ્રસિંહ સહપરિવાર, તેરા ઠાકોર મયુરધ્વજસિંહ સહપરિવાર, ભારતીબા, એડવોકેટ ભરતભાઈ ધોળકિયા, સંજયભાઈ ઠાકર, અભિજીતભાઈ ધોળકિયા, જેહાનભાઈ ભુજવાલા સહપરિવાર, વિજેશકુમાર પુંજા, સહપરિવાર, સમીર ભટ્ટ, શ્રીરાજસિંહ ગોહિલ, કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમોદભાઈ જેઠી, જીતેન્દ્ર ધારશી શાહ, મા આશાપુરા મંદિર ભુજના જનાર્દનભાઈ દવે, ભુપતસિંહજી કોઈન સોસાયટીના જગદીશભાઈ સોની, દિનેશભાઈ મહેતા વિપુલભાઈ દવે સહિતના ઉપસ્થિત રહ્યા હતા. મહારાવની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે કચ્છ માટે તેમણે કરેલા સેવાકાર્યોનું સ્મરણ કરાયું હતું. કચ્છ રાજવી પરિવારે મહારાવશ્રીએ ચીંધેલા માર્ગ પર આગળ વધી કચ્છની જનતાની અવિરત સેવા કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

## મહારાઓ પ્રાગમલજી ત્રીજાની પાંચમી પુણ્યતિથિએ સેવા કાર્યો કરાયા



ભુજ - કચ્છઉદય : મહારાઓ પ્રાગમલજી ત્રીજાની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા માનસિક દિવ્યાંગો, એકલા-અટુલા-નિરાધાર વૃદ્ધો, રંક બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું.

પક્ષીઓને ચણ, શ્વાનોને રોટલા, ગાય માતાઓને ઘાસચારો, માછલીઓને લોટ, કીડીઓને કીડીયારું અર્પણ કરી જીવદયાનાં કાર્યો કરવામાં આવ્યા હતા. મહારાઓ પ્રાગમલજી ત્રીજાને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજા, રવિન્દ્રભાઈ સંઘવી, જીતેન્દ્રભાઈ ધારશીં શાહ, પ્રબોધ મુનવર પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા દ્વારા સેવાકાર્યો કરાયા હતા.

## જાપાની પ્રતિનિધિમંડળની દિનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાની મુલાકાત




જાપાનના પ્રતિનિધિમંડળે દિનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાની મુલાકાત લઈ મહત્વપૂર્ણ સંવાદ બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠકનું અધ્યક્ષસ્થાન ડીપીએના ચેરમેન શ્રી સુશિલ કુમાર સિંહ, IRSME દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન ડીપીએના વરિષ્ઠ અધિકારીઓ તેમજ એલ એન્ડ ટી ના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

## ભુજની જનતા નગરીમાં પૈસા બાબતે માથાકૂટ

ભુજ - કચ્છ ઉદય : શહેરના જનતાનગરી કેમ્પ એરિયા વિસ્તારમાં પૈસા બાબતે માથાકૂટ કરવામાં આવી હતી. ફરિયાદી ઈમરાન રમજુ માંજોઠીના જણાવ્યા પ્રમાણે આરોપી સાજીદ ઉર્ફે ગેમઓવર તથા સરફરાજ ત્રાયાએ ઘરે આવી મારકૂટ કરી હતી. આરોપીઓને ફરિયાદી સાથે કોઈ નાણાકીય લેતીદેતી ન હોવા છતાં ફરિયાદીના ઘરે પૈસા માટે આવી ઝઘડો કરી મારકૂટ કરી સરફરાજે છાતીના ભાગે છરી મારી હતી. જે અંગે બી-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

## ગઢશીશામાં દહેજ મુદ્દે ત્રાસ અપાતા પરીણિતાએ કર્યો હતો આપઘાત

ભુજ - કચ્છ ઉદય : માંડવી તાલુકાના ગઢશીશામાં આવેલ જીએમડીસી કોલોની સ્ટાફ ક્વાર્ટરમાં રહેતા પરીણિતાએ ગત ૨૨ તારીખે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેમાં પરીણિતાને દહેજ મુદ્દે ત્રાસ અપાતા આ પગલું ભર્યું હોવાનું સામે આવતા પતિ વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં રહેતા અશોકસિંગ બ્રુન્દાવનસિંગ રાજપૂતના જણાવ્યા પ્રમાણે તેમની દીકરી ૨૮ વર્ષિય સાલુના લગ્ન ૬ મહિના પહેલા મૂળ અમદાવાદના હાલે ગઢશીશા રહેતા અર્જુનસિંહ કરણસિંહ પરિહાર સાથે થયા હતા. આરોપી પતિ દ્વારા અવાર-નવાર તેમની દીકરીને શારીરિક - માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. તારા પિતાએ લગ્નમાં ૧૦ લાખ રૂપિયા અને ઘરવખરી સિવાય કંઈ આપ્યું નથી. તેમ કહી દહેજ ઓછું લાવી છો. તેવા મેણા-ટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. લગ્ન જીવન ન બગડે તે માટે સમજાવટના પ્રયાસો પણ કરાયા હતા. ત્રાસ સહન ન થતા પરીણિતાએ અંતે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. ગઢશીશા પોલીસ અર્જુન સામે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

## વિપત્તિ જ સંપત્તિ છે !

**અધિકમાસનું કથામૃત**
**કનકચંદ્ર સી વ્યાસ**
**દેવેન કે.વ્યાસ**

ભગવાન શ્રી કૃષ્ણએ ઉત્તરાના ગર્ભ ઉપર અશ્વસ્થામાએ બ્રહ્માસ્ત છોડેલ ત્યારે તારાના ગર્ભમાં રહેલા પરિક્ષિતનું રક્ષણ કરેલું એ કાર્ય પૂરું થયું ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ ફરી દ્વારકા જવાની તૈયારી કરવા માંડી અને પછી પોતાના રથ ઉપર ચડ્યા અને સારથીએ રથ ચલાવ્યો. એ સમયે ખુદ કુન્તાજી ત્યાં આવ્યા અને રથની સાથે સાથે દોડવા લાગ્યા. આ દ્રશ્ય જોઈ ભગવાન શ્રી કૃષ્ણએ સારથીને રથ ઊભો રાખવા આજ્ઞા આપી તેથી સારથીએ રથ ઊભો રાખ્યો. આમ, જ્યારે રથ ઊભો રહ્યો ત્યારે કુન્તાજી પણ રથ પાસે આવી ઊભા રહ્યા. દોડવાને લીધે તેમનો શ્વાસ ફૂલાયેલો હતો તેથી શ્વાસ લેતા લેતા થોડી વારે બે હાથ જોડી અને તેમને ભગવાન શ્રી કૃષ્ણને પ્રણામ કર્યા. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ રથ ઉપરથી નીચે ઉતરી અને પોતાના ફઈ કુન્તાજીનો હાથ પકડી લીધો અને પગે ન લાગવા વિનંતી કરી. ફઈબા આ તમે શું કરી રહ્યાં છો ? હું તો તમારાથી નાનો છું અને વળી સંબંધમાં પણ હું તમારો ભત્રીજો થાઉ ને ? જો તમે આમ પગે લાગો તો જગતની દ્રષ્ટિએ પણ શોભાસ્પદ ન લાગે. માટે તમે મહેરબાની કરી અને મને પગે ન લાગો. ત્યારે રડતા રડતા કુન્તાજી બોલી ઊઠ્યા, આજ સુધી મેં તમને મારા ભત્રીજા જ સમજેલા અને તમારી સાથે એ મુજબનો જ વ્યવહાર કરેલો પરંતુ હે પ્રભુ, જ્યારે આ મહાભારતનું યુદ્ધ થયું ત્યારે જ મને તમારા સાચા સ્વરૂપનું જ્ઞાન થયું. હે નાથ, તમે તો કોઈના મિત્ર નથી કે પુત્ર નથી, તમે કોઈના પિતા, ભાઈ કે પતિ નથી તમે તો સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા છો માટે જ તો મેં તમને પ્રણામ કર્યા અને એમાં મેં કાંઇ પણ ખોટું નથી જ કર્યું. ઉલ્ટુ મારાથી ક્યાંય તમારા પ્રત્યે અજાણતા કંઈ ભૂલચૂક થઇ હોય તો ઉદાર મન રાખી મને ક્ષમા આપજો. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ ખૂબ જ ગંભીર બની ગયા અને પછી કુન્તાજીને પૂછ્યું, એ બધું તો ઠીક પરંતુ ફઈબા તમે આમ સાવ અચાનક મારા રથની પાછળ પાછળ શા માટે દોડવા લાગેલા ? તમને મારાથી કોઇ અપેક્ષા છે ? શું તમને કોઈ સમસ્યા છે ? કુન્તાજી ભગવાન શ્રી કૃષ્ણને સંબોધીને કહે છે, હે જગતનાથ, મારે તમારી પાસે કંઈક માંગવું છે , તમે જો આપતા હોવ તો તમને કહું ? શ્રી કૃષ્ણ કહે છે, ફઈબા, તમે આ શું કહો છો. માંગવાનું નહી તમારે તો આજ્ઞા કરવાની હોય. હું અવશ્ય તમારી આજ્ઞાનું પાલન કરીશ બસ. કુન્તાજી કહે છે કે, પ્રભુ, મારે બીજું કશું જ નથી જોઇતું તમે મને એક વચન આપો. પછી ભલે તમે તમારી દ્વારકા નગરીમાં જાવ. જરૂર કહો, તમે કહો તે આપવા તૈયાર છું. ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું. હે નાથ, મને કાયમને માટે વિપત્તિ આપો. મને સતત વિપત્તિ મળતી રહે એજ મારી ઈચ્છા છે કુન્તીજી એકી શ્વાસે બોલતા ગયા. ભગવાન શ્રી કૃષ્ણ કુન્તાજીના શબ્દો સાંભળી અને મુંઝવણમાં પડી ગયા. કહેવા લાગ્યા, તમે આ તો વળી શું માંગ્યું, હેં ફઈબા ...? માંગવું જ હતું તો સંપત્તિ માંગવી હતી, શાંતિ માંગવી હતી. તમને તો કેટકેટલી વિપત્તિ વળગેલી તેમાંથી તો માંડ મૂક્ત થયા છો હવે તમારે વિપત્તિને શું કરવું છે ? પ્રભુ ખરું કહ્યું ...? અમારા ઉપર જ્યારે જ્યારે વિપત્તિ આવી ત્યારે ત્યારે અમે અંતઃકરણ પૂર્વક તમને યાદ કર્યા હતા અને ત્યારે ત્યારે તમારા સતત દર્શન થતાં રહ્યાં અને તમારી કૃપા થતી રહી તમારું સતત સાનિધ્ય અમને પ્રાપ્ત થયું. માટે અમારા માટે તો વિપત્તિ જ સાચી સંપત્તિ સાબિત થઇ છે. માટે જ હું વિપત્તિ માંગુ છું કે, જેથી કરીને કાયમ માટે તમારું સાનિધ્ય રહ્યા જ કરે કુન્તાજીએ કહ્યું. આ સાંભળી અને ભગવાન શ્રી કૃષ્ણજીએ કુન્તાજીને સાંત્વન આપ્યું અને કહ્યું કે, મારી તમારા ઉપર કાયમ કૃપા રહેશે બસ. આમ, કુન્તાજીએ જગતને બતાવ્યું છે કે, ગમે તેવી આપત્તિ આવે પરંતુ તેનાથી જરાય વિચલીત ન થતા પ્રભુ ભક્તિ પ્રત્યે જીવન વાળવું અને તેમની કૃપા પ્રાપ્તિ માટે જ વિપત્તિ આવે છે.

**આજનું ભજન**

**તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું.**
**કંઈક આત્માનું કરજો કલ્યાણ જીવન થોડું રહ્યું.**
**અને દીધેલો કોલ તમે ભૂલી ગયા...૨**
**જૂઠી માયાને મોહમાં ઘેલા થયા...૨**
**ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન જીવન થોડું રહ્યું.**
**તમે....બાળપણને યુવાનીમાં અડધું ગયું ....૨**
**નહીં ભક્તિના મારગમાં ડગલું ભર્યું...**
**હવે બાકી છે તેમાં દયો ધ્યાન જીવન થોડું રહ્યું.**
**તમે...પછી ઘડપણમાં ગોવિંદ ભજાશે નહીં ....૨**
**લોભ વૈભવને ધનના ધજાશે નહીં ....૨**
**બનો આજથી પ્રભુના મસ્તાન જીવન થોડું રહ્યું.**
**તમે ...જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો ....૨**
**કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધર...૨**
**છીએ થોડા દિવસના મહેમાન જીવન થોડું રહ્યું ...**
**તમે ...બધા આળસમાં દિન આમ વીતી જશે ...૨**
**નહીં ચાલે તમારું તોફાન જીવન થોડું રહ્યું.**
**તમે ...એજ કહેવું આ બાળકનું ઉરમાં ધરો ....૨**
**ચીત રાખી રણછોડને ભાવે ભજો .....૨**
**ઝાલો ઝાલો ભક્તિનું સુકાન જીવન થોડું રહ્યું .**

**સંકલન : શ્રીમતી રમણતારા કે. વ્યાસ**


કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
લુડબાય ગ્રા.પં.
તા.નખત્રાણા
સરપંચશ્રી : જબાર એચ. જત
તલાટીશ્રી : મુકેશદાન ગઢવી

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
કોટડા રોહા ગ્રા. પં.
તા.નખત્રાણા
સરપંચ : ધનગૌરીબેન મેહુલગર ગોસ્વામી
તલાટી : હસુમતીબેન પરમાર

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
કોટડા (જ.) ગ્રા.પં.
તા.નખત્રાણા
સરપંચ : કોકિલાબેન મુકેશભાઈ ચાવડા
તલાટી : સંગીતાબેન ઠક્કર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
ખોંભડી ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : ધર્મિષ્ઠાબેન હિરાલાલ કાપડી
તલાટી : હસુમતિબેન પરમાર
ન્યા.સ.ચેરમેન : ઘનશ્યામભાઈ ગરવા

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
શ્રી જીનામ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ
સંચાલીત સંતકૃપા વિદ્યાલય
મોટી વિરાણી (હાઈવે) તા.નખત્રાણા-કચ્છ.
મુરૂભા વી. જાડેજા (ખોંભડીનાનીવાળા)

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
જીયાપર ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : અલ્પાબેન પ્રકાશ પોકાર
તલાટી : ભૂમિબેન છાટબાર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
કેતનભાઈ પાંચાણી
(એડવોકેટ)
નખત્રાણા-કચ્છ.

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
ખીરસરા (સર્વા) ગ્રા.પં.
તા.નખત્રાણા
સરપંચ : પાલીબાઈ રાણાભાઈ રબારી
તલાટી : ઠાકોર મુકેશભાઈ રમેશચંદ્ર

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
જયેન્દ્રસિંહ કે. જાડેજા
બાંડિયા તાલુકા પંચાયત સદસ્ય
તા.અબડાસા-કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
જડોદર (કોટડા) ગ્રા.પં.
તા.નખત્રાણા
સરપંચ : પૂજાબા ઉત્પલસિંહ જાડેજા
તલાટી : સંગીતાબેન ઠક્કર

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
દેવપર (યક્ષ) ગ્રા. પં.
તા.નખત્રાણા
સરપંચ : શ્રીમતી કસ્તુરબેન વિરેનભાઈ ગરવા
ઉપસરપંચ : સુરેશભાઈ કેસરાભાઈ લીબાણી
તલાટી : નવિનભાઈ દેસાઈ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા....
દનણા ગ્રા.પં. (તા.નખત્રાણા)
સરપંચ : આશાબા મહિપતસિંહજી સોઢા
તલાટી : અર્ચનાબેન ગુસાઈ

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા....
અંગીયા મોટા ગ્રા.પં.
ગોપાલભાઈ ગરવા
સરપંચ
ઈકબાલભાઈ ઘાંચી
ઉપસરપંચ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
બાંડીયા ગ્રા.પં. (તા.નખત્રાણા)
: સરપંચ :
કાનજી ધનજી ગંઢેર
: ઉપસરપંચ :
તૌસિફ આદિલ સોઢા
: તલાટીશ્રી :
: કૃણાલભાઈ પટેલ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
ભીટારા ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : ખેરાજભાઈ ગાભા મહેશ્વરી
તલાટી : જ્યોતિબેન કુંવટ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
બિબ્બર ગ્રામ પંચાયત
તા.નખત્રાણા
સરપંચ : કંકુબા મહેન્દ્રસિંહ જાડેજા
તલાટી : ચૌધરી કિંજલબેન એમ.

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૨૯-૦૫-૨૦૨૬

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે કમલમ ખાતે પ્રદેશ સાથે બેઠક યોજી હતી

ગાંધીનગરઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે આજે ભાજપા પ્રદેશ કાર્યાલય કમલમ ગાંધીનગરની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી સહિત પ્રદેશ મહામંત્રીઓ અનિરૂદ્ધભાઈ દવે, ડૉ. પ્રશાંતભાઈ કોરાટ, અજયભાઈ બ્રહ્મભટ્ટ, હિતેન્દ્રસિંહ ચૌહાણ અને વડીલ મુરબ્બી સુરેદ્રકાકા



ઉપસ્થિત રહ્યાં હતાં.

સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ પદાધિકારીઓ સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ સાહેબ યોજેલી શુભેચ્છા મુલાકાત દરમિયાન આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરીને માર્ગદર્શન આપ્યું હોવાનું જાણવા મળે છે.

# મમતા બેનર્જીના ભાઈ મુશ્કેલીમાંઃ એક જ નેતા પાસે ૪ મહત્વના હોદ્દા, બંગાળ ઓલિમ્પિક એસોસિએશને માંગ્યું રાજીનામું!

(એજન્સી દ્વારા)

કોલકતા : પશ્ચિમ બંગાળના રાજકારણ અને રમતગમત જગતમાંથી એક ખૂબ જ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભાઈ અને રાજ્યની સ્પોર્ટ્સ કમિટીના જાણીતા ચહેરા સ્વપન બેનર્જી ગંભીર નિયમોના ઉલ્લંઘન બદલ ખરાબ રીતે ઘેરાઈ ગયા છે. બંગાળ ઓલિમ્પિક એસોસિએશને રમતગમતના નિયમોને નેવે મૂકીને એકસાથે અનેક સંગઠનોમાં સર્વોચ્ચ હોદ્દા પર બેસવા બદલ સ્વપન બેનર્જીને એક સખત નોટિસ પાઠવી છે. આ નોટિસમાં વહીવટીતંત્ર દ્વારા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ નિયમોની વિરુદ્ધ જઈને આટલી બધી સંસ્થાઓના વડા રહી શકે નહીં, જેથી તેમણે વહેલી તકે કોઈ એક સંસ્થાની પસંદગી કરીને બાકીના તમામ પદો પરથી રાજીનામું આપવું પડશે.

મળતી માહિતી મુજબ, બંગાળ ઓલિમ્પિક એસોસિએશને આ આકરો નિર્ણય લઈને ૮ May ના રોજ એક સત્તાવાર પત્ર જાહેર કર્યો છે. આ પત્ર સીધો સ્વપન બેનર્જીને મોકલવામાં આવ્યો છે, જેઓ પોતે BOA ના એક્ઝિક્યુટિવ કમિટીના મેમ્બર પણ છે. રમતગમતના પ્રોટોકોલને જાળવવા માટે આ મહત્વપૂર્ણ નોટિસ પર BOA ના માનદ જનરલ સેક્રેટરી ઝહર દાસ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ વિવાદ પાછળનું મુખ્ય કારણ સ્વપન બેનર્જીનો એકચક્રી પ્રભાવ છે. તેઓ રમતગમતના નિયમોનું ઉલ્લંઘન કરીને એકસાથે ૪ અલગ-અલગ અને પ્રતિષ્ઠિત સ્પોર્ટ્સ એસોસિએશનના પદો સંભાળી રહ્યા છે.

# ઇંધણ અને નાણાકીય બચત માટે શિક્ષણ વિભાગનો કડક નિર્ણય

**સરકારી પ્રવાસો પર પ્રતિબંધ સાથે તમામ બેઠકો હવે ઓનલાઈન : બિનજરૂરી ખર્ચ ઘટાડવા તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે ૧૧ મુદ્દાની માર્ગદર્શિકા જાહેર, નવા વાહનોમાં ઈલેક્ટ્રિક વાહનોને અપાશે પ્રાધાન્ય**

ગાંધીનગર : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં ઇંધણ અને નાણાકીય સંસાધનોની બચત કરવાના હેતુથી એક અત્યંત મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આદેશ અનુસાર, હવે રાજ્યની તમામ વડી કચેરીઓ, યુનિવર્સિટીઓ, કોલેજો, સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓ અને જિલ્લા કક્ષાની તમામ શિક્ષણ કચેરીઓએ ચુસ્ત આર્થિક શિસ્તનું પાલન કરવાનું રહેશે. વૈશ્વિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને લેવાયેલા આ નિર્ણય હેઠળ અધિકારીઓ અને કર્મચારીઓના પ્રવાસો પર લગામ કસવામાં આવી છે અને વહીવટી કામગીરીમાં ઓનલાઈન માધ્યમોના મહત્તમ ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે. નવા નિર્દેશો મુજબ, હવે તમામ પ્રકારની વહીવટી અને શૈક્ષણિક બેઠકો વીડિયો કોન્ફરન્સિંગ અથવા ઓનલાઈન માધ્યમથી જ યોજવાની રહેશે. અધિકારીઓના વિદેશ પ્રવાસ તેમજ અન્ય રાજ્યોમાં યોજાતા સેમિનારોમાં રૂબરૂ હાજરી આપવા પર કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો અત્યંત અનિવાર્ય સંજોગોમાં પ્રવાસ કરવો પડે, તો સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત રહેશે. એટલું જ નહીં, જિલ્લા બહારના બિનજરૂરી પ્રવાસો પણ ટાળવા સૂચના આપવામાં આવી છે. સરકારી વાહનોના વપરાશમાં કરકસર કરવા માટે વિભાગે આદેશ કર્યો છે કે જે કચેરીઓ પાસે એકથી વધુ વાહનો છે, તેમણે વધારાના વાહનો તાત્કાલિક અસરથી સરકારી વ્હીકલ પૂલમાં જમા કરાવવાના રહેશે. ભવિષ્યમાં વાહનોની ખરીદી માટે માત્ર ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનોને જ પ્રાધાન્ય અપાશે. આ ઉપરાંત, કર્મચારીઓને કાર પૂલિંગ અથવા જાહેર પરિવહનનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. રસોઈ અને લેબોરેટરીના ઉપયોગ માટે તમામ સંસ્થાઓએ એલપીજીના બદલે પીએનજી કનેક્શન મેળવવાના પ્રયાસો છ મહિનાની અંદર પૂર્ણ કરવાના રહેશે.

ખરીદી પ્રક્રિયામાં પણ આર્થિક શિસ્ત જાળવવા માટે સ્થાનિક અને એમએસએમઈ ઉત્પાદનોને પ્રાધાન્ય આપવાની સૂચના અપાઈ છે. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોજાતા વાર્ષિક ઉત્સવો અને કાર્યક્રમોમાં થતા ભપકાને દૂર કરી સાદગીપૂર્ણ આયોજન કરવા તાકીદ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગે આ તમામ સૂચનાઓના અમલીકરણ પર દેખરેખ રાખવા માટે માસિક અહેવાલ મંગાવ્યો છે. દરેક કચેરીએ પેટ્રોલ, ડીઝલ અને વીજળીની બચત અંગેનો વિગતવાર પ્રોગ્રેસ રિપોર્ટ દર મહિનાની ૫ તારીખ સુધીમાં વિભાગને સુપરત કરવાનો રહેશે, જેનાથી નાણાકીય શિસ્તનું કડક પાલન સુનિશ્ચિત થઈ શકે.

# કેનેડામાં ખાલિસ્તાનીઓએ ભારતીય રાજદૂતના કાફલાને રોકી તિરંગો ફાડ્યો, પોલીસ મૂક પ્રેક્ષક બની તમાશો જોતી રહ

નવી દીલ્હી :કેનેડામાં ખાલિસ્તાની ઉગ્રવાદીઓની ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં ઘટાડો થવાના કોઈ સંકેત દેખાતા નથી. તાજેતરની ઘટના બ્રેમ્પટનમાં બની હતી, જ્યાં આતંકવાદી ખાલિસ્તાની સમર્થકોએ ભારતીય રાજદ્વારી દિનેશ પટનાયકના કાફલાને નિશાન બનાવ્યો હતો. સ્પષ્ટ ગુંડાગીરી દર્શાવતા, તોફાનીઓએ કાફલાનો રસ્તો રોકી દીધો હતો એટલું જ નહીં પરંતુ ત્યાં હાજર કેનેડિયન પોલીસની સામે ભારતીય રાષ્ટ્રધ્વજ (ત્રિરંગો) પણ ફાડી નાખ્યો હતો.આ ઘટના ૨૬ મે, ૨૦૨૬ના રોજ બ્રેમ્પટનમાં પિયર્સન કન્વેન્શન સેન્ટરની બહાર બની હતી. વીડિયો ફૂટેજમાં સ્પષ્ટપણે દેખાય છે કે કાર્યકરો કાળા એસયુવીમાં ખાલિસ્તાન રેફરન્ડમ ધ્વજ અને બેનરો લઈને ભારતીય રાજદૂતના કાફલા પાસે આવી રહ્યા હતા. નારા લગાવતા પ્રદર્શનકારીઓએ વાહનોને ઘેરી લેવાનો અને તેમને આગળ વધતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.આ મોટી સુરક્ષા ખામી વચ્ચે, સૌથી શરમજનક દ્રશ્ય ત્યારે બન્યું જ્યારે ખાલિસ્તાન તરફી જૂથના કાર્યકરોએ જાહેરમાં ભારતીય ત્રિરંગો ફાડી નાખ્યો હતો. ભારતીય ધ્વજનો એક ટુકડો પણ રસ્તાની બાજુમાં ત્યજી દેવાયેલો જોવા મળ્યો હતો. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ ભારત અને કેનેડા વચ્ચે વેપાર વાટાઘાટો માટે કેનેડાની મુલાકાતે છે.

# મરાઠા નેતા મનોજ જરાંગે આવતી કાલથી તડકામાં બેસીને ભૂખહડતાળ કરશે, કોઈ તંબુ નહીં અને કોઈ છાપરું નહીં

મુંબઈ : મરાઠા અનામત માટે આંદોલન ચલાવી રહેલા મરાઠા નેતા મનોજ જરાંગેએ ગુરુવારે જણાવ્યું હતું કે જો મને અનિશ્ચિત ભૂખહડતાળ દરમ્યાન સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ થાય તો મહારાષ્ટ્ર સરકાર જવાબદાર રહેશે. તેમણે ૩૦ મેએ ઉનાળાના તડકામાં બેસીને અનશન શરૂ કરવાની જાહેરાત કરી હતી. મનોજ જરાંગેએ અગાઉ કહ્યું હતું કે તેમના સમુદાય માટે કરેલી માગણીઓ પૂરી ન થતાં તે ઉપવાસ શરૂ કરશે. મહારાષ્ટ્ર સરકારને તેમણે મરાઠવાડામાં કુણબી જાતિ પ્રમાણપત્રો ડિસ્ટ્રિબ્યુટ કરવા માટે ૨૯ મેની સમયમર્યાદા આપી હતી.

મનોજ જરાંગેએ કહ્યું હતું કે 'મેં ચર્ચા માટે પહેલેથી જ પૂરતો સમય આપ્યો હતો. હવે કડક વલણ અપનાવવાનો સમય આવી ગયો છે. જો હું ગરમીને કારણે મરી જઈશ તો મુખ્ય પ્રધાન અને સરકાર જવાબદાર રહેશે. અંતરવાલી સરાટી ગામનું આ આંદોલન દેશમાં જોવા મળતા કોઈ પણ વિરોધ-પ્રદર્શનથી અલગ હશે. આ વખતે હું કોઈ આશ્રય નીચે બેસવાનો નથી. ત્યાં કોઈ તંબુ નહીં હોય, કોઈ છાંયો નહીં હોય.

# સ્વગણતરી ઝુંબેશને સારો પ્રતિસાદ, ૨.૩૬ લાખથી વધુ સહભાગી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : દેશભરમાં ચાલી રહેલી વસતિ ગણતરી-૨૦૨૭ અંતર્ગત ગુજરાતમાં ૧૭મી, મે-૨૦૨૬થી શરૂ થયેલી સ્વ-ગણતરી ઝુંબેશને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ગુજરાતમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી, રાજ્યમંત્રી મંડળના સભ્યો, મુખ્ય સચિવ સહિત વરિષ્ઠ સચિવો, જિલ્લા કલેક્ટરો, મહાનગરપાલિકા કમિશનરોઓ અને જાગૃત નાગરિકોએ સ્વ-ગણતરી અંતર્ગત ફોર્મ ભરીને અન્યને સ્વ-ગણતરી માટે પ્રેરણા આપી છે. આ સ્વ-ગણતરી અભિયાનમાં નાગરિકોની સાથે સાથે વધુમાં વધુ કર્મયોગીઓ પણ સહભાગી થાય તે માટે રાજ્યમાં ૨૯મી, મેના રોજ આરોગ્ય અને શિક્ષણ વિભાગ તેમજ ૩૦મી, મે-૨૦૨૬ના રોજ પોલીસ વિભાગ અંતર્ગત આવતા રાજ્યભરના તમામ કર્મયોગીઓ સ્વ-ગણતરી ફોર્મ ભરશે. વર્ષ ૨૦૨૭ની વસતિ ગણતરીમાં પ્રથમ વખત શરૂ કરાયેલી સ્વ-ગણતરી પદ્ધતિથી ઓનલાઈન પોર્ટલ અને મોબાઈલથી માહિતી આપી શકાશે. માત્ર નિશ્ચિત ક્યુઆર કોડ દ્વારા પોતાની સ્વ-ગણતરીનું ફોર્મ ભરી શકાય છે.

વસતિ ગણતરી નિયામક સુજલ મયાત્રાએ કહ્યું હતું કે, આ જનગણનાની કામગીરી મુખ્યત્વે બે તબક્કામાં વહેંચવામાં આવી છે. પ્રથમ તબક્કામાં 'ઘરયાદી અને મકાનોની ગણતરી' ગુજરાતમાં ૧લી, જૂનથી ૩૦મી, જૂન દરમિયાન હાથ ધરવામાં આવશે. આ તબક્કા દરમિયાન આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીનો સ્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય અસ્કયામતો સહિત કુલ ૩૩ પ્રશ્નો પૂછવામાં આવશે. બીજા તબક્કામાં 'વસતિની ગણતરી' ૯મી, ફેબ્રુઆરીથી ૨૮મી, ફેબ્રુઆરી-૨૦૨૭ દરમિયાન કરવામાં આવશે. આ બીજા તબક્કા દરમિયાન જ જાતિ ગણતરીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે.

જનગણના અધિનિયમ, ૧૯૪૮ અને જનગણના નિયમો, ૧૯૯૦ની જોગવાઈ હેઠળ એકત્રિત કરાયેલી તમામ વ્યક્તિગત માહિતી ગુપ્ત રાખવામાં આવશે. તેનો ઉપયોગ કાનૂની અથવા કરવેરાના હેતુઓ માટે કરી નહીં શકાય. દરેક વ્યક્તિ સાચી અને સંપૂર્ણ માહિતી આપવા માટે કાયદેસર રીતે બંધાયેલ છે.

# ઈરાનને લઈને અમેરિકાનુ વિશ્વના દેશોને મોટું ફરમાન, ઈરાનને કોઈ દેશ મદદ કરશે તો પ્રતિબંધ...

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકાએ ઈરાન સામે આર્થિક દબાણ વધારતા હવે ઈરાની એરલાઈન્સ પર અત્યાર સુધીના સૌથી કડક પ્રતિબંધો જાહેર કર્યા છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટના નિવેદન બાદ વિશ્વભરમાં ઈરાનની સરકારી એરલાઈન્સ માટે સ્થિતિ વધુ મુશ્કેલ બની છે. વાસ્તવમાં નવા નિયમો મુજબ હવે કોઈપણ દેશ ઈરાની વિમાનોને લેન્ડિંગ, રિફ્યુઅલિંગ અથવા અન્ય પ્રકારની સહાય આપશે તો તેને પણ અમેરિકી પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે.અમેરિકાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, ઈરાની એરલાઈન્સને હવે વિદેશી જમીન પર કામગીરી માટે કોઈ છૂટછાટ આપવામાં આવશે નહીં. ટિકિટ વેચાણથી લઈને એરપોર્ટ સુવિધાઓ સુધીના તમામ વ્યવહારો પર કડક નજર રાખવામાં આવશે. અમેરિકાનું માનવું છે કે, આ આર્થિક નાકાબંધી દ્વારા ઈરાન પર દબાણ વધશે અને તેની આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓ પર સીધી અસર પડશે.જોકે આ કડક નિર્ણય વચ્ચે અમેરિકાએ માનવતાવાદી અને ધાર્મિક પ્રવૃત્તિઓને રાહત આપી છે. મક્કા અને મદીનાની હજ યાત્રા માટે જતા ઈરાની યાત્રાળુઓને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવી છે. સાથે જ દવાઓ, રાહત સામગ્રી અને માનવતાવાદી સહાય સંબંધિત ફ્લાઈટ્સને પણ આ નિયમોથી બહાર રાખવામાં આવી છે. અમેરિકાએ જણાવ્યું છે કે સામાન્ય નાગરિકોને અનાવશ્યક મુશ્કેલી ન પડે તે માટે આ પ્રકારની વિશેષ છૂટ આપવામાં આવી રહી છે.

# ટીસીએસ કાંડમાં SITએ વધુ ૮ કેસોમાં ચાર્જશીટ દાખલ

મુંબઈ :મહારાષ્ટ્રના નાસિકમાં ટીસીએસ કંપનીની મહિલા કર્મચારીઓના કથિત જાતીય સતામણી, છેડતી અને ધર્માંતરણના પ્રયાસના કેસોમાં પોલીસ તપાસ વધુ તીવ્ર બની છે. તાજેતરમાં, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ એ નોંધપાત્ર કાર્યવાહી કરી ચાર આરોપીઓ સામે કોર્ટમાં ૧,૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. નાસિક પોલીસે ગઈકાલે જાહેરાત કરી કે આ મામલાને લગતા આઠ વધારાના કેસોમાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.નાસિક પોલીસ કમિશનરેટ દ્વારા જારી કરાયેલી પ્રેસ નોટ અનુસાર, મુંબઈ નાકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આઠ અલગ-અલગ એફઆઈઆરની તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

# ગુજરાત બાર કાઉન્સિલમાં વહીવટી ડેડલોક તૂટ્યો : હાઇપાવર કમિટીની રચના

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાત સહિત દેશની વિવિધ સ્ટેટ બાર કાઉન્સીલોમાં બે મહિલા વકીલોની કો-ઓપ્શનથી નિમણૂકનો વિવાદ સુપ્રીમ કોર્ટમાં નિર્ણિત ન થાય ત્યાં સુધી વહીવટી ગતિરોધ તોડવા માટે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. મ્ઝૈંએ ચૂંટાયેલા સભ્યોના નામો ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા અને નવી બોડીને રૂટિન કામગીરી સંભાળી લેવાની લીલીઝંડી આપતાં જ, આજે ગુજરાત બાર કાઉન્સીલના સુચારુ વહીવટ માટે હાઈપાવર કમિટીની રચના કરવામાં આવી છે. કાઉન્સીલના પૂર્વ ચેરમેન અને ચૂંટાયેલા સભ્ય જે.જે. પટેલ સહિત ત્રણ સભ્યોના વડપણ હેઠળ આ કમિટીની રચના કરાતાં છેલ્લા પાંચ મહિનાથી ઠપ્પ થયેલી કામગીરી ફરી ધમધમતી થશે. ઉલ્લેખનીય છે કે, માત્ર બે મહિલા વકીલોની કો-ઓપ્ટથી નિમણૂક કરવાની પ્રક્રિયા કાનૂની ગૂંચમાં અટવાવાને કારણે ગુજરાત બાર કાઉન્સીલની નવી બોડીની સત્તાવાર રચના થઈ શકી નહોતી. જૂની બોડીની મુદત પૂરી થયાને પાંચ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં નવી બોડી અસ્તિત્વમાં ન આવતાં સેંકડો વહીવટી અને નીતિવિષયક કામોનો ભરાવો થઈ ગયો હતો.

બાર કાઉન્સીલના ઈતિહાસમાં પહેલીવાર આ પ્રકારે પાંચ મહિના સુધી વહીવટી પ્રક્રિયા સંપૂર્ણ ખોરવાઈ જતાં વકીલઆલમમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો હતો. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખી આખરે BCIએ વ્યવહારુ અભિગમ અપનાવીને રૂટિન કામકાજ શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. આ હાઈપાવર કમિટી અસ્તિત્વમાં આવતાં જ હવે નવા કાયદાના સ્નાતકો માટે એનરોલમેન્ટ (નોંધણી) અને સનદ મેળવવાની અટકેલી પ્રક્રિયા ઝડપથી શરૂ થશે.

# લેબનોન પર ઇઝરાયેલની ભીષણ એરસ્ટ્રાઇક : ૧૬નાં મોત, અનેક ઘાયલ

(એજન્સી દ્વારા)

બૈરૂતઃ ઈઝરાયેલે ગુરુવારે લેબનોનના ચોથા નંબરના સૌથી મોટા શહેર પર કરેલા હુમલામાં ૧૬ના મોત થયા છે. ઈઝરાયેલે હીઝબુલ્લાહ સામેની કાર્યવાહી હવે લિતાની નદીથી પણ આગળ વધારી છે. માર્યા ગયેલાઓમાં પાંચ મહિલા અને બાળકો અને લેબનીઝ સૈનિક છે. આ સિવાય ડઝનેક લોકોને ઈજા થઈ છે, એમ લેબનીઝ આરોગ્ય મંત્રાલય અને સરકારી ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું. ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ જાહેરાત કરી છે કે લેબનોનમાં ઈઝરાયેલના લશ્કરી આક્રમણનો વ્યાપ વધારવામાં આવશે તેના પછી હુમલાનું પ્રમાણ અને તેની તીવ્રતામાં વધારો થયો છે. હીઝબુલ્લાહે પણ લેબનોનમાં ઘૂસેલા ઈઝરાયેલના લશ્કરી દળો પર ફાઈબર ઓપ્ટિક ડ્રોનના હુમલા કર્યા છે અમેરિકાની રાજધાનીમાં લેબનીઝ અને ઈઝરાયેલી લશ્કરી અધિકારીઓ તેમની પ્રથમ સુરક્ષા મંત્રણાનું શુક્રવારે આયોજન કરવાના છે ત્યારે આ હુમલા થયા છે. ગુરુવારે આ હુમલા શરૂ થયા તે પૂર્વે ઈઝરાયેલી લશ્કનરા અરેબિક પ્રવક્તાએ દરિયાકિનારાના શહેર ટાયરમાં આવેલા આઠ બિલ્ડિંગમાં વસતા અને તેની આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને ખાલી કરીને જવાની ચેતવણી આપી હતી. તેના પગલે ઘણા લોકોએ વિસ્તાર છોડી દીધો હતો.

# સિંગતેલથી લઈને પામ ઓઈલ સુધી... બમણી થઈ ખાદ્ય તેલની કિંમતો, યુદ્ધની અસર !

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સીધી અસર હવે ભારતીય નાગરિકોના ઘર બજેટ પર જોવા મળી રહી છે. વૈશ્વિક તણાવ અને સપ્લાય ચેઈનને પહોંચેલા નુકસાનના કારણે ભારતમાં મોંઘવારી વધી રહી છે. ઈંધણના વધતા ભાવોથી પરેશાન પરિવારો માટે હવે કરિયાણાની વસ્તુઓ, ખાસ કરીને ખાદ્ય તેલના ભાવ ચિંતાનો વિષય બન્યા છે. છેલ્લા ૪ મહિનામાં રિફાઈન્ડ ખાદ્ય તેલનો મોંઘવારી દર બમણાથી પણ વધુ થઈ ગયો છે.

ખાદ્ય તેલના ભાવ વધારાની અસર માત્ર રસોડાના તેલના ડબ્બા સુધી સીમિત નથી રહેતી. તેલનો ઉપયોગ અસંખ્ય પેકેજ્ડ ફૂડમાં થતો હોવાથી કરિયાણાનું આખું બિલ વધી રહ્યું છે. બિસ્કિટ, નમકીન, ફ્રોઝન ફૂડ, ઈન્સ્ટન્ટ મીલ અને બેકરી પ્રોડક્ટ્સ જેવી લક્ઝરી વસ્તુઓ પણ મોંઘી થઈ રહી છે. ઉત્પાદકો કાચા માલનો વધતો ખર્ચ હવે ધીમે-ધીમે ગ્રાહકો પર નાખી રહ્યા છે, જેના કારણે સામાન્ય માણસનો દૈનિક ખર્ચ સતત વધી રહ્યો છે.

# સુમરાસર શેખમાં એસટી હડફેટે વૃદ્ધનું મોત

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના લોરિયાથી સુમરાસર (શેખ) જતા રોડ પર અમીબાગ પાટીયા પાસે સુમરાસર શેખ પાસે અકસ્માતનો બનાવ બન્યો હતો. એસટી બસ નં.જીજે૧૮ - ઝેડ - ૫૦૭૮ ના ચાલકે પોતાની બસ પુર ઝડપે ચલાવી બાઈક નં.જીજે૧૨ - સીક્યુ - ૯૭૪૫ ટક્કર મારતા તેના પર સવાર સુમરાસર શેખના ૬૮ વર્ષિય ધના જીવા ચાડને ઈજાઓ થતા મોત થયું હતું. બનાવ અંગે તેમના દીકરા પ્રવીણ ધના ચાડે એસટીના ચાલક વિરૂદ્ધ માધાપર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

# ગુજરાત યુનિવર્સિટીની મોટી પહેલઃ અમદાવાદમાં શરૂ થશે દેશનું પ્રથમ આર્કિયોલોજી અને હોટલ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ!

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષના બજેટ પહેલા સરકારને અમદાવાદમાં હેરિટેજ એન્ડ હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ આર્કિયોલોજી ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરવાની મંજૂરી માંગતી દરખાસ્ત કરવામાં આવી હતી. જેને સરકારે સ્વીકારતા યુનિ.ને આ સંસ્થા સ્થાપવા મંજૂરી આપી છે અને આ સંસ્થા માટેના કુલ ૩૬.૨૧ કરોડના પ્રોજેક્ટ ખર્ચ સામે હાલ ૧૦.૮૬ કરોડની ગ્રાન્ટ ફાળવણી કરવા ઠરાવ કર્યો છે. આ ઈન્સ્ટિટ્યૂટ દેશની પ્રથમ આ પ્રકારની સંસ્થા હશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા અમદાવાદમાં પ્રથમ સરકારી ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોસ્પિટાલિટી, હેરિટેજ મેનેજમેન્ટ, આર્કિયોલોજી એન્ડ લાઈફ લોન્ગ લર્નિંગ શરૂ કરાશે. આ ઈન્સ્ટિટ્યૂટ યુનિ.દ્વારા અંધજન મંડળ પાસેની પોતાની જગ્યા (મેદાન) ખાતે સ્થાપવામાં આવશે. આ ઈન્સ્ટિટ્યૂટના બાંધકામ સહિતનો કુલ પ્રોજેક્ટ ખર્ચ ૩૬.૨૧ કરોડ રૂપિયા નક્કી કરાયો છે. જેમાંથી સરકારે હાલ ૧૦.૮૬ કરોડની જોગવાઈને શરતોને આધીન ખર્ચ કરવાની વહીવટી મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવી છે.સરકાર દ્વારા આ વહીવટી મંજૂરી માટે કરાયેલા ઠરાવમાં જુદી જુદી શરતો પણ મુકાઈ છે. જે મુજબ યુનિ. એ બાંધકામના નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ અધિકારીની ટેકનિકલ મંજૂરી મેળવવાની રહેશે. ઉપરાંત બાંધકામ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસે અથવા નિયત સંસ્થા પાસેથી તૈયાર કરાવવાની રહેશે. અન્ય વન-પર્યાવરણ સહિતની તમામ મંજૂરીઓ લેવાની રહેશે. આ સંસ્થા અંગે ગુજરાત યુનિ.ના કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે હાલ દેશમાં આ પ્રકારની કોઈ પણ સરકારી કે ખાનગી સંસ્થા નથી.

## પહેલા પાનાથી...

### નાપાક તત્વોને

કરી નાપાક તત્વોને કડક સંદેશ પાઠવ્યો હતો. કચ્છના અતિ સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં ગૃહમંત્રીની મુલાકાતને લઈને સુરક્ષા એજન્સીઓમાં પણ વિશેષ સતર્કતા જોવા મળી હતી. મુલાકાત દરમિયાન શ્રી અમિત શાહે જી-૭ બીએસએફની વિવિધ ચોકીઓનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત આધુનિક ટેકનોલોજીથી સજ્જ ઓપી ટાવર-૧૧૭૦ કંટ્રોલ રૂમનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સરહદ પર સુરક્ષા વ્યવસ્થાઓને વધુ મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ હોવાનું ગૃહમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું.શ્રી શાહે બીએસએફના જવાનો સાથે સીધો સંવાદ કરી તેમની કામગીરી, પડકારો અને સરહદ પરની પરિસ્થિતિ અંગે માહિતી મેળવી હતી. દેશની સુરક્ષા માટે સતત જાગૃત રહી ફરજ બજાવતા જવાનોની કામગીરીની તેમણે પ્રશંસા કરી હતી.

આ દરમિયાન ગૃહમંત્રી હરામીનાળા વિસ્તારની પણ મુલાકાતે ગયા હતા અને ત્યાંની સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. સરહદ વિસ્તારમાં ચાલતી દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થાઓને વધુ સશક્ત બનાવવા માટે જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. મુલાકાતના અંતે શ્રી અમિત શાહે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપ્યો હતો. ગૃહમંત્રીની આ મુલાકાતને કારણે સમગ્ર કચ્છમાં સુરક્ષા એજન્સીઓ વધુ સક્રિય બની હતી અને સરહદ સુરક્ષાને લઈને કેન્દ્ર સરકારની ગંભીરતા સ્પષ્ટ જોવા મળી હતી.

# આંધી - તોફાનના સંકેત : ૨૫૦૦ કીમી વિસ્તારમાં ફેલાયા વિરાટ વાદળો

નવી દિલ્હી : દેશના વિવિધ રાજ્યોમાં હવામાન પલ્ટા 'હવે વરસાદ-આંધી-તોફાન'ની આગાહી કરવામાં આવી છે ત્યારે ૨૫૦૦ કિ.મી.માં ફેલાયેલો વાદળોનો વિરાટ સમુહ ભારત તરફ ધસી રહ્યો છે. ઉડીએસ ઉપગ્રહ મારફત વાદળોના સમુહની તસ્વીર કેમેરામાં કેદ કરવામાં આવી છે. હવામાન વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે આ તસ્વીર ભારતમાં વરસાદ લાવતી સિસ્ટમ સક્રિય થઈ રહયાના સંકેતરૂપ છે.

વાદળોનો આ સમૂહ ઉત્તર ભારતમાં ૨૦૦૦ થી ૨૫૦૦ કિમીથી પણ વધુ ક્ષેત્રમાં ફેલાયેલો છે. હવામાન વિભાગે આ તસ્વીરો જાહેર કરી છે તેમાં ઉત્તર અને મધ્ય ભારતમાં વિરાટ વાદળો ફેલાયેલા હોવાનું માલુમ પડે છે.

વાદળોનો આ સમૂહ આવતા દિવસોમાં તોફાની માહોલમાં સંકેત આપે છે ઉપરાંત ભીષણ ગરમીમાંથી રાહત મળવાની પણ આશા જન્માવે છે.વાદળોનો આ વિરાટ સમુહ પાકિસ્તાન તથા ઉત્તર-પશ્ચિમી ભારતથી માંડીને પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ તથા મધ્ય ભારતના કેટલાંક ભાગોમાં ફેલાયેલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા વિક એન્ડથી વાતાવરણ પલ્ટા થવાની આગાહી કરી જ છે.ગુજરાત સહિત ડઝનથી વધુ રાજ્યોમાં તોફાની વાતાવરણ સર્જાઇ શકે છે. બીજી તરફ નૈઋત્ય ચોમાસુ પણ ભારતમાં પ્રવેશવાના આરે છે.

# ભારત-શ્રીલંકા વચ્ચે હિન્દ મહાસાગરમાં ૫૭ હજાર વર્ષ પહેલાં પણ રામસેતુ હતો

નવી દિલ્હીઃ ભારત-શ્રીલંકાના દરિયામાં રામસેતુ આવેલો છે એને તો કેટલાય વર્ષોથી વૈજ્ઞાનિક સમર્થન મળી ચૂક્યંસ છે. હવે ડીએનએના આધારે માનવ અસ્તિત્વના જે પુરાવા એકઠા થયા છે એમાં પણ રામસેતુના અસ્તિત્વનો સ્વીકાર થયો છે. એટલું જ નહીં, રામસેતુ છેક ૫૭ હજાર વર્ષ પહેલાં પણ હતો એવું તારણ રજૂ થયું છે. ભારતની બનારસ હિન્દુ યુનિવર્સિટી અને કોલંબો યુનિવર્સિટી સહિત પાંચ સંસ્થાના સંશોધકોનું આ તારણ ચર્ચાસ્પદ બન્યું છે. બનારસ હિન્દુ યુનિવર્સિટી અને કોલંબો યુનિવર્સિટી આ સંશોધનમાં મુખ્ય ભૂમિકામાં છે. આ બંને સહિત વિશ્વની પાંચ મહત્ત્વની યુનિવર્સિટીના ૧૬ સંશોધકોએ જેનેટિક્સ સંશોધન કર્યું હતું. એ અહેવાલ આંતરરાષ્ટ્રીય રિસર્ચ જર્નલ પ્લોસ વનમાં પ્રસિદ્ધ થયો છે. અહેવાલ પ્રમાણે જ્યારે માણસોનો સમૂહ આફ્રિકાથી આખી દુનિયામાં ફેલાઈ રહ્યો હતો તે પહેલાં એક જૂથ શ્રીલંકા પહોંચ્યું હતું. ભારતમાંથી હિન્દ મહાસાગરમાં આવેલા ઢાંચાની મદદથી આ જૂથ શ્રીલંકામાં પહોંચ્યું હતું. એ ઢાંચાને આપણે રામસેતુ કહીએ છીએ.૧૩૯ જીનોમ સિક્વન્સિસના અભ્યાસમાં જણાયું કે શ્રીલંકામાં લોકો કેવી રીતે પ્રવેશ્યા. એના ચાર તબક્કા મળી આવ્યાં. ૫૭ હજાર વર્ષ પૂર્વે માણસો શ્રીલંકા પહોંચ્યા હતા અને તે માટે ભારતથી રામસેતુનો સહારો લીધો હતો. તે પછી ૪૦ હજાર વર્ષ પૂર્વેના ગુફામાંથી પુરાવા મળ્યા છે. સંશોધકોએ દક્ષિણ ભારતના લોકો અને શ્રીલંકન લોકોના ડીએનએમાં પણ ઘણું સામ્ય શોધી કાઢ્યું. આ સંશોધનથી માનવ ઈતિહાસમાં નવા પ્રકરણો ખુલશે.લાંબાં સમયથી એ ચર્ચાનો વિષય રહ્યો છે કે આફ્રિકાથી નીકળેલા માણસો આખી દુનિયામાં ફેલાયા કેવી રીતે? તેનો માર્ગ ક્યો હતો? છેક ઓસ્ટ્રેલિયા અને ઓશિનિયા સુધી માણસ કેવી રીતે પહોંચ્યો? સંશોધનમાં જણાયું કે તેમનો એક રસ્તો જમીની હતો અને બીજો રસ્તો હતો દરિયાકાંઠો. શ્રીલંકામાં ડીએનએનો અભ્યાસ દરિયાકાંઠાના રસ્તાની થિયરીને સમર્થન આપે છે. સંશોધનમાં ખૂબ મહત્ત્વપૂર્ણ તારણ કાઢવામાં આવ્યું કે સાત હજાર વર્ષ પહેલાં ખેતી, પશુપાલન અને વેપારની પદ્ધતિ વિકસી ચૂકી હતી અને તે વખતે ભારત-શ્રીલંકા વચ્ચે વેપાર થતો હતો. રસપ્રદ બાબત એ પણ છે કે રામનો સમયગાળો સાડા સાત હજારથી ૧૦ હજાર વર્ષ પૂર્વેનો હોય એવું કહેવામાં આવે છે.

# તાલાલા ગીરથી આવકમાં ઘટાડો થતા કેસર કેરીના ભાવ ઉંચા રહ્યા

(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર : કેસર કેરીની સીઝનના પ્રારંભે ભાવનગર શહેરમાં તાલાલા ગીરથી નીયમીતપણે ૪૦ થી ૫૦ પીકઅપ વાન ભરીને કેસર કેરીનો જથ્થો આવતો હતો. જેમાં પેટ્રોલ અને ડિઝલની અછત અને ભાવવધારાના કારણે ધરખમ ઘટાડો થતા હાલ ફકત ૧૦ પીકઅપ વાન ભરીને કેસર કેરી આવી રહી છે. જેથી ભાવનગરમાં હાલ કેસર કેરીના ભાવ ઉંચા જણાઈ રહ્યા છે.

એકબાજુ ગીર સોમનાથમાં તાલાલા ગીરની તેમજ અલંગ અને સોસીયા પંથકની કેસર કેરીનો સ્થાનિક લેવલે ભરાવો વધી રહ્યો હોય છેલ્લા બે ત્રણ દિવસથી કેસર કેરીના ભાવમાં નજીવો ઘટાડો થયો છે. દર વર્ષે ગીર સોમનાથના તાલાલા એ.પી.એમ.સી.માંથી ૫૦ થી ૬૦ ટન કરતા વધુ કેસર કેરી વિદેશ મોકલાતી હોય છે.આ વર્ષે યુધ્ધ અને ડીઝલના ભાવવધારાના કારણે આંતર રાષ્ટ્રીય ફલાઈટ કનેકટીવીટી ધીમી પડી જતા ગીર સોમનાથથી એપ્રિલના એન્ડિંગ સુધીમાં માત્ર ૫૦ ટકા થવા પામેલ.તે જ રીતે તળાજાના અલંગ, સોસીયા,મણાર,હાથબ, મીઠી વિરડી, લાખણકા, મથાવડા, ખડસલીયા સહિતના અનેક ગ્રામ્ય વિસ્તારોની કેસર કેરી પણ અન્ય પ્રાંતોમાં તેમજ વિદેશમાં ડિમાન્ડ મુજબ મોકલવામાં આવતી હોય છે.

# રાજકોટને મળી ૨ નવી વોલ્વો બસ, પણ રાજ્યભરમાં રાત્રિની સ્લીપર વોલ્વો બસ સેવા હજુ પણ બંધ!

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : રાજકોટ સહિત રાજ્યભરમાં ઉનાળાની સિઝન દરમિયાન એસટી તંત્રને રાત્રિ દરમિયાન ભરચક્ક ટ્રાફિક મળતો હોવા છતાં સ્લીપર વોલ્વો બસ લાંબા સમયથી ચાલુ કરવામાં આવી નથી. રાજકોટ ડિવિઝનની રાજકોટ-વડોદરાના રૂટ ઉપર અગાઉ રાત્રિ દરમિયાન સ્લીપર વોલ્વો બસ દોડતી હતી. તે પણ બંધ કરવામાં આવ્યા બાદ લાંબા સમયથી ટેન્ડર પ્રક્રિયા ફાઈનલ થઈ નહીં હોવાથી વોલ્વો સ્લીપર બસ ચાલુ થઈ નહીં હોવાનું જાણવા મળે છે.

રાજકોટ એસટી ડિવિઝનમાં મુસાફરોની સુવિધા માટે મોટો વધારો કરવામાં આવ્યો છે. વેકેશનની સિઝનને કારણે મુસાફરોનો ધસારો વધતાં રાજકોટ ડિવિઝન દ્વારા આજથી જ બે નવી વોલ્વો સીટર બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે.

આ બંને આધુનિક બસો રાજકોટ અને વડોદરા વચ્ચે દોડશે, જેનો સમય સવારે ૯:૩૦ કલાકે અને સાંજે ૧૭ કલાકે (૫ વાગ્યે) રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, મુસાફરોની સુવિધા માટે આગામી ટૂંક સમયમાં જ વધુ ૫ નવી વોલ્વો બસો રાજકોટ-વડોદરા અને રાજકોટ-ભુજ રૂટ પર દોડાવવાનું આયોજન પણ પૂર્ણ કરી લેવાયું છે.

# રેલવે વ્યવસ્થા અધૂરી? બુલેટ ટ્રેન તો આવશે, પણ અમદાવાદથી ૧૦થી વધુ રાજ્યોમાં સીધી ટ્રેન નથી!

અમદાવાદ : દેશના પશ્ચિમ ભાગનું સૌથી વ્યસ્ત રેલવે જંક્શન ગણાતા અમદાવાદ જંક્શન પરથી દરરોજ અંદાજે ૩૦૦થી વધુ ટ્રેનોનું સંચાલન થાય છે. દેશના મોટા ભાગના રાજ્યો સાથે સીધી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ હોવાના રેલવે તંત્ર દ્વારા દાવા કરવામાં આવે છે. મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, કોલકાતા, હૈદરાબાદ, બેંગલુરુ, જયપુર, લખનઉ અને પટણા જેવા શહેરો માટે રોજિંદી અથવા નિયમિત ટ્રેન સેવા ઉપલબ્ધ છે. જોકે, 'દેશને એકતાના સૂત્રમાં બાંધતી રેલવે'ના દાવાઓ વચ્ચે આજે પણ અનેક રાજ્યની રાજધાની સુધી અમદાવાદથી સીધી ટ્રેન સેવા ઉપલબ્ધ નથી.

ખાસ કરીને ઉત્તર-પૂર્વ ભારત તરફ જતા મુસાફરોને આજે પણ લાંબી અને મુશ્કેલ મુસાફરીનો સામનો કરવો પડે છે. મિઝોરમની આઈઝોલ, મેઘાલયની શિલોંગ, મણિપુરની ઈમ્ફાલ, નાગાલેન્ડની કોહિમા અને સિક્કિમની ગંગટોક જેવા શહેરોમાં પહોંચવા માટે બેથી ત્રણ ટ્રેન બદલવી પડે છે. કેટલાક સ્થળોએ તો રેલવે સ્ટેશન સુધી પહોંચ્યા બાદમાં રોડમાર્ગે કલાકો સુધીની મુસાફરી કરવાની નોબત આવે છે.અમદાવાદ અને ગુજરાતમાંથી વેપાર, અભ્યાસ, નોકરી અને સૈનિક સેવાના કામે ઉત્તર-પૂર્વ રાજ્યોમાં જતાં લોકોની સંખ્યા સતત વધી રહી છે.

# ઉનાળુ વેકેશનના વધારાના ટ્રાફિકને પહોંચી વળવા ગાંધીધામ-પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેન શરૂ

ગાંધીધામ - કચ્છઉદય : ગરમીની રજાઓમાં મુસાફરોની સુવિધા અને વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા ૩૦ મેથી પ્રયાગરાજ અને ગાંધીધામ વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેન માત્ર ઉનાળુ વેકેશનના ગાળા દરમિયાન જ સંચાલિત થશે. ગાંધીધામથી આ ટ્રેન દર રવિવારે અને બુધવારે સાંજે ૫:૨૦ કલાકે ઉપડીને બીજા દિવસે રાત્રે ૮ કલાકે પ્રયાગરાજ પહોંચશે. વળતી દિશામાં પ્રયાગરાજથી દર મંગળવારે અને શનિવારે સાંજે ૪:૧૫ કલાકે ટ્રેન રવાના થશે, જે બીજા દિવસે બપોરે ૩:૩૦ કલાકે ગાંધીધામ પહોંચશે. કુલ ૧૯ કોચની ક્ષમતા ધરાવતી આ ટ્રેન માત્ર કામચલાઉ ધોરણે ફેરા પૂર્ણ કરવા માટે જ ચલાવવામાં આવશે.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી — જલસેવાનગર ભુજ-કચ્છ
મો. 92656 73265

## માંડવી નગરપાલિકા માંડવી-કચ્છ

**ઓફલાઈન ટેન્ડર નોટિસ**

આથી રસ ધરાવતી એજન્સી/કોન્ટ્રાક્ટર પાસેથી નીચે મુજબની વિગતે ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| કામનું નામ | અંદાજીત રકમ | બાનાની રકમ | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ગણેશનગર સાર્વજનિક ચોકમાં મહેશ્વરી સમાજ વિસ્તારમાં કોમ્યુનિટી હોલ (બીજો પ્રયત્ન) | ૪,૧૮,૬૭૨.૩૦ | ૫૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| માંડવી શહેર મધ્યે કોલી સમાજના સ્મશાનભૂમિની બાજુમાં વિજ્ઞાન કોલેજની પાછળ મસ્કા માંડવી રોડ મધ્યે ઓપન શેડનું કામ (બીજો પ્રયત્ન) | ૪,૦૯,૧૧૫.૦૦ | ૫૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| માંડવી શહેર વોર્ડ નં.૪ આશીર્વાદનગર મધ્યે કોમ્યુનિટી હોલનું કામ (બીજો પ્રયત્ન) | ૪,૧૮,૬૭૨.૩૦ | ૫૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| મોટા સલાયા વિસ્તારમાં આવેલ "હઝરત પીર નેઅમતુલ્લાહશા તથા ફૈઝમહમદશા ઉર્ફ અછાપીરની દરગાહ પાસે વાઘેર ચોક સાર્વજનિક ચોકમાં રેનબસેરા શેડ બનાવવાનું કામ (બીજો પ્રયત્ન) | ૨,૨૪,૯૬૪.૫૨ | ૫૦૦૦.૦૦ | ૬૦૦.૦૦ |

શરતો :-
૧. અત્રેની કચેરીના બાંધકામ વિભાગથી કોરા ટેન્ડર જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭ (રજાના દિવસો સિવાય) સુધી સાંજે ૬:૦૦ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે.
૨. ડોક્યુમેન્ટ સબમીશન ફક્ત આર.પી. એડી/સ્પીડ પોસ્ટથી ચીફ ઓફિસર, માંડવી નગરપાલિકા, માંડવી-કચ્છ. ૩૭૦૪૬૫ને જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ (રજાના દિવસો સિવાય) સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.
૩. ટેન્ડર સ્વીકાર/અસ્વીકાર કરવાની આખરી સત્તા નગરપાલિકા, ચીફ ઓફિસરની રહેશે.

જા.નં.૫૦૩/૨૬-૨૭
તારીખ : ૨૬/૦૫/૨૦૨૬

ચીફ ઓફિસર
માંડવી નગરપાલિકા

(નામાનિ-કચ્છ-૧૭૦-૨૦૨૬-૨૭)

# મુન્દ્રામાં ટાયરના ગોદામમાં લાગેલી ભીષણ આગ બીજા દિવસે પણ યથાવત




**તંત્ર દ્વારા કાબૂ મેળવવાના પ્રયાસો ચાલુ : ૧૫ કિલોમીટર દૂર સુધી દેખાયા કાળા ડિબાંગ ધુમાડા : લાખોના માલસામાનના નુકસાનની આશંકા વચ્ચે તંત્રની દોડધામ**

મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રા શહેરના ધ્રબ સીમ વિસ્તારમાં આવેલા હિન્દ સર્કલ નજીક એક ટાયરના ગોદામમાં ગઈકાલે બપોરે લાગેલી ભીષણ આગે બીજા દિવસે પણ વિકરાળ સ્વરૂપ જાળવી રાખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. મુન્દ્રાના ઈતિહાસમાં સૌથી ભીષણ ગણાતી આ આગને કારણે વાતાવરણમાં ફેલાયેલા કાળા ધુમાડાના ગોટેગોટા ૧૦ થી ૧૫ કિલોમીટર દૂર સુધી આકાશમાં સ્પષ્ટ જોઈ શકાતા હતા. ગઈકાલે સાંજે ચાર વાગ્યાની આસપાસ શરૂ થયેલી આ આગ હજુ પણ પૂર્ણપણે કાબૂમાં આવી નથી, જેને પગલે સ્થાનિકોમાં ગભરાટનો માહોલ જોવા મળી રહ્યો છે. ઘટનાની ગંભીરતાને જોતા અદાણી સહિતની વિવિધ કંપનીઓના ૧૪ જેટલા ફાયરફાઈટર ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ગત રાતથી અત્યાર સુધી સતત પાણીનો મારો ચલાવી આગને ઠારવાના અથાગ પ્રયાસો કરી રહ્યા છે. ગોદામમાં ટાયરોનો વિશાળ જથ્થો સંગ્રહિત હોવાથી આગે અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ગોદામની બાજુમાં જ ખાનગી કન્ટેનર યાર્ડ આવેલું હોવાથી આગ વધુ ન ફેલાય તે માટે તંત્ર દ્વારા કન્ટેનરોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે કરવામાં આવી હતી. સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને મુન્દ્રાના મામલતદાર કલ્પનાબેન ગોંદિયાએ ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા સેવાઈ રહી છે, જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ તપાસનો વિષય છે. સદનસીબે આ ભયાનક ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી, પરંતુ ટાયરનો મોટો જથ્થો બળીને ખાખ થઈ જતા આર્થિક રીતે મોટું નુકસાન થયાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. હાલ ફાયર વિભાગ દ્વારા આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવા માટે સતત જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## કોડાય પુલ પાસે અકસ્માત કરનાર માલ વાહક ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો

ભુજ - કચ્છ ઉદય : માંડવી તાલુકાના કોડાય પુલથી માંડવી જતા નેશનલ હાઈવે પર વાડી વિસ્તાર નજીક ગત ૨૬ તારીખે બપોરે અકસ્માત થયો હતો. ફરિયાદી નાની વિરાણી ગામના અમૃતભાઈ નારાણભાઈ મહેશ્વરીના જણાવ્યા પ્રમાણે આરોપી માલવાહક મહિન્દ્રા જીતો વાહન નં.જીજે૦૩ - બીડબ્લ્યુ - ૨૫૧૨ ના ચાલકે પોતાની ગાડી પૂર ઝડપે ચલાવી ફરિયાદીના સગા ભાઈની સ્પ્લેન્ડર બાઈક નં. જીજે૧૨ - એએ - ૨૯૬૬ સાથે ભટકાવતાં વિરાણીમાં રહેતા ૪૨ વર્ષિય લહેરી નારાણભાઈ મહેશ્વરીનું ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. બનાવ અંગે માલવાહક ગાડીના ચાલક વિરૂદ્ધ કોડાય પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# જિલ્લામાં મોપેડ સ્લીપ થવાની અલગ અલગ ઘટનામાં આઠ લોકો ઘવાયા

ભુજ - કચ્છ ઉદય : જિલ્લામાં વિવિધ સ્થળોએ અકસ્માતના બનાવ સામે આવ્યા હતા. જેમાં ઈજાગ્રસ્તોને સારવાર માટે જી.કે. જનરલમાં દાલખ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલ ચોકીએથી મળેલી માહિતી મુજબ ભુજ તાલુકાના કેરા પાસે ૬૫ વર્ષિય ઉમરભાઈ હારૂનભાઈ હજામ એક્ટિવા લઈને ઘરે જતા હતા ત્યારે રસ્તામાં શ્વાન આડું ઉતરતા એક્ટિવા સ્લીપ થતા ઈજાઓ થઈ હતી. જ્યારે મુન્દ્રાના બેરાજા પાસે રસ્તામાં ભેંસ આડી આવતા બાઈક સ્લીપ થતા ગામના રાજુ ખેંગાર બગડાને ઈજાઓ થતા જી.કે.માં સારવાર માટે લઈ અવાયા હતા. જ્યારે ભુજના સ્ટેશન રોડ પર બાઈક લઈને જતા ફિરોઝ ફકીરમામદ નામના યુવાનની બાઈક સાથે અન્ય વાહન અથડાતા ઈજાઓ થતા જી.કે.માં સારવાર માટે લઈ જવાયો હતો. જ્યારે કેરા - દહીંસરા રોડ પર મોપેડ સ્લીપ થવાની ઘટનામાં દહીંસરાના રમેશ ખેરાજ મહેશ્વરીને ઈજાઓ પહોંચી હતી. દરમિયાન હંગામી આવાસમાં એક્સેલ સ્લીપ થતા ૬૫ વર્ષિય લક્ષ્મીબેનને ઈજાઓ થતા જી.કે.માં સારવાર માટે દાખલ કરાયા હતા. કુકમા ટોલટેકસ પાસે પણ આવો બનાવ બન્યો હતો. જેમાં આદિપુરના મનોજ રવજીભાઈ ગજરાની બાઈક સ્લીપ થતા પગના ભાગે ફ્રેક્ચર સહિતની ઈજાઓ થઈ હતી. દરમિયાન સતાપર પાટીયા પાસે બાઈક સ્લીપ થવાની ઘટનામાં શિણાયના યાકુબ દાઉદ નોડેને ઈજાઓ થતા જી.કે.માં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હોવાનું હોસ્પિટલ ચોકીએથી જાણવા મળ્યું હતું.

# મુંદરા કોકેઈન પ્રકરણ : બે વિદેશી આરોપીઓ ૧૦ દિવસના રિમાન્ડ પર

**ડ્રગ્સના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવા તપાસ તેજ : યુગાન્ડા અને નાઈજીરિયાના નાગરિકોની સઘન પૂછપરછ શરૂ**

ભુજ - કચ્છઉદય : મુંદરાના દરિયાકાંઠેથી તાજેતરમાં ઝડપાયેલા ૧,૧૫૦ કરોડ રૂપિયાના કોકેઈન જથ્થાના મામલે તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. આ સનસનીખેજ કેસમાં ગુજરાત એટીએસ, કોસ્ટગાર્ડ અને સ્થાનિક એસઓજી દ્વારા હાથ ધરવામાં આવેલા સંયુક્ત સર્ચ ઓપરેશન દરમિયાન જહાજમાંથી ૧૧૮.૯૭૭ કિલોગ્રામ વજન ધરાવતા કોકેઈનના ૧૧૫ પેકેટ જપ્ત કરવામાં આવ્યા હતા. આ ગંભીર ગુનાના મુખ્ય બે આરોપીઓને ગઈકાલે મુંદરાની અદાલતમાં રજૂ કરવામાં આવતા કોર્ટે બંનેના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.તપાસ દરમિયાન સામે આવેલી વિગતો અનુસાર, પકડાયેલા આરોપીઓમાં મૂળ યુગાન્ડાના રહેવાસી બ્યારુહન્ગા જેમ્સ અને નાઈજીરિયાના કેલ્વિન ચુકવુઆમાનો સમાવેશ થાય છે. આ ડ્રગ્સનો જથ્થો દિલ્હીમાં રહેતા આ બંને આરોપીઓને પહોંચાડવાનો હતો. ગુજરાત એટીએસ દ્વારા અદાલત સમક્ષ આ બંને આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, જેની સામે કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરી તપાસની દિશા સ્પષ્ટ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ જહાજમાંથી પકડાયેલા અન્ય એક આરોપી જુમા નાસીર ઉમરના રિમાન્ડ અદાલત દ્વારા સોમવાર સુધી મંજૂર કરવામાં આવ્યા છે. ડ્રગ્સ માફિયાઓ સુધી પહોંચવા અને આ આંતરરાષ્ટ્રીય કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે સુરક્ષા એજન્સીઓ અત્યંત સાવચેતી સાથે કામ કરી રહી છે. હાલ રિમાન્ડ પર રહેલા આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે, જેમાં અનેક ચોંકાવનારા ખુલાસાઓ બહાર આવવાની પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. ડ્રગ્સના આ મોટા જથ્થાનું નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે અને તેની પાછળ અન્ય કોણ માસ્ટરમાઈન્ડ છે, તે દિશામાં તપાસ એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. આવનારા દિવસોમાં આ પ્રકરણમાં વધુ ધરપકડો અને મોટા ખુલાસા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ,

એસ.ટી. વિભાગીય યંત્રાલય, ભુજ. વિભાગ-ભુજ.
ફોન નં:- ૦૨૮૩૨ ૨૨૦૬૦૨. ઇ-મેઈલ : dme-bhuj@gsrtc.org

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, એસ.ટી. વિભાગીય યંત્રાલય, ભુજ દ્વારા વિભાગ મધ્યે રહેલ લેલેન્ડ, ટાટા ક્યુમિન્સ, આઈશર મેઈકના ૧૦મી., ૧૧મી., ૧૨મી., લેલેન્ડ, ટાટા, આઈશર મેઈકના મીની BS-૪, BS-૬, (OBD-1/11) વાહનોના એન્જિનોની રિકન્ડીશનીંગ / રીપાવરીંગ તેમજ ટર્બોચાર્જરની કામગીરી ટેન્ડરમાં જણાવ્યા મુજબની શરતો પ્રમાણે કરી આપવા વાર્ષિક કરાર માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. જે ટેન્ડર ફોર્મ તારીખ ૨૩/૦૬/૨૦૨૬ સુધી કાર્યાલયના કામકાજના દિવસો દરમ્યાન ૧૦.૩૦ થી ૧૬.૦૦ કલાક સુધીમાં રૂા.૫૦૦/- + ૧૮% જી.એસ.ટી. સાથે (નોન રિફંડેબલ) ભરવાથી એસ.ટી. વિભાગીય યંત્રાલય, સંસ્કાર નગર, ભુજ ખાતેથી મળી શકશે. ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં ટપાલ/કુરીયરથી તા.૦૮/૦૭/૨૦૨૬ સુધીમાં ૧૩.૦૦ કલાક સુધીમાં મળી જાય તે મુજબ પરત કરવાના રહેશે. સદર ટેન્ડરો તા.૦૮/૦૭/૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાકે ખોલવામાં આવશે. સદર ટેન્ડરના ભાવો મંજૂર કરવાની આખરી સત્તા વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ભુજની રહેશે.

સહી/-
વિભાગીય નિયામક, એસ.ટી. ભુજ

(નામાનિ-કચ્છ-૧૭૨-૨૦૨૬/૨૭)

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ હાર્દિક શુભેચ્છા....
ધનજીભાઈ નારણભાઈ હુંબલ
કોર્પોરેટરશ્રી, ગાંધીધામ મહાનગરપાલિકા



કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ હાર્દિક શુભેચ્છા
કચ્છી માડુની લાગણી અને માંગણીને વાચા આપના લોકપ્રહરી સાંધ્યદૈનિક 'કચ્છ ઉદય'ને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
Happy Happy
શ્રી દિનેશભાઈ લાલવાણી
પૂર્વ નગરસેવકશ્રી, વોર્ડ નં. ૦૨, ગાંધીધામ નગરપાલીકા



દવાખાના માટે જોઈએ છે
લેબ ટેકનીશીયન
નર્સીસ
કમ્પાઉન્ડર્સ
:: સંપર્ક ::
98797 16150
87581 21645

કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
લોક વાંચકોના વિશાળહિતને ધ્યાનમાં રાખી સત્યના સાથી બનવામાં અનેક કઠીન ડગરો પાર કરી અને પ્રચાર-પ્રસાર ક્ષેત્રે ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ કચ્છના અગ્રીમ સાંધ્ય દૈનિક કચ્છઉદયને ખુબ ખુબ શુભેચ્છાઓ...
ધોળાવીરા ટુરિઝમ રિસોર્ટ
THE HEAVEN RESORT
ધોળાવીરા, તા. ભચાઉ (કચ્છ)

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ હાર્દિક શુભેચ્છા....
શ્રી દિપકભાઈ મેઘજીભાઈ વાઘમશી
કોર્પોરેટરશ્રી, ગાંધીધામ મહાનગરપાલિકા



સાંધ્ય દૈનિક કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
Sethiya Impex
IMPORT, EXPORT & TRADING.
JITENDRA JAIN (SETHIYA)
+91 98252 70410
Office No. 3, Plot No. 262, Ward 12/B, First Floor. Gandhidham-Kutch.
E: jcsethiya11@gmail.com
RAKESH JAIN - +91 9426731510 SAJJAN JAIN - +91 94090 87218
Adhunik — SINCE 1993 — SPORTS, CARDS, TOYS, GIFTS & MORE!!! Corporate Gifts & Gift Articles
SDX-S-90, Near Bhai Pratap Circle, Opp. Navjivan Hospital, Gandhidham (Kutch). 370 201. Tel.: (0) 02836-235321,
E-mail: adhunik11@rocketmail.com
JINESH JITENDRA JAIN
+91 94298 71320
ARHAM SHIPPING & LOGISTICS
Office No. 108. Riidhi Siddhi Arcade 3. 1st Floor. Plot No. 120. Sector 8, Gandhidham-370201.
E-mail: jinesh@grishipping.com
GROUP CONCERN
ANUPAM AGENCIES | JANTA ARTS
GANDHIDHAM (KUTCH)

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ હાર્દિક શુભેચ્છા....
ભાનુશાલી ડાયાબીટીક એન્ડ ડેન્ટલ ક્લીનીક
ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નં. ૧૯૨, વોર્ડ ૧૨/બી, ભાનુશાલી એવન્યું, ગ્રીનપેલેસ રેસ્ટોરેન્ટની સામે, ગાંધીધામ-કચ્છ. મો. ૮૩૦૬૮ ૨૪૩૬૫

## ઉગેડી ગામે પક્ષીઘર અને પાણીના કુંડાનું વિતરણ

નખત્રાણા - કચ્છઉદય : ઉનાળાની કડક ગરમીમાં પક્ષીઓને દાણા અને પાણી મળી રહે તે હેતુથી ઉગેડીમાં જીવદયા અને પક્ષી સેવા અંતર્ગત પક્ષીઘર તેમજ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જીવમાત્ર પ્રત્યે દયા અને સેવા ભાવના જ સાચી ભક્તિ હોવાનું પણ જણાવાયું હતું. હભુભાઈ એચ. રબારીએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષથી ગામમાં કોઈ વાહનચાલક મુશ્કેલીમાં મુકાય અથવા કોઈને જરૂરિયાત હોય તો ગામના લોકો સાથે મળી સેવા આપવા માટે હંમેશા તૈયાર રહીએ છીએ. કાર્યક્રમમાં માજી સરપંચ હભુભાઈ એચ. રબારી, પૂરસોત્તમ કે. વાઘેલા, જેપાર મનજીભાઈ, મુરાભાઈ ડી. રબારી, દેવાભાઈ જી. રબારી, કાનાભાઈ વી. રબારી, ખેતસિંહ સોઢા, શ્યામ એચ. રબારી, હર્ષ રાજગોર, છગનભારતી બાવાજી, અલીભાઈ કુંભાર, પેશુભાઈ, અલીછાબાવા સૈયદ, લાખાભાઈ રબારી અને સોમાભાઈ રબારીએ સહયોગ આપ્યો હતો.

કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
લોક વાંચકોના વિશાળહિતને ધ્યાનમાં રાખી સત્યના સાથી બનવામાં અનેક કઠીન ડગરો પાર કરી અને પ્રચાર-પ્રસાર ક્ષેત્રે ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ કચ્છના અગ્રીમ સાંધ્ય દૈનિક કચ્છઉદયને ખુબ ખુબ શુભેચ્છાઓ...
ટી. એમ. આહિર સોલ્ટ વર્કસ
ગાંધીધામ (કચ્છ)

કચ્છઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા...
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
લોક વાંચકોના વિશાળહિતને ધ્યાનમાં રાખી સત્યના સાથી બનવામાં અનેક કઠીન ડગરો પાર કરી અને પ્રચાર-પ્રસાર ક્ષેત્રે ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ કચ્છના અગ્રીમ સાંધ્ય દૈનિક કચ્છઉદયને ખુબ ખુબ શુભેચ્છાઓ...
KANDLA MUNDRA CONTAINER TRANSPORT WELFARE ASSOCIATION
Plot No. 14, Sector 8, Behind B.M. Petrol Pump, Gandhidham (Kutch) 370201
Tel : 9879518217, 9879611232 E-Mail : kmctgandhidham@yahoo.com

# કચ્છ - સૌરાષ્ટ્ર વચ્ચે દૈનિક સુપરફાસ્ટ ટ્રેન શરૂ કરવા ગાંધીધામ ચેમ્બર દ્વારા રેલવે બોર્ડના ચેરમેન સમક્ષ રજૂઆત

ગાંધીધામઃ કચ્છની અગ્રણી વેપાર ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્રને જોડતી ભુજ - ભાવનગર દૈનિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન સેવા શરૂ કરવા માટે દિલ્હી. સ્થિત રેલવે બોર્ડના ચેરમેનશ્રી સતીશ કુમારને વિગતવાર રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બર પ્રમુખ શ્રી તેજા કાનગડે કેન્દ્ર સરકાર, રેલવે મંત્રાલય તથા રેલવે બોર્ડ દ્વારા દેશભરમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ, આધુનિકીકરણ અને રેલવે પ્રવાસીઓની સુવિધાઓમાં કરવામાં આવી રહેલા અભૂતપૂર્વ કાર્યોની સરાહના કરતા પત્રમાં જણાવ્યું હતું કે કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આર્થિક રીતે સદીઓથી પરસ્પર જોડાયેલા છે. સામાજિક, ધાર્મિક, વ્યાવસાયિક, રોજગાર,યાત્રાધામો, શિક્ષણ તથા પારિવારિક કારણોસર દરરોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર બંને વિસ્તારો વચ્ચે રહેતી હોય છે. તેમ છતાં હાલમાં કચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે સીધી રેલવે સેવા ઉપલબ્ધ ન હોવાથી લોકોને ખાનગી બસો, ખાનગી વાહનો અથવા એસ.ટી. બસોમાં ઊંચા ભાડાં ચૂકવી પ્રવાસ કરવાની ફરજ પડી રહી છે.ચેમ્બર માનદ મંત્રી શ્રી મહેશ તિર્થાણીએ વધુ વિગતો આપતા જણાવ્યું છે કે, કચ્છ આજે દેશ અને ગુજરાતનું મહત્વપૂર્ણ ઔદ્યોગિક તથા પ્રવાસન હબ બની ચૂક્યું છે. કંડલા અને મુન્દ્રા જેવા દેશના બે મોટા બંદરો કચ્છમાં આવેલાં હોવાથી દેશના આશરે ૪૦ ટકા આયાત-નિકાસ વેપારનું સંચાલન કચ્છમાંથી થાય છે. ઉપરાંત ટિમ્બર, મીઠું, સ્ટીલ, સિમેન્ટ, ખનિજ તથા અનેક નાના-મોટા ઉદ્યોગોને કારણે કચ્છમાં મોટી સંખ્યામાં સૌરાષ્ટ્રના લોકો ધંધા રોજગાર અર્થે કચ્છમાં સ્થાયી થયા છે. ત્યારે કચ્છ- સૌરાષ્ટ્રના લોકો ઉપરાંત અહીં સ્થાયી થયેલ લાખો લોકો સૌરાષ્ટ્રના સોમનાથ, દ્વારકા, ગીર સહિતના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોની મુલાકાત લેતા હોય છે.બીજી તરફ ધોળાવીરા, વ્હાઈટ રણ ઓફ કચ્છ, માંડવી બીચ, નારાયણ સરોવર-કોટેશ્વર, માતાનો મઢ સહિતના ધાર્મિક અને પ્રવાસન સ્થળોને કારણે કચ્છને વૈશ્વિક પ્રવાસન નકશા પર વિશેષ સ્થાન પ્રાપ્ત થયું છે. જેના કારણે સૌરાષ્ટ્રથી પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ અને યાત્રાળુઓ કચ્છની મુલાકાત લેતા હોય છે.આથી વધતી મુસાફરોની માંગ, પ્રવાસન વિકાસ, ઔદ્યોગિક મહત્વ તથા જાહેર સુવિધાને ધ્યાનમાં રાખી ભુજથી ભાવનગર વચ્ચે દૈનિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન સેવા તાત્કાલિક શરૂ કરવા ગાંધીધામ ચેમ્બર દ્વારા રેલવે બોર્ડ સમક્ષ ભારપૂર્વક માંગણી કરવામાં આવી છે. આ ટ્રેન સેવા શરૂ થવાથી કચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે સીધી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ બનશે, હજારો મુસાફરોને રોજિંદો લાભ મળશે તેમજ બંને વિસ્તારોના પ્રવાસન, વેપાર અને આર્થિક વિકાસને પણ નવી ગતિ મળશે. પત્રની નકલ સાંસદ વિનોદભાઈ ચાવડા તથા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર, અમદાવાદ અને ભાવનગર ડિવિઝનના ડીઆરએમને પાઠવવામાં આવેલ છે. તેવું અખબારી યાદીમાં ચેમ્બર ના માનદ મંત્રી શ્રી મહેશ તિર્થાણીએ જણાવ્યું હતું.



ઉત્સવ ગ્રુપ દ્વારા આયોજીત શ્રી મદ્દ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મુન્દ્રા મધ્ય રાખવામા આવેલ છે શ્રી મદ્દ ભાગવત સપ્તાહ મોત્સવના પ્રસંગે મુન્દ્રા-બારોઈ નગર પાલિકાના પુર્વ પ્રમુખ શ્રી કિશોરસિંહ પરમાર હરશ્યામસિંહ પરમાર દ્વારા પોતાની દિકરીબા ચિં,ઉનતીબાના શુભ લગ્ન પ્રસંગે નિમિત્તે ૫૧,૦૦૦/- અને દિપકભાઈ ભેંદા મોખા ગીરીશભાઈ ભેંદા મોખા તરફથી ૧૦૮૦૦૦/- ચેંક અર્પણ કરવામા આવ્યુ હતુ. સંસ્થા પ્રમુખ શ્રી રતનભાઈ ગઢવી દ્વારા બને દાતાશ્રીના પરિવારનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામા આવ્યુ હતો.

### જીકાસ પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડનું રજિસ્ટ્રેશન પૂર્ણ

# કચ્છ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ૭,૬૭૮ વિદ્યાર્થીઓ મેદાનમાં

ભુજ - કચ્છઉદય : ગુજરાત કોમન એડમિશન પોર્ટલ દ્વારા રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં અંડર ગ્રેજ્યુએશનના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રક્રિયા હાલમાં નિર્ણાયક તબક્કે પહોંચી છે. રાજ્યભરમાં લાખો વિદ્યાર્થીઓએ પોતાની પસંદગીની કોલેજો માટે ચોઈસ ફિલિંગની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે, જેમાં કચ્છના વિદ્યાર્થીઓનો ઉત્સાહ પણ નોંધપાત્ર જોવા મળ્યો છે. ખાસ કરીને કચ્છ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે કુલ ૭,૬૭૮ વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી દર્શાવી છે, જે કચ્છના શિક્ષણ જગત માટે એક મહત્વપૂર્ણ આંકડો છે.રાજ્યભરની યુનિવર્સિટીઓ માટે હાથ ધરવામાં આવેલી આ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓએ ખૂબ જ જાગૃતિ દાખવી છે. કુલ ૫.૫૦ લાખ બેઠકો માટે આખાય ગુજરાતમાંથી ૨.૮૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પોતાની અંતિમ ચોઈસ લોક કરી દીધી છે. જોકે સરકારી યુનિવર્સિટીઓની સરખામણીએ ખાનગી યુનિવર્સિટીઓ પ્રત્યે વિદ્યાર્થીઓનો ઝુકાવ ઓછો જોવા મળ્યો છે, જે સ્પષ્ટ કરે છે કે વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી હજુ પણ સરકારી માળખું ધરાવતી યુનિવર્સિટીઓ જ છે. કચ્છ યુનિવર્સિટીમાં પણ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ચોઈસ આપી છે, જેના કારણે હવે આગામી દિવસોમાં પ્રવેશ ફાળવણીની પ્રક્રિયા વધુ વેગવાન બનશે. આજથી એટલે કે ૨૯ મે થી ૧ જૂન સુધીના સમયગાળામાં યુનિવર્સિટીઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ ઓફર કરવામાં આવશે. આ પ્રક્રિયા દરરોજ રાત્રે જાહેર કરવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓને જાણવા મળશે કે તેમને કઈ કોલેજ કે યુનિવર્સિટીમાં પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. એકવાર પ્રવેશ ઓફર મળ્યા બાદ, વિદ્યાર્થીઓએ ૨ જૂન થી ૬ જૂન વચ્ચે પોતાની પસંદગીની કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. કચ્છના જે વિદ્યાર્થીઓએ કચ્છ યુનિવર્સિટી કે અન્ય સરકારી યુનિવર્સિટીઓમાં ચોઈસ આપી છે, તેમણે હવે પોતાના રજિસ્ટર્ડ પોર્ટલ પર સતત નજર રાખવી અનિવાર્ય બની ગઈ છે, જેથી સમયસર પ્રવેશ કન્ફર્મ કરીને પોતાની કારકિર્દીના પ્રથમ પગથિયાને સુરક્ષિત કરી શકાય. આ પ્રવેશ પ્રક્રિયાથી કચ્છના વિદ્યાર્થીઓને હવે તેમના ઘર આંગણે જ ઉચ્ચ શિક્ષણ મેળવવાની તકો વધુ સુદ્રઢ બનશે.

**આગામી દિવસોમાં પ્રવેશ ફાળવણી શરૂ થશે : કચ્છના વિદ્યાર્થીઓ હવે પ્રવેશ ઓફરની પ્રતીક્ષામાં**

# રાપર તાલુકાના ખેડૂતનો ટંકામાંથી મૃતદેહ મળતા ચકચાર

રાપર - કચ્છ ઉદય : તાલુકાના ખીમાલાની વાડી વિસ્તારમાં આવેલ ટંકામાંથી એક ખેડૂતનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ તા. ૨૮/૦૫/૨૦૨૫ના રોજ સવારે આશરે ૭:૩૦ વાગ્યે જરામભાઈ આહીર ભેંસો ચરાવવા માટે સીમ વિસ્તારમાં ગયા હતા, પરંતુ મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી.

શોધખોળ દરમિયાન સાંજે આશરે ૭:૪૦ વાગ્યે ખીમાલાની વાડીમાં આવેલ ટંકામાં ફુલેલી હાલતમાં મૃતદેહ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતા રાપર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાપર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ જરામભાઈ વિશાભાઈ ભરવાડ (ઉ.વ. ૫૨), રહે. ખેતરપાર મહેરની બાજુમાં નવાપરા વિસ્તાર, રાપર તરીકે થઈ હતી. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર મામલે રાપર પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમજ મોતનું સાચું કારણ જાણવા પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 9 | | | 3 | |
| | | | 1 | | | 7 | 8 | |
| 3 | | | | | | 1 | | 9 |
| | | | 4 | | 3 | | 9 | 7 |
| | | 1 | 7 | | 9 | 8 | | |
| 5 | 9 | | 8 | | 2 | | | |
| 7 | | 3 | 5 | | | | | 1 |
| | 8 | 9 | | | 6 | | | |
| | 2 | | | 4 | | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 1 | 8 | 3 | 6 | 7 | 2 | 9 |
| 7 | 6 | 9 | 5 | 4 | 2 | 8 | 1 | 3 |
| 3 | 8 | 2 | 7 | 1 | 9 | 5 | 6 | 4 |
| 8 | 7 | 4 | 9 | 5 | 1 | 6 | 3 | 2 |
| 6 | 9 | 5 | 4 | 2 | 3 | 1 | 8 | 7 |
| 1 | 2 | 3 | 6 | 8 | 7 | 9 | 4 | 5 |
| 9 | 3 | 6 | 2 | 7 | 8 | 4 | 5 | 1 |
| 2 | 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 |
| 5 | 1 | 7 | 3 | 6 | 4 | 2 | 9 | 8 |

# અવસાન નોંધ

**અંતરજાળ (તા. ગાંધીધામ)** : મૂળ સુગારિયાના શાન્તાબેન માધવજીભાઈ ખાંડેખા (ઉ.વ. ૮૦) તે સ્વ. માધવજીભાઈ સામતભાઈ ખાંડેખાના પત્ની, સ્વ. વેરાભાઈ, સ્વ. રણછોડભાઈના નાના ભાઈના પત્ની, સ્વ. મોહનભાઈ, સ્વ. પ્રેમિલાબેન, નરેન્દ્રભાઈ, લખીબેન, દિનેશભાઈ, સ્વ. હરસુખભાઈના કાકી, સ્વ. રાજુબેન હરિભાઈ સુંબડ (મંજલ)ના પુત્રી, સ્વ. દેવજીભાઈ, નરસિંહભાઈ, સ્વ. રવજીભાઈના બહેન તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર મકાન નં. ૯૧, સહયોગ નગર, અંતરજાળ ખાતે.

**ચાંદ્રોડા (તા. અંજાર)** : માંડ મંગાભાઈ તેજાભાઈ (ઉ.વ. ૭૦) તે કરસનભાઈ, મુકેશભાઈ, હિતેષભાઈ, કંકુબેન શાન્તિલાલ ચાવડા (બગડા), મોંઘીબેન શંભુલાલ ચાવડા (બગડા), શીતલબેન ભરતભાઈ ચાવડા (મોડસર), ગીતાબેન રમેશભાઈ ઝરૂ (વાગુરા)ના પિતા તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન ચાંદ્રોડા ખાતે.

**સિનુગ્રા (તા. અંજાર)** : ક.ગુ. ક્ષત્રિય શૈલેષકુમાર (ઉ.વ. ૫૫) તે સ્વ. કાન્તાબેન પ્રાગજીભાઈ ટાંકના પુત્ર, સ્વ. પુષ્પાબેન, વનિતાબેન, જયાબેન, ત્રિવેણીબેન, જયશ્રીબેનના ભાઈ, મોહનભાઈ (કુકમા), હરસુખલાલ (ખંભરા), ધીરજભાઈ (નાગલપર), શશિકાન્તભાઈ (કુકમા)ના સાળા, સ્વ. કાન્તાબેન કરમશી ટાંક (સિનુગ્રા), ઉષાબેન વલમજીભાઈ ટાંક (અમદાવાદ)ના ભત્રીજા, પ્રફુલભાઈ, ગજેન્દ્રભાઈ, સુરેશભાઈ, પ્રદીપભાઈ, પંકજભાઈ, પવનભાઈ, સંગીતાબેન, તારાબેન, અરુણાબેન, નિર્મળાબેન, સ્વ. નર્મદાબેન, લક્ષ્મીબેનના ભાઈ, કંચનબેન, ભારતીબેન, લક્ષ્મીબેન, સ્વ. રેખાબેનના દિયર, સ્વ. જયેશ, કિશન, નીરવ, નિકુંજ, ધૈર્ય, હિમાની, ભાવિકા, શિવાનીના કાકા, વિપુલ, પ્રશાંત, જિજ્ઞેશ, દીપ્તિ, હિના, ક્રિષ્ના, નિરાલી, ઋત્વા, ભક્તિ, દર્શન, નયનના મામા તા. ૨૭-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૫-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૫.૩૦થી ૬.૩૦ મિત્રી સમાજવાડી, સિનુગ્રા ખાતે.

**ભુજ** : ખલીફા દાઉદ હાસમ (ઉનડોઠવાળા) (ઉ.વ. ૬૭) તે મ. હાસમના પુત્ર, ખલીફા ઈમરાનના પિતા, ન્યાજઅલીના બનેવી, ખલીફા સુલેમાન, મામદ, સતાર, અલીમામદ, અબ્દુલના ભાઈ, રફીક, ઈરફાનના મામા તા. ૨૭-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૩૦-૫-૨૦૨૬ના શનિવારે સવારે ૧૦થી ૧૧ ચાકી જમાતખાના, મહેંદી કોલોની, સુરલભિટ્ટ રોડ, ભુજ ખાતે.

**ભુજ** : લાખા ઓસમાણ ગની રમજુ (ઉર્ફે ગનીભા) (ટાંગાવાળા) (ઉ.વ. ૬૭) તે ફિરોઝ, દિલાવર, અકરમના પિતા, લાખા હાજી ભચુ રમજુ, મ. લાખા હસન રમજુ, મ. લાખા અબ્દુલ કરીમના ભાઈ, અનવર, મહેબૂબ, મુસ્તાક, ઈકબાલ, અસ્લમ, રિયાઝ, જાવેદના કાકા, અનીસ, અંસાર, સાહિલ, આદિલ, જાબિલ, અમન, શાહનવાઝ, અયાન, વસીમ, અલ્ફાઝ, હારિષ, સમીર, ઈશાન, જીએજા હાજી અબ્દુલમિયા, સુરેમ, ઝેદ, આહિલના દાદા, પઠાણ રસીદખાનના સાળા, દાઉદ જુસબ લાખા, સલમાન પઠાણ, રિયાઝ બેલીમ પઠાણના મામા, હંઝલા, હમઝાના નાના તા. ૨૮-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૩૦-૫-૨૦૨૬ના સવારે ૧૦થી ૧૧ છછ ફળિયા, તકિયાવાળી મસ્જિદ પાસે, ગનીભાઈ ઘોડાવાળાના વંડા પાસે, ભુજ ખાતે.

**ભુજ** : મલેક બીબીબાઈ હબીબભાઈ (ઉ.વ. ૮૩) તે મ. મલેક જુસબ, મલેક મુસ્તાકઅલી (એસ.ટી.વાળા), મલેક મુહમ્મદ હુસેન, મલેક મુહમ્મદ હનીફ, મલેક આશીફના માતા, સમેજા ફિરોઝના સાસુ તા. ૨૮-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૩૦-૫-૨૦૨૬ના શનિવારે સવારે ૧૦થી ૧૧ મુસ્તફા જમાતખાના, મુસ્તફા નગર ખાતે.

**કુકમા (તા. ભુજ)** : કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) શિવજી વાઘજી પરમાર (ઉ.વ. ૮૯) તે સ્વ. લીલાવંતીબેનના પતિ, અનિલ, યોગેશ, લીનાબેન કિશનભાઈ રાઠોડના પિતા, કંચનબેન, મનાલીબેનના સસરા, ચંપાબેન, ભારતીબેનના જેઠ, સ્વ. જેઠાલાલ, સ્વ. દામજીભાઈના મોટા ભાઈ, સ્વ. પાનીબેન પ્રેમજી ચૌહાણ (માધાપર)ના જમાઈ, મનોજ (જીઈબી), રિતેશ, ખુશાલના મોટાબાપા, કંચનબેન, બિનિતા, દીનાના મોટા સસરા, સ્વ. ચોથીબેન, સ્વ. કાશીબેન, સ્વ. જશવંતીબેન (બબીબેન), સ્વ. પ્રભાવંતીબેન, જયાબેનના ભાઈ, દિવ્યા, દીક્ષિતા, ધ્રુવ, કુનાલ, હેતવી, ઉર્વિ, સતવી, સ્મિત, મયંક, પાર્થના દાદા, જય, તનીષા, અદિતીના નાના તા. ૨૭-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૫-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૫થી ૬ ટાંક સમાજવાડી, કુકમા ખાતે.

**કુકમા (તા. ભુજ)** : મૂળ ખંભરાના રૂખમણિબેન હિંમતભાઈ ચૌહાણ (ઉ.વ. ૮૩) તે સ્વ. હિંમતભાઈ અમરસી ચૌહાણના પત્ની, સ્વ. સંતોક ઓધવજી ખોડિયાર (ગામ રેબ્ના)ના પુત્રી, સ્વ. કમલાબેન, સ્વ. મુક્તાબેન, ગોદાવરીબેન, રંભાબેન, હંસાબેન, સવિતાબેન, સ્વ. કનકસિંહ ખોડિયાર, સ્વ. ભરત ખોડિયાર, સ્વ. પરસોત્તમ ખોડિયાર, પ્રવીણ, મુકેશ, હરીશ ખોડિયારના બહેન, હર્ષદા મહેન્દ્ર ટાંક, પ્રભા જગદીશ ચૌહાણ (ટેલર), અનિલ, સ્વ. કલ્પના, ભાવનાના માતા, દર્પણ મહેન્દ્ર ટાંક, લિકીતા યાજ્ઞિક ચૌહાણ, હિમાની પુનિત ટાંકના નાની, હિમાન્સી દર્પણ ટાંકના નાનીજી તા. ૨૭-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૯-૫-૨૦૨૬ના સાંજે ૫.૩૦થી ૬.૩૦ વૈભવનગર, કુકમા ખાતે.

**મુંદરા** : ઝરીનાબાઈ મુરાદઅલી માધવાણી (ઉ.વ. ૮૦) તે અજીજ (કલા રેડિમેડ), સલીમ (કલા નિકેતન)ના માતા તા. ૨૮-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૯-૫-૨૦૨૬ના સાંજે ૪થી ૫ ખોજા મુસાફરખાના ખાતે. જિયારત તે જ દિવસે સાંજે ૭.૩૦ વાગ્યે ખોજા જમાતખાના, મુંદરા ખાતે.

**મોટા લાયજા (તા. માંડવી)** : મૂળ ભીટારાના માકાણી જ્યોત્સનાબેન (ઉ.વ. ૬૬) તે રમેશ ચંદુલાલ માકાણીના પત્ની, ગંગાબેન ચંદુલાલના પુત્રવધૂ, હર્ષાબેન, દિનેશભાઈ, સુનીલભાઈ, ચંદ્રિકાબેનના માતા, નીલમબેન, પારૂલબેન, જગદીશ જેન્તીલાલ મોતા (બાગ)ના સાસુ, સરસ્વતીબેન જેન્તીલાલ મોતા (મસ્કા), રસિકલાલ, સ્વ. હેમલતાબેન મોહનલાલ મોતા (ભુજ), દિવ્યાબેન સુરેશભાઈ ભટ્ટ (જામનગર), શાન્તિલાલ, સ્વ. રાજેશ, કાન્તિલાલના ભાભી, સરોજબેન, અંજનાબેન, દિનાબેનના જેઠાણી, કાવ્યા, પ્રિન્સી, રિશી, વેદ, તેજના દાદી, સ્વ. હંસાબેન હરિશંકર કરશનજી મોતા (નથુવારા) (મૂળ બાગ હાલે મોટા આસંબિયા)ના પુત્રી, ખુશાલ, શિવશંકર, લાભશંકર, સ્વ. મહેશ, દમયંતીબેન ચંદુલાલ (જામનગર), સ્વ. અનસૂયાબેન ઉમિયાશંકર (બિદડા), નર્મદાબેન પ્રફુલભાઈ (દયાપર)ના બહેન તા. ૨૭-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની સાદડી તા. ૩૦-૫-૨૦૨૬ના બપોરે ૩થી ૬ નિવાસસ્થાન સનાતન નગર, હનુમાન ચોકની આગળ, મોટા લાયજા ખાતે.

**મોટા અંગિયા (તા. નખત્રાણા)** : જીવરાજ ધનજી પાયણ (ઉ.વ. ૫૬) તે લક્ષ્મીબેનના પતિ, ધનજી રતનાના પુત્ર, ભગવતીબેન પરેશ જેપાર (સાંગનારા)ના પિતા, શાંતિલાલ, અજીબાઈ પચાણ બુચિયા (જામથડા), વેલાબાઈ આશમલ બુચિયા (વડવા)ના ભાઈ, શંકર દેવજી પાયણ (વિથોણ)ના કાકાઈ ભાઈ, રામજી તથા ગોવિંદ મેરિયા (કોટડા)ના ભાણેજ, સ્વ. ભીમજી વાછિયા બુચિયા (બેરૂ), માનબાઈ સિજુ (માનકૂવા)ના જમાઈ તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. આગરી તા. ૨૯-૫-૨૦૨૬ના શુક્રવારે તથા તા. ૩૦-૫-૨૦૨૬ના શનિવારે ઘડાઢોળ રામદેવપીર મંદિરની બાજુમાં, મોટા અંગિયા ખાતે.

**વિરાણી મોટી (તા. નખત્રાણા)** : કડવા પાટીદાર વાલજીભાઈ રતનશી બાથાણી (ઉ.વ. ૮૫) તે સ્વ. પાનુબેનના પતિ, નીલેશભાઈ (હૈદરાબાદ), મંજુબેન (નખત્રાણા), સ્વ. ભારતીબેન (હૈદરાબાદ), નબુબેન (નખત્રાણા), ક્રિષ્નાબેન (કોટડા-જડોદર)ના પિતા તા. ૨૮-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. સાદડી (બેસણું) તા. ૨૯-૫ તથા તા. ૩૦-૫-૨૦૨૬ના શુક્રવાર અને શનિવાર (બે દિવસ) સવારે ૮થી ૧૦ અને બપોરે ૩.૩૦થી ૫ ધીરજભાઈ પચાણ બાથાણીના નિવાસસ્થાને, પ્લોટ વિસ્તાર, વિરાણી મોટી ખાતે.

**જખૌ (તા. અબડાસા)** : પીરઝાદા નિઝામુદ્દીનછા આમદછા (ઉ.વ. ૨૧) તે મ. પીરઝાદા આમદછા હુસેનછાના પુત્ર, મ. પીરઝાદા હુસેનછા અલીછાના પૌત્ર, પીરઝાદા ખાલકછા, શફીછા, અલ્તાફછાના ભાઈ, પીરઝાદા અબ્દુલ્લાછા, સિધિકછા, અકબરછા, સલીમછા, હનીફછા, અશરફછાના ભત્રીજા તા. ૨૬-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૩૦-૫-૨૦૨૬ના શનિવારે સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ તનવીરે મુસ્તફા મસ્જિદ, જખૌ ખાતે.

**નુંધાતડ (તા. અબડાસા)** : કુંભાર અમીબાઈ જુસબ (ઉ.વ. ૭૫) તે મ. જુસબ ભચુના પત્ની, મામદ હુસેનના માતા, સિકંદરના દાદી, કુંભાર ઓસમાણ હારૂન, મામદ હારૂનના કાકી, કુંભાર હુસેન ડોસલ (દેવપર), કુંભાર ઈસ્માઈલ ડોસલ (ડાડા કાકા) (વમોટી મોટી)ના બહેન, આમદ ફકીરમામદ, અબ્દુલ ફકીરમામદ (વમોટી મોટી), અબ્દુલ અલીમામદ (નખત્રાણા)ના સાસુ અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૩૦-૫-૨૦૨૬ના શનિવારે સવારે ૧૦થી ૧૧ નુંધાતડ જમાતખાનામાં.

# આદિપુરની હરિઓમ ટ્રસ્ટ સંચાલિત એમ.એમ. હોસ્પિટલમાં વધુ તબીબોની સેવા કાર્યરત

આદિપુર - કચ્છઉદય : ગાંધીધામ કોમ્પ્લેક્ષમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે આશીર્વાદ સમાન આદિપુરની હરિઓમ ટ્રસ્ટ સંચાલિત એમ.એમ. હોસ્પિટલનમાં હવેથી ડૉ. જયા તિલવાણી (વરલાણી) તથા ડૉ. કિલ્લોલ પટેલ (જનરલ એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન)ની સેવાઓનો અન્ય ડોક્ટરોની સેવાઓ સાથે ઉમેરો કરાયો છે.

આ બાબતે ટ્રસ્ટના ડૉ. ખાનચંદાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, અત્રે પીડીઆટ્રીક નેફ્રોલોજી સેવાઓ જે કચ્છના પ્રથમ નેફ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝીશિયન ડૉ. જયા તિલવાણી નવજાત શિશુ અને બાળકોના કિડની રોગના નિષ્ણાત છે તેમજ ડૉ. કિલ્લોલ પટેલ (ડીએનબી) લેપ્રોસ્કોપીક સર્જન (દુરબિનથી થતી સર્જરી) તથા હર્નિયા એપીન્ડીક્સ, ગોલબ્લેન્ડર સર્જરી, થાઈરોડ, સ્તન સર્જરી, પાઈલ્સ, ડાયાબેટીક ફુટ, ઘામી તથા દાઝવાની તમામ સારવાર સાથે ડૉ. પાર્થ રાઠી, (હાડકારોગ નિષ્ણાત), ડૉ. રેનુ ચંદવાની, (સ્ત્રીરોગ નિષ્ણાત), ડૉ. મિત મોઢ (ફિઝીશિયન), ડૉ. સાગર સલિયા (બાળરોગ નિષ્ણાત), ડૉ. ફોરમ મોઢ (દંતરોગ નિષ્ણાત), ડૉ. જાનકી કોર (ફિઝીયોથેરાપીસ્ટ) તેમજ તમામ નર્સિંગ સ્ટાફ દ્વારા દર્દીઓને રાહતદરે અત્રે તમામ સારવાર ઉપલબ્ધ કરાવાઈ છે.

## કચ્છ કચ્છનોંધ

**કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા**

● કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા સાહિત્ય ગોષ્ટી સાથે કાવ્ય પઠન બેઠક તા.૩૦-૫ના સાંજે ૫ વાગે નરસિંહ ભગવાન મંદિર ખાતે યોજવામાં આવશે.

# રાપર તાલુકામાં પખવાડિયા સુધી વડાપ્રધાનના ૧ વર્ષના શાસનની ઉજવણી કરવામાં આવશે



રાપર - કચ્છ ઉદય : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનને બાર વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણી રાપર તાલુકા ભાજપ અને શહેર ભાજપ તથા મંડલ દ્વારા વિવિધ ઉજવણી કરવામાં આવશે. જેમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, પ્રગતિ પંથ યાત્રા, વિકાસ સ્થળની મુલાકાત, જન સંપર્ક અભિયાન, પ્રબુદ્ધ નાગરિક સંમેલન, વડાપ્રધાનની સિધ્ધ વિશ્વ યોગ દિવસ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

ધારાસભ્યના કાર્યાલય ખાતે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના વડપણ હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ ભીંડે, ધારાસભ્યના પીએ વિનુભાઈ થાનકી, માજી નગરપાલિકાના પ્રમુખ હઠુભા સોઢા, જિલ્લા મંત્રી ઉમેશભાઈ સોની, શહેર પ્રમુખ લાલજી કારોત્રા, ડોલરભાઈ ગોર, કેશુભા વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ ઢીલા, મદુભા વાઘેલા, જયદીપસિંહ જાડેજા, ભરત રાજપૂત, સુરેશ મકવાણા, ઉપપ્રમુખ બબીબેન સોલંકી, પ્રદિપસિંહ સોઢા, રાણાભાઈ પરમાર, ડો. પ્રવિણભાઈ રાઠોડ, રામજી મુછડીયા સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના સદસ્યો તથા તમામ સરપંચ તથા તાલુકા અને શહેર ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.


કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાંચા આપી સાચા અર્થમાં સરહદના સંત્રીની ભૂમીકા ભજવતા કચ્છી માડુઓના પોતિકા સાંધ્ય દૈનિક **કચ્છઉદય**ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખુબ ખુબ શુભેચ્છા...

**નગરપાલિકાના કરવેરા નિયમિત ભરો.**
**જન્મ-મરણની નોંધણી ફરજીયાત કરાવો.**
**વૃક્ષો વાવો, નગરને સ્વચ્છ રાખો**

**અંજાર નગરપાલિકા**



**શ્રી ત્રિકમભાઈ બી. છાંગા**
રાજ્યમંત્રીશ્રી, ઉચ્ચ તેમજ ટેકનિકલ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
ધારાસભ્યશ્રી, અંજાર વિધાનસભા મતવિસ્તાર

સેવા સંપ સહકાર અંજાર નગરપાલિકા અંજાર-કચ્છ જેસલ તોરલ સત્યમેવ જયતે



**શ્રીમતી ધર્મિષ્ઠાબેન ખાંડેકા**
પ્રમુખ

**પરેશભાઈ માલસતર**
ઉપપ્રમુખ

**પ્રકાશભાઈ લોદરીયા**
કારોબારી ચેરમેન

**આશિષભાઈ ઉદવાણી**
શાસકપક્ષ નેતા

**ગીરીશભાઈ પરમાર**
દંડક

**તથા તમામ સદસ્ય ગણ એવમં કર્મચારીગણ અંજાર નગરપાલિકા**

NEWS PAPER


## રત્નકણિકા

**જો રહિમ ઉત્તમ પ્રકૃતિ, કા કરી શક્ત કુસંગ, ચંદન વિષ વ્યાપે નહિં, લિપટે રહત ભુજંગ. - રહીમજી**

## પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. દએ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જ્યેષ્ઠ સુદ-૧૩, તા.૨૯ મે ૨૦૨૬, શુક્રવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૧, સ્વાતિ નક્ષત્ર, પરિઘ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ સવારે ૯:૫૦ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

**મેષ** - સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.

**વૃષભ** - આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.

**મિથુન** - આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.

**કર્ક** - પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.

**સિંહ** - મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.

**કન્યા** - ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.

**તુલા** - અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.

**વૃશ્ચિક** - સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.

**ધન** - પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.

**મકર** - પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.


**કુંભ** - વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.

**મીન** - પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

હમેશાં વાસણ ઢાંકીને રસોઈ બનાવો : તો પણ ૨૦ ટકા જેટલા ગેસની થશે બચત

# ભુજનું 'ટાઇમ સ્ક્વેર ક્લબ રિસોર્ટ એન્ડ સ્પા'

# એટલે વૈશ્વીક ક્ષેત્રે પસંદગી થયેલું ડેસ્ટીનેશન વેડિંગ માટેનું હબ




**લકઝરીયસ, આરામદાયક અને શુભ પ્રસંગોની ભવ્ય ઉજવણીનું એકમાત્ર સરનામું એટલે 'ટાઇમ સ્ક્વેર ક્લબ રિસોર્ટ એન્ડ સ્પા'**

## 'ટાઈમ સ્કવેર ક્લબ રિસોર્ટ એન્ડ સ્પા' એ કચ્છનું ગૌરવવંતી એકમાત્ર સત્તાવાર (Official) ફાઈવ-સ્ટાર રિસોર્ટ છે.

**કચ્છની ધરતી પર વૈશ્વિક સ્તરનું ડેસ્ટિનેશન વેડિંગ, વૈભવી અને આરામદાયક હોટેલ સ્ટે તથા અલ્ટ્રા લકઝરીયસ લાઇફસ્ટાઇલ માટેનું એકમાત્ર સરનામું એટલે, ભુજ-મુન્દ્રા રોડ પર પ્રકૃતિના શાંત અને નયન રમણીય વાતાવરણ વચ્ચે આવેલું 'ટાઇમ સ્ક્વેર ક્લબ રિસોર્ટ એન્ડ સ્પા' છે. ભુજ માં આવેલું આ રિસોર્ટ સ્થાપત્ય કલા, હેરીટેઝ આર્કિટેક્ચર, અત્યાધુનિક સુવિધાઓ તથા અદભુત મહેમાનગતિનો એક અજોડ સમન્વય છે.**



## ઇન્ટરનેશનલ કક્ષાના ડેસ્ટિનેશન વેડિંગ માટેનું હબ


ડેસ્ટીનેશન વેડિંગ માટે દેશ-વિદેશ માંથી લોકો પોતાના શુભ પ્રસંગોને યાદગાર બનાવવા માટે 'ટાઇમ સ્ક્વેર ક્લબ રિસોર્ટ એન્ડ સ્પા' માં આવે છે. અહી શુભ પ્રસંગો માટે ૧૨૦૦૦ સ્ક્વેર ફીટનો ૨૭ ફીટની ઊંચાઇ વાળો સેન્ટ્રલી એ.સી. કચ્છનો સૌથી મોટો પીલ્લર લેસ બેન્કવેટ હોલ આવેલો છે. તેમજ વિવિધ પ્રકારના પાર્ટી પ્લોટ્સ પણ આકર્ષણનું કેન્દ્ર છે. જેમાં નવું બનેલું લેક ગાર્ડન પાર્ટી પ્લોટ લોકોની પ્રથમ પસંદગી છે. તેમજ એમ્ફીથીયેટર થીમનો પાર્ટી પ્લોટ ખુબજ સુપ્રસીધ્ધ છે. તેમજ વિવિધ પ્રકારના અન્ય પાર્ટી પ્લોટ્સ પણ ઉપલબ્ધ છે જેમાં ૧૦૦૦૦ જેટલા મહેમાનો સુવિધાયુક્ત થઇ શકે છે. અહીં ઈન્ટરનેશન સ્ટાન્ડર્ડની તમામ સુખ-સુવિધા યુક્ત ૨૫૦ જેટલા અલ્ટ્રા-લક્ઝરી ડીલક્ષ રૂમ્સ, પ્રીમિયમ સ્યુટ્સ તથા સ્ટાન્ડર્ડ કેટેગરીના ફાઈવ સ્ટાર હોટલ રૂમ્સ તથા વિલા રૂમ્સ ઉપલબ્ધ છે. જે તમારા સ્ટેને ખરા અર્થમાં આરામદાયક બનાવે છે. દર વર્ષે માત્ર ભારતના ખૂણે-ખૂણેથી જ નહીં, પરંતુ વિદેશ માંથી પણ એનઆરઆઈ (**NRI**) મહેમાનો ખાસ ડેસ્ટિનેશન વેડિંગ માટે અહી પધારે છે. અહી વિશાળ જગ્યામાં ભવ્ય સ્ટેજ સેટઅપ, આકર્ષક થીમ-બેઝ્ડ ડેકોરેશન તથા પ્રસંગોની ઉજવણીમાં પ્રાયવસી બહારથી આવતા મહેમાનોને મોહિત કરી દે છે. 'ટાઇમ સ્ક્વેર ક્લબ રિસોર્ટ એન્ડ સ્પા'માં ઈન્ટરનેશન સ્ટાન્ડર્ડના શેફ દ્વારા કચ્છી, ગુજરાતી થી લઈને આંતરરાષ્ટ્રીય મલ્ટીક્યુઝીન કેટરિંગ વ્યવસ્થા સ્વાદપ્રિય લોકોને પોતાના સ્વાદ અનુસાર ભોજન પીરસવામાં આવે છે જે બધા લોકોની પ્રથમ પસંદગી છે. અહી જે લોકો દ્વારા ડેસ્ટીનેશન વેડિંગ કરવામાં આવ્યા છે એ લોકો માટે 'ટાઇમ સ્ક્વેર ક્લબ રિસોર્ટ એન્ડ સ્પા' ***"Ones in a Life Time"*** મેમરી બની ગઈ છે. દેશમાં વધતા જતા ઔધોગીકરણથી મોટી-મોટી કોર્પોરેટ કંપનીઓ રોકાણ માટે કચ્છ પ્રથમ પસંદગી છે. કચ્છના વિવિધ કોર્પોરેટની કોર્પોરેટ ઈવેન્ટ માટે 'ટાઇમ સ્ક્વેર ક્લબ રિસોર્ટ એન્ડ સ્પા' માં વિવિધ વેન્યુ આવેલા છે જેમાં કોન્ફરન્સ હોલ, બેન્કવેટ હોલ તથા મીટીંગ રૂમસ વિવિધ કોર્પોરેટની પ્રથમ પસંદગી છે.





## 'ટાઇમ સ્ક્વેર ક્લબનું મેમ્બર હોવું એ આગવી ઓળખ'

ટાઈમ સ્ક્વેર ક્લબના મેમ્બર હોવું એ એક આગવી ઓળખ બની છે. જેમાં તમારી જીવનશૈલીને એક નવી ઉંચાઈ સુધી પહોચાડવા માટે ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડની તમામ સુખ-સુવિધાઓ જેવી કે લાઈફ ફિટનેસની પ્રીમીયમ સીરીઝનું હાઈટેક જીમ, ૮ બોલ પુલ, સ્નુકર, ટેબલ ટેનિસ, બોર્ડ ગેમ્સ, સ્ક્વોશ, બેડમિન્ટન, લોન ટેનિસ, બોક્સ ક્રિકેટ, પીક્લબોલ, સેન્ડ વોલીબોલ, તથા ફૂટબોલ જેવી સુવિધાઓ તમારા જીવનને તંદુરસ્ત બનાવે છે. શારીરિક અને માનસિક તાજગી માટે રિસોર્ટમાં એક આકર્ષક અને વિશાળ સ્વિમિંગપૂલ વિથ જાકુઝી તૈયાર કરાયો છે, જે મેમ્બરોને રિલેક્સેશનનો અદભુત અનુભવ આપે છે. તેની સાથે આંતરરાષ્ટ્રીય સ્તરનું લક્ઝુરિયસ સ્પા એન્ડ વેલનેસ સેન્ટર, તેમજ ભારતનું પ્રથમ ઓથેન્ટિક હમામ, સ્ટીમ બાથ પણ અહીં વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. ટાઇમ સ્ક્વેર ક્લબમાં રીક્રીયેશનલ એક્ટીવીટીની ભરમાર છે, જેમાં કચ્છનો સૌથી અધતન હાઈ એન્ડ ડિસ્કો થેક, કચ્છમાં પ્રથમ ડોલ્બી એટમોસ સાઉન્ડ સિસ્ટમનું સિનેમા, બોલીંગ એલી, વીઆર (વર્ચ્યુલ રીયાલીટી) ગેમ્સ, જેવી એક્ટીવીટી તમારી લાઈફસ્ટાઈલ બધાથી અલગ જ ફિલ કરાવે છે. આ ઉપરાંત હાઈ-એન્ડ સાઉન્ડ સિસ્ટમ અને લેઝર લાઈટ્સથી સજ્જ અદભુત ડિસ્કોથેક પણ બનાવવામાં આવ્યું છે, જે વીકેન્ડ સેલિબ્રેશન માટે યુવાધનમાં ભારે ક્રેઝ ધરાવે છે.







## ઈન્ટરનેશન સ્ટાન્ડર્ડના શેફ દ્વારા તૈયાર કરવામાં આવતું ગ્લોબલ ક્યુઝીન ડાઇનિંગ



સ્વાદ પ્રિય મેમ્બર માટે આ રિસોર્ટ એક સ્વર્ગ સમાન છે. અહીં ઈન્ટરનેશન સ્ટાન્ડર્ડના શેફ દ્વારા વિશ્વભરની પ્રખ્યાત વાનગીઓ પીરસવામાં આવે છે. ડાઈનિંગ માટે અહીં મનમોહક હેરીટેજ સ્ટાઈલનું રેસ્ટોરન્ટ, ઈવનિંગ વાઈબમાટે ઓપન-એર રેસ્ટોરન્ટ જ્યાં લાઈવ મ્યુઝિકના સૂર વચ્ચે ભોજનનો શાહી આનંદ માણી શકાય છે. તેમજ મોડી રાત્રે પણ મિત્રો અને પરિવાર સાથે ક્વોલિટી ટાઈમ વિતાવવા માટે રિસોર્ટમાં ચોવીસ કલાક (૨૪/૭) ધમધમતું પ્રીમિયમ 'ટીકરી કાફે' આવેલું છે, જ્યાં અદભુત ડ્રીંક્સ અને સ્નેક્સની મજા માણી શકાય છે.

## 'ધ વિલા' પર્યાવરણ મૈત્રીપૂર્ણ અભિગમ



આજના આધુનિક યુગમાં જ્યાં પ્રદૂષણ વધતું જાય છે અને પર્યાવરણનો નાશ થઈ રહ્યો છે, ત્યારે ટાઈમ સ્ક્વેર પ્રોપર્ટીઝ દ્વારા 'ધ વિલા' એ પર્યાવરણની જાળવણી માટે એક અદભુદ ઉદાહરણ પૂરું પાડ્યું છે. 'ધ વિલા' માં તમને ૮૦% ખુલ્લી જગ્યા તેમજ પુષ્કળ પ્રમાણમાં વૃક્ષોનો ઉછેર જોવા મળે છે. 'ધ વિલા'માં તમને રિસોર્ટની લકઝરી, પોતાના ઘરની પ્રાઈવસી તેમજ કુદરતના સાંનિધ્યનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. 'ધ વિલા' માં મોર્નિંગ વોક, સાયકલીંગ તેમજ જોગીંગ માટે ગ્રીન બુલેવાડ તથા નાના બાળકોથી લઈને વડીલો સુધી કુદરતી વાતાવરણમાં પોતાની સંધ્યા પસાર કરી શકે તેવા અલગ-અલગ થીમના ગાર્ડનસ તેમજ મંદિર પણ આવેલ છે. 'ધ વિલા'માં હાઉસકીપિંગ, ગાર્ડન મેઈન્ટેનસ, લોન્ડ્રી, ગ્રોસરી શોપ, પીકઅપ & ડ્રોપ તથા ૨૪ x ૭ સિક્યોરીટી જેવી તમામ પાયાની સુવિધા ઉપલબ્ધ છે.

## વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન : શાંતિ અને પ્રાઈવસીનું નંદનવન

કોઈ પણ ઉચ્ચ કક્ષાના રિસોર્ટની સફળતા અને તેની લોકપ્રિયતામાં તેનું ભૌગોલિક સ્થાન સૌથી મહત્વનું પરિબળ ભજવે છે. ભુજ-મુન્દ્રા રોડ પર સેડાતા ગામની તદ્દન નજીક આવેલું 'ધ વિલા' (ટાઇમ સ્ક્વેર રિસોર્ટ) ભૌગોલિક દ્રષ્ટિએ અત્યંત વ્યૂહાત્મક સ્થાને આવેલું છે. ભુજ શહેરની ગીચતા, ઘોંઘાટ અને રોજબરોજના કોલાહલથી આશરે ૧૩ કિલોમીટર દૂર પ્રકૃતિના શાંત વાતાવરણમાં 'ધ વિલા' એવા પ્રવાસીઓ માટે સાચું સ્વર્ગ છે જેઓ પોતાની વ્યસ્ત જિંદગીમાંથી થોડો સમય નીરવ શાંતિ, પ્રાઇવસી અને અત્યંત વૈભવી વાતાવરણમાં વિતાવવા માંગે છે. આ સ્થાન મુન્દ્રા પોર્ટ અને ઔધોગિક હબની એક્ટિવિટી સાથે સીધું જોડાયેલું હોવાથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સ, બોલીવુડ સેલીબ્રીટી અને વિદેશી પ્રતિનિધિઓ માટે ભુજમાં રોકાણ કરવા માટેનું આ પ્રથમ અને સર્વોત્તમ પસંદગીનું કેન્દ્ર બની ગયું છે.

## કચ્છની સાંસ્કૃતિક ઇવેન્ટ્સ અને કલાકારોને પ્રોત્સાહન

'ધ વિલા' રિસોર્ટ માત્ર ભૌતિક સુવિધાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે કચ્છની ભવ્ય અને અમીર લોકસંસ્કૃતિના સંવર્ધનનું એક મોટું કેન્દ્ર છે. ખાસ કરીને શિયાળાની ગુલાબી ઠંડીમાં જ્યારે રણોત્સવની મોસમ ખીલે છે, ત્યારે આ રિસોર્ટના વિશાળ પ્રાંગણમાં અવારનવાર ભવ્ય સાંસ્કૃતિક ઇવેન્ટ્સનું આયોજન કરવામાં આવે છે. કચ્છી લોકગીતો, સુફી સંગીત, પરંપરાગત સંતવાણી અને કચ્છી નૃત્યોની રમઝટ અહીં જામતી હોય છે. દેશ- વિદેશથી આવતા પ્રવાસીઓ સમક્ષ કચ્છના સ્થાનિક કલાકારો પોતાની કળાનું પ્રદર્શન કરે છે, જેનાથી પ્રવાસીઓને સાચા કચ્છનો પરિચય થાય છે અને સ્થાનિક કલાકારોને એક મોટું આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ અને આજીવિકા મળે છે. રિસોર્ટ દ્વારા સમયાંતરે હસ્તકલા પ્રદર્શનો અને કચ્છી કળાના વર્કશોપ પણ યોજવામાં આવે છે, જે પર્યટકોને કચ્છી સંસ્કૃતિ સાથે ભાવનાત્મક રીતે જોડે છે.

## નવરાત્રી મહોત્સવ : 'ધ વિલા' ના આંગણે ખીલતું આસ્થા અને ગરબાનું અનોખું પર્વ

કચ્છની સાંસ્કૃતિક ધરોહર સમાન નવરાત્રી પર્વનું 'ધ વિલા'ના આંગણે એક અદભૂત અને ભક્તિમય વાતાવરણમાં આયોજન કરવામાં આવે છે, જે સમગ્ર ભુજવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. આ આસો માસની પવિત્ર નવરાત્રી દરમિયાન અહીં મા અંબેની આરાધના, અર્ચના અને ઘટસ્થાપન શાસ્ત્રોક્તવિધિથી કરવામાં આવે છે, જ્યાં દરરોજ સાંજે મહાઆરતીનો લહાવો લેવા માટે મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડે છે. રિસોર્ટના ભવ્ય અને વિશાળ લોન્સમાં પરંપરાગત શૈલીમાં યોજાતા આ ગરબા મહોત્સવમાં હેવી કચ્છી ભરતકામવાળા ચણિયાચોળી અને કેડિયું - ધોતી જેવા પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ ખેલૈયાઓ પ્રાચીન અને અર્વાચીન ગરબાના તાલ પર ઘૂમતા જોવા મળે છે. લાઇવ ઓર્કેસ્ટ્રાના સુમધુર સૂર, કચ્છી ઢોલના ધબકારા અને ઝાકઝમાળ રોશની વચ્ચે 'ધ વિલા' નું વાતાવરણ ભક્તિ અને ઉત્સાહના રંગે રંગાઈ જાય છે. અહીં આવતા વિદેશી અને રાષ્ટ્રીય પ્રવાસીઓ માટે પણ આ નવરાત્રી મહોત્સવ કચ્છની અસલ સંસ્કૃતિ અને લોકનૃત્યને આટલી વૈભવી તેમજ સુરક્ષિત જગ્યાએ અત્યંત નજીકથી માણવાનો એક અવિસ્મરણીય અને અલૌકિક અનુભવ સાબિત થાય છે.


# કચ્છ સરહદે હરામીનાળા BSF પોસ્ટનું અમિત શાહે કર્યું નિરીક્ષણ



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહએ કચ્છના હરામીનાળા વિસ્તારમાં BSF ટાવર-૧૧૭૦ નજીક આવેલા કન્ટ્રોલ રૂમમાં PTZ કેમેરા ફીડનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ હરામીનાળા વિસ્તાર અને શિપ મારફતે સરહદી વિસ્તારોની મુલાકાત લઈ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.



ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ શ્રી શાહની સાથે હરામીનાળાની સમીક્ષા-નિરિક્ષણમાં જોડાયા





# અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં ૧૧૫ ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ

અમદાવાદ - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૩ મેના વીડિયો કોન્ફરન્સિંગના મારફતે ૧૯મા રોજગાર મેળા હેઠળ દેશભરમાં ૫૧,૦૦૦થી વધુ નવી નિમણૂંક મેળવનારા યુવાનોને નિમણૂક પત્રો વિતરણ કર્યા હતા. વડાપ્રધાને નવી નિમણૂંક મેળવનારા કર્મચારીઓને સંબોધિત કરતા તેમને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવાની હાકલ કરી. તેમણે કહ્યું કે ભરતી પ્રક્રિયામાં હવે પારદર્શિતા આવી છે તથા તમામ પસંદગી મેરિટના આધારે કરવામાં આવી રહી છે. સાથે જ નિમણૂક પ્રક્રિયા પહેલાની સરખામણીમાં વધુ ઝડપી અને સરળ બની છે.

૧૯મો રોજગાર મેળો દેશભરના ૪૭ સ્થળો પર આયોજિત કરવામાં આવ્યો, જેમાં વિવિધ ૧૯ વિભાગોમાંથી પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા. રેલવે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂકો આપવામાં આવી. રોજગાર મેળો અભિયાન શરૂ થયા પછીથી અત્યાર સુધીમાં દેશભરમાં આયોજિત વિવિધ રોજગાર મેળાઓના મારફતે આશરે ૧૨.૫૦ લાખ નિમણૂક પત્રો વિતરિત કરી દેવામાં આવ્યા છે.

અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં મુખ્ય અતિથિ, માનનીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી, ભારત સરકાર, રક્ષા નિખિલ ખડસેએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આ પૂર્વે ૧૮ રોજગાર મેળાઓનું સફળ આયોજન કરવામાં આવી ચૂક્યું છે, જેમની મારફતે આશરે ૧૨ લાખ યુવાનોને કેન્દ્ર સરકાર દ્વારા રોજગારની તકો પૂરી પાડવામાં આવી છે. આજે પણ આ રોજગાર મેળા મારફતે આશરે ૫૧ હજાર યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ગુજરાતને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જીના નેતૃત્વ અને વિકાસ મોડલ માટે સમગ્ર દેશ અને વિશ્વમાં ઓળખવામાં આવે છે. મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે ગુજરાતના વિકાસ મોડલને વિશ્વની સમક્ષ પ્રસ્તુત કર્યું. વડાપ્રધાન જીની વિચારસરણી હંમેશાંથી એ રહી છે કે દેશનો પ્રત્યેક યુવાન આગળ વધે, દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરે અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાની સક્રિય ભૂમિકા ભજવે. યુવાનો જ દેશની સૌથી મોટી શક્તિ છે અને ભારત આજે વિશ્વનો સૌથી યુવાન દેશ છે. યુવાનોને સાચી દિશા પૂરી પાડવાનું કાર્ય કેન્દ્ર સરકાર અને વિશેષ રૂપે વડાપ્રધાન જીના નેતૃત્વમાં નિરંતર કરવામાં આવી રહ્યું છે. આ રોજગાર મેળો માત્ર નિમણૂક પત્રો વિતરણ કરવાનો કાર્યક્રમ નથી, પરંતુ યુવાનોમાં રાષ્ટ્ર સેવાની ભાવના જાગૃત કરવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે.

આ પ્રસંગે મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશ એ જણાવ્યું કે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું, જેના હેઠળ કુલ ૧૧૫ નવ પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા. આમાં ૫૦ ટકાથી વધુ ઉમેદવારો રેલવે વિભાગ સંબંધિત હતા તથા ૨૯ મહિલા ઉમેદવારોને પણ નિમણૂક પત્રો આપવામાં આવ્યા. નિમણૂક મેળવેલા ઉમેદવારોમાં રેલવે વિભાગના ૬૬, નાણાકીય સેવા વિભાગના ૩૬, ટપાલ વિભાગના ૦૯, આવકવેરા વિભાગના ૦૨ તથા ઈપીએફઓ અને એરપોર્ટ ઓથોરિટીના એક-એક ઉમેદવાર સામેલ છે. અમદાવાદમાં આયોજિત રોજગાર મેળા કાર્યક્રમમાં યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી, ભારત સરકાર રક્ષા નિખિલ ખડસે, માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામીણ વિકાસ મંત્રી, ગુજરાત સરકાર કુંવરજીભાઈ બાવળિયા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી, ગુજરાત સરકાર દર્શનાબેન વાઘેલા, સંસદસભ્ય અમદાવાદ પશ્ચિમ દિનેશભાઈ મકવાણા, સંસદસભ્ય (રાજ્યસભા) નરહરિ અમીન, અમદાવાદ વિસ્તારના ધારાસભ્યો તેમજ મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓ દ્વારા નવી નિમણૂંક મેળવનારા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા.







વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં આયોજિત ૧૯મા રોજગાર મેળા હેઠળ ૫૧ હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો સોંપ્યા

# ભુજ ITIની મુલાકાતે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા









ગાંધીધામ : આજરોજ કચ્છ જિલ્લાના પ્રવાસ દરમિયાન ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ભુજ ખાતે આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સંસ્થાની તાલીમ વ્યવસ્થા, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો તેમજ યુવાઓને રોજગારીલક્ષી શિક્ષણ અંગે માહિતી મેળવી હતી.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ યુવાઓને કૌશલ્ય આધારિત શિક્ષણ અને ઈનોવેશન તરફ આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તાલુકા અને જિલ્લા સ્તરે ITI સંસ્થાઓ દ્વારા યુવાઓને આધુનિક ટેકનિકલ તાલીમ અને રોજગારીની નવી તકો ઉપલબ્ધ બની રહી છે.

# ટોડિયાના યુવાન અરૂણભાઈ ઠક્કર દ્વારા જીવદયાનું અનોખું સેવાકાર્ય

## ઉનાળામાં પક્ષીઓ માટે ૮૦૦ જેટલા પક્ષીઘર અને પાણીના કુંડાઓનું વિતરણ

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ટોડિયા ગામના નવયુવાન અરૂણભાઈ શાંતિલાલ ઠક્કર દ્વારા જીવદયા અને પક્ષીઓ પ્રત્યેની અતૂટ લાગણી સાથે અનોખું સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે. દર વર્ષે ઉનાળાની ઋતુ શરૂ થતાં જ તેઓ પોતાના સ્વખર્ચે પક્ષીઓ માટે પાણીના કુંડાઓ તેમજ આશરે ૮૦૦ જેટલા પક્ષીઘરો લાવી ટોડિયા, હીરાપર તેમજ આજુબાજુના વિસ્તારોમાં વિતરણ કરે છે.

કડકડતી ગરમીમાં પક્ષીઓને પાણી અને આશ્રય મળી રહે તેવા ઉમદા હેતુ સાથે અરૂણભાઈ ગામે-ગામ જઈ વિવિધ સમાજોના લોકોને સંપર્ક કરી પક્ષીઘર અને પાણીના કુંડાઓ પહોંચાડે છે. તેમની આ સેવા પ્રવૃત્તિને સ્થાનિક લોકો તરફથી વિશેષ પ્રશંસા મળી રહી છે. આ જીવ દયા કાર્યમાં તેમના મિત્રવર્તુળ સાથે ટોડિયા ગામના દરેક સમાજના લોકો પણ ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે અને સેવાકાર્યમાં સહભાગી બની રાજીપો વ્યક્ત કરી રહ્યા છે. પક્ષીઓ પ્રત્યે માનવતા અને સંવેદનાનો સુંદર સંદેશ આપતું આ કાર્ય આજના યુવાનો માટે પ્રેરણારૂપ બન્યું છે. સ્થાનિક આગેવાનો દ્વારા પણ અરૂણભાઈ ઠક્કરની આ સેવાભાવી પહેલને બિરદાવવામાં આવી રહી છે અને વધુમાં વધુ લોકો ઉનાળામાં પક્ષીઓ માટે પાણીના કુંડા તથા પક્ષીઘરો મૂકવા આગળ આવે તેવી અપીલ કરવામાં આવી રહી છે.




# માંડવીમાં આયુષ્માન કાર્ડ બનાવ્યા



માંડવી અર્બન હેલ્થ સેન્ટરના રામેશ્વર સબ સેન્ટરના તબેલા ફળિયામાં આયુષ્માન કાર્ડ અંગે કેમ્પમાં ૧૧૧ કાર્ડ બનાવવામાં આવ્યાં. અર્બનના એમપીએમડબલ્યુએ હાજરી આપી હતી.

# ૩૫ લાખથી વધુ યુઝર્સ અને ૬ લાખથી વધુ ડ્રાઈવર્સ સાથે 'ભારત ટેક્સી' બની વિશ્વની સૌથી મોટી મોબિલિટી કોઓપરેટિવ

**ભારત ટેક્સી સાથે જોડાયેલા ડ્રાઇવર્સની માસિક આવકમાં ૨૫% થી ૩૦%નો વધારો : પારદર્શક સિસ્ટમથી મુસાફરોને થઈ રહી છે લગભગ ૧૫%ની બચત : ૧૦,૦૦૦થી વધુ ડ્રાઇવરોને સોફ્ટ સ્કિલ્સ અને ડિજિટલ હેન્ડલિંગની વ્યાવસાયિક તાલીમ આપવામાં આવી**







ગાંધીનગર : - કચ્છઉદય : સામાન્ય રીતે જ્યારે પણ 'સહકારિતા' શબ્દનો ઉલ્લેખ થાય, ત્યારે સૌને અમૂલની દૂધ ક્રાંતિ યાદ આવે છે. પરંતુ, આજે ગુજરાતની સડકો પર એક નવી ડિજિટલ ક્રાંતિ દોડી રહી છે જેનું નામ છે 'ભારત ટેક્સી'. આ માત્ર એક ઍપ નથી, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સપનાને સાકાર કરતી એ હજારો ડ્રાઈવરોની ગાથા છે, જે હવે કોઈ કંપનીના કર્મચારી નહીં, પણ આ મોબિલિટી પ્લેટફૉર્મના સ્વયં માલિક છે. ૫ ફેબ્રુઆરીએ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા લૉન્ચ કરવામાં આવેલી આ પહેલ ટેક્નોલૉજી અને માનવીય ગરિમાના સંગમનું વિશ્વનું સૌથી મોટું ઉદાહરણ બની રહી છે.

ભારત ટેક્સીના ચૅરમૅન અને અમૂલના એમડી જયેન મહેતાના મતે આ પરિવર્તન એક મોટી ક્રાંતિ સમાન છે. તેમણે કહ્યું કે, "ભારત ટેક્સીએ ડ્રાઈવર-ઓન્ડ મૉડલને વાસ્તવિકતા બનાવીને એ સુનિશ્ચિત કર્યું છે કે, રાઈડની ૧૦૦% કમાણી કોઈપણ કપાત વિના સીધી ડ્રાઈવરો સુધી પહોંચે. આજે તે દુનિયાની સૌથી મોટી મોબિલિટી કોઓપરેટિવ તરીકે ઊભરીને ડ્રાઈવરોના સ્વાભિમાનને વધારી રહી છે, સાથે જ 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનનો વૈશ્વિક સ્તરે એક નવો બેન્ચમાર્ક પણ સ્થાપિત કરી રહી છે.

ગુજરાતમાં ૧ લાખ સહિત દેશભરમાં ૬ લાખથી વધુ ડ્રાઈવરો અને ૩૫ લાખથી વધુ ઍપ ડાઉનલોડ્સની સાથે ભારત ટેક્સી ઝડપથી એક મજબૂત રાષ્ટ્રીય પ્લેટફૉર્મ બની રહી છે. અમદાવાદ અને સુરતમાં જબરદસ્ત સફળતા મેળવ્યા પછી, હવે વડોદરા આ કંપનીના વિસ્તારનું આગામી મુખ્ય કેન્દ્ર છે. પોતાની જમીની સ્તરની હાજરીને વધુ મજબૂત કરવા માટે આઈટી પાર્ક, હાઉસિંગ સોસાયટીઓ અને એરપોર્ટ જેવા ઉચ્ચ આવાગમનવાળા વિસ્તારોમાં વપરાશકર્તાઓ સાથે સીધા જોડાવા માટે કંપની 'બિલો ધ લાઈન'ની વ્યૂહરચના અપનાવી રહી છે, જે તેને એક જનકેન્દ્રિત બ્રાન્ડ બનાવે છે.

આ વધતા નેટવર્ક અને સરળ પ્રક્રિયા અંગે અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયનના પ્રેસિડેન્ટ અજય કુમાર ગુપ્તા કહે છે, "ગ્રાહકોને એ બાબત ખૂબ આકર્ષિત કરે છે કે, આ 'આપણા ભારતની કંપની' છે અને તેમાં ડ્રાઈવરો પાસેથી કોઈ કમિશન લેવામાં નથી આવતું. તમામ ડ્રાઈવરોને મારી અપીલ છે કે, તેઓ આની સાથે જોડાય. તેની પ્રક્રિયા એટલી સરળ છે કે, એપ્લિકેશન પર દસ્તાવેજો સબમિટ કર્યાના માત્ર ૧૨ કલાકમાં મંજૂરી મળી જાય છે."

## કમીશનનો 'ખેલ' ખતમ, હવે ડ્રાઇવર્સ જ માલિક

મોબિલિટી ક્ષેત્રમાં અત્યાર સુધી ડ્રાઇવરો માટે સૌથી મોટી મુશ્કેલી ભારે કમિશન અને અનિશ્ચિત આવક રહી છે. પરંતુ 'ભારત ટેક્સી'એ આ જૂની પેટર્નને બદલી નાખી છે. અહીં કોઈ વચેટિયા કે કોર્પોરેટ નથી, પરંતુ ડ્રાઇવર્સ જ આ કોઓપરેટિવના સ્ટેકહોલ્ડર્સ છે. તેનો સીધો પ્રભાવ પાયાના સ્તરે જોવા મળી રહ્યો છે. આ પ્લેટફોર્મમાં જોડાયા પછી, એક સરેરાશ ડ્રાઇવરની માસિક આવક ૨૫% થી ૩૦% વધી છે. આ આંકડો ફક્ત કમાણીનો નહીં, પરંતુ એ હજારો પરિવારોની સમૃદ્ધિનો દસ્તાવેજ છે, જેઓ હવે પરંપરાગત એગ્રીગેટર મૉડલથી બહાર નીકળી રહ્યા છે. ડ્રાઈવરોના જીવનમાં આવેલા આ બદલાવને પ્રવીણ ઠાકોરના અનુભવથી સારી રીતે સમજી શકાય છે. તેઓ કહે છે કે, "અન્ય કંપનીઓ સાથે કામ કરવું હવે ફાયદાકારક રહ્યું ન હતું. પરંતુ, 'ભારત ટેક્સી' સાથે જોડાયા પછી અમને વધુ સારો રેટ અને પ્રતિસાદ મળી રહ્યા છે. આ મૉડલ સાથે જોડાઈને કોઈપણ ડ્રાઈવર સારી કમાણી કરીને પોતાના પરિવારનું ભવિષ્ય સુરક્ષિત બનાવી શકે છે.

### પારદર્શક સિસ્ટમથી મુસાફરોને થઈ રહી છે લગભગ ૧૫%ની બચત

ભારત ટેક્સી ફક્ત ડ્રાઈવર્સની આવક વધારવા સુધી સીમિત નથી, પરંતુ તેણે 'પેસેન્જર એક્સપીરિયન્સ'ને પણ નવો આયામ આપ્યો છે. ખાનગી એગ્રીગેટર પ્લેટફોર્મ્સમાં ઘણીવાર ડાયનેમિક પ્રાઈસિંગને કારણે ફેરમાં અનિશ્ચિતતા રહેતી હોય છે. જો કે, ભારત ટેક્સીએ આ માળખું સ્થિર અને પારદર્શક રાખ્યું છે. આનો મુસાફરોને સીધો ફાયદો થઈ રહ્યો છે અને તેઓ સરેરાશ ૧૫% ઓછું ભાડું ચૂકવી રહ્યા છે. મુસાફરોની આ બચત અને ડ્રાઈવરોની સ્વતંત્રતાના આ 'વિન-વિન' મૉડલ અંગે ડ્રાઈવર જનક બારોટ કહે છે કે, "અહીં શૂન્ય કમિશન છે અને ચૂકવણી સીધી અમારા ખાતામાં થાય છે; અમને એક માલિક હોવાનો અનુભવ થાય છે. અન્ય કંપનીઓ ?૩૦/કિમી ભાડું વસૂલે છે, જેની સરખામણીમાં અમે ગ્રાહકો પાસેથી ?૧૭-૧૮ ભાડું લઈ રહ્યા છીએ, જે તેમના માટે પણ ફાયદાકારક છે. ભવિષ્યમાં સંસ્થાના વિસ્તરણ સાથે અમને પેન્શન અને વીમા જેવી યોજનાઓનો લાભ પણ મળશે."

### રાજ્ય પોલીસનું 'સુરક્ષા કવચ' અને ઇન્ટિગ્રેટેડ ટ્રાન્ઝિટ સિસ્ટમની સુવિધા

સલામતી અને ટેક્નોલૉજીનો અજોડ મિશ્રણનો પુરાવો છે- ગુજરાત પોલીસ સાથે તેનું સીધું જીજી સંકલન, જે મુસાફરો અને ડ્રાઈવરો માટે 'સુરક્ષા કવચ' તરીકે કાર્ય કરે છે. વધુમાં, સોમનાથ અને દ્વારકા જેવા પવિત્ર યાત્રાધામો માટે એક સમર્પિત રૂટ કનેક્ટિવિટીના કારણે ભારત ટેક્સી માત્ર શહેરી પરિવહન સુધી સીમિત ન રહેતા, શ્રદ્ધાળુઓની આસ્થા અને વિશ્વાસની સારથિ પણ બની ગઈ છે. વધુમાં, સેવાની ગુણવત્તા જાળવી રાખવા માટે, ૧૦,૦૦૦થી વધુ ડ્રાઈવરોને ડિજિટલ સાક્ષરતા અને સોફ્ટ સ્કિલ્સમાં વ્યાપક તાલીમ આપવામાં આવી છે. મેટ્રો, જીએસઆરટીસીઅને એરપોર્ટ ઓથોરિટી સાથેની તેની 'ઇન્ટિગ્રેટેડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' એ ગુજરાતમાં મુસાફરીને એક સરળ અનુભવમાં પરિવર્તિત કરી છે.

# કચ્છમાં જળ ક્રાંતિ : સ્થાનિક લોકભાગીદારી અને જન સહયોગથી કચ્છની સૂકી ધરતી બનશે પાણીદાર

**ધોળકિયા ફાઉન્ડેશન અને કચ્છ જલધારા સેવા સંઘના સહયોગથી ૨૬ સરોવરોનું નિર્માણ**





ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે કાર્યરત કચ્છ જલધારા સેવા સંઘ અને પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના નેતૃત્વ હેઠળના ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં જળ સંચયનું અભૂતપૂર્વ ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. કચ્છના ભુજ, નખત્રાણા, લખપત અને માંડવી તાલુકાના ગામડાઓમાં પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે સંસ્થાઓ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૨૬ સરોવરોને પુનર્જીવિત અને ઊંડા કરવાની કામગીરી ચાલી રહી છે.

આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ અત્યાર સુધીમાં ૧૬ સરોવરોનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, જે આગામી ચોમાસામાં જળ સંગ્રહ કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. આ ઉપરાંત અન્ય ૧૦ સરોવરો પર યુદ્ધના ધોરણે કામગીરી પ્રગતિમાં છે. આ માટે ૧૧ હિટાચી મશીનો અને ૨૨ હાઈવા ટ્રકોનો ઉપયોગ કરીને તળાવોને ઊંડા કરવામાં આવી રહ્યા છે. આ સમગ્ર અભિયાનની વિશેષતા એ છે કે તે માત્ર ઓફિસની ફાઈલો પૂરતું સીમિત નથી, પરંતુ પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા પોતે સાઈટ પર ઉપસ્થિત રહીને ગ્રામજનોનું મનોબળ વધારે છે.

આ જળ ક્રાંતિનો સૌથી મોટો પાસું સ્થાનિક લોકભાગીદારી છે, જેમાં ગ્રામજનો સ્વૈચ્છિક રીતે શ્રમદાન આપી રહ્યા છે. આ સરોવરો ભરાવાથી આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળના સ્તરમાં નોંધપાત્ર વધારો થશે, જેનો સીધો લાભ ખેડૂતો અને પશુપાલકોને મળશે. જળ સંચયની સાથે પર્યાવરણને હરિયાળું બનાવવા માટે તળાવોની આસપાસ પીપળ, વડ અને આંબા જેવા વૃક્ષોનું મોટા પાયે વાવેતર કરવાનું પણ આયોજન છે.

આ ભગીરથ કાર્યમાં કચ્છ જલધારા સેવા સંઘના કેશુભાઈ ઠાકરાણી અને પ્રભુભાઈ માકાણી સ્થાનિક સ્તરે સંકલન કરી રહ્યા છે, જ્યારે પ્રોજેક્ટ મેનેજર કનક પટેલ ટેકનિકલ માર્ગદર્શન અને સંચાલન સંભાળે છે. સાથે જ સંસ્થાના કાર્યકર્તાઓ પરસોત્તમભાઈ વેકરીયા અને પ્રકાશભાઈ ચૌધરી પણ આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ છે. જળ સંચયના આ વૈશ્વિક મિશન દ્વારા કચ્છની સરહદી ધરતીને નવજીવન આપવાના પ્રયાસોને સૌ કોઈ આવકારી રહ્યા છે.

**એક નવી આશા અને પડકારો**

## ગુજરાતનો મહત્વાકાંક્ષી 'કલ્પસર પ્રોજેક્ટ' ફરી ચર્ચામાં : નેધરલેન્ડની મદદથી વેગ મળવાની આશા

ગાંધીનગર : ગુજરાત સરકારના દાયકાઓ જૂના સ્વપ્ન સમાન કલ્પસર પ્રોજેક્ટને ફરી એકવાર નવી ગતિ મળી છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેધરલેન્ડ મુલાકાત દરમિયાન ભારત અને નેધરલેન્ડ વચ્ચે જળ વ્યવસ્થાપન માટે એક ખાસ સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય કલ્પસર પ્રોજેક્ટ જેવી જટિલ ઈજનેરી સમસ્યાઓના ઉકેલ માટે નેધરલેન્ડના વૈશ્વિક અનુભવ અને ટેકનિકલ કુશળતાનો ઉપયોગ કરવાનો છે.

કલ્પસર પ્રોજેક્ટ એટલે ગલ્ફ ઓફ ખંભાત ડેવલપમેન્ટલ પ્રોજેક્ટ. આ યોજના અંતર્ગત ખંભાતના અખાતમાં એક વિશાળ ડેમ બનાવવાનો પ્રસ્તાવ છે. આ ડેમ દ્વારા નર્મદા, મહી, સાબરમતી સહિતની સાત નદીઓનું ચોમાસું પાણી જે અત્યારે દરિયામાં વહી જાય છે, તેને રોકીને એક વિશાળ મીઠા પાણીનો સંગ્રહ તૈયાર કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ સાકાર થવાથી સૌરાષ્ટ્રના નવ જિલ્લાઓના બેતાલીસ તાલુકાઓમાં અંદાજે દસ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા મળી રહેશે અને પીવાના પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ આવશે. ડેમની ઉપર દસ લેનનો રોડ અને રેલવે કોરિડોર બનાવવાનું આયોજન છે, જેનાથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર અંદાજે બસો કિલોમીટર જેટલું ઘટી જશે, પરિણામે સમય અને ઈંધણની મોટી બચત થશે. આ ઉપરાંત ડેમ અને જળાશયની આસપાસ પવન અને સૌર ઊર્જા દ્વારા વીજ ઉત્પાદનની પણ સંભાવનાઓ તપાસવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટ તેના વિશાળ સ્વરૂપની સાથે જટિલ પડકારો પણ ધરાવે છે. ખંભાતનો અખાત વિશ્વના સૌથી ઉંચી ભરતી-ઓટ ધરાવતા વિસ્તારોમાંનો એક છે, જ્યાં દસથી અગિયાર મીટર સુધી ભરતી આવે છે, જેથી આટલા મોટા ડેમનું નિર્માણ એક મોટો ઈજનેરી પડકાર છે. આ ઉપરાંત દરિયાઈ જીવસૃષ્ટિ અને માછીમારી ઉદ્યોગ પર તેની થનારી અસર વિશે પણ પર્યાવરણીય ચિંતાઓ રહેલી છે. પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ પણ ખૂબ જ ઊંચો છે, જે આશરે પંચાસી હજાર કરોડથી દોઢ લાખ કરોડ રૂપિયા સુધીનો હોઈ શકે છે.

છેલ્લા ઘણા વર્ષોથી આ પ્રોજેક્ટ માત્ર કાગળ પર રહ્યો હતો, પરંતુ હવે નેધરલેન્ડની ટેકનિકલ મદદથી પ્રોજેક્ટના બાકી રહેલા સર્વેક્ષણો અને ક્લોઝર મેથડોલોજી પર કામ ઝડપી બનવાની આશા છે. નિષ્ણાતોના મતે, જો આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક સાકાર થાય, તો તે માત્ર ગુજરાત જ નહીં પરંતુ ભારત માટે જળ સુરક્ષા અને આબોહવા પરિવર્તન સામે લડવા માટેનું એક શ્રેષ્ઠ મોડેલ બની શકે છે.

# કચ્છનું ગ્રીન પાવર હબ હવે દેશને આપશે ઉર્જા

**ખાવડાથી ૧૨૦૦ કિમી લાંબી લાઈન દ્વારા નાગપુરને મળશે ૬ ગીગાવોટ વીજળી : વૈશ્વિક સ્તરના રિન્યુએબલ એનર્જી પાર્કનું કચ્છથી નાગપુર સુધીનું જોડાણ : ૨૪,૮૧૯ કરોડના ખર્ચે દેશના પ્રથમ ગ્રીન એનર્જી હાઈવેનું નિર્માણ**

ભુજ - કચ્છઉદય : કચ્છના રણની ગોદમાં આકાર લઈ રહેલું વિશ્વનું સૌથી મોટું રિન્યુએબલ એનર્જી પાર્ક હવે માત્ર કચ્છ કે ગુજરાતની સરહદો પૂરતું સીમિત નહીં રહે, પરંતુ દેશની આર્થિક અને ઉર્જા સુરક્ષામાં સીમાચિહ્નરૂપ ભૂમિકા ભજવશે. કચ્છના ખાવડા ખાતે વિકસિત થઈ રહેલા આ વિશાળ એનર્જી પાર્કમાંથી ઉત્પન્ન થતી ૬,૦૦૦ મેગાવોટ એટલે કે ૬ ગીગાવોટ જેટલી પ્રચંડ ગ્રીન એનર્જી હવે સીધી મહારાષ્ટ્રના નાગપુર સુધી પહોંચાડવા માટે એક મહત્વાકાંક્ષી પાવર કોરિડોર તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૨૦૦ કિલોમીટર લાંબી હાઈ વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ એટલે કે એચવીડીસી ટ્રાન્સમિશન લાઈન બિછાવવામાં આવશે, જે કચ્છના ખાવડાને સીધું નાગપુર સાથે જોડશે.

૨૪,૮૧૯ કરોડ રૂપિયાના જંગી રોકાણ સાથે સાકાર થનારી આ પરિયોજનામાં હિટાચી એનર્જી, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ જેવી દિગ્ગજ કંપનીઓ સાથે મળીને કામ કરી રહી છે. વર્ષ ૨૦૨૯ સુધીમાં આ પ્રોજેક્ટને પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. કચ્છના ૭૨,૬૦૦ હેક્ટરમાં ફેલાયેલા આ મેગા પ્રોજેક્ટનું કદ સિંગાપોર કરતા પણ ત્રણ ગણું વધારે છે, અને અહીંથી ઉત્પન્ન થતી સૌર અને પવન ઉર્જાને લાંબા અંતર સુધી લઘુત્તમ નુકસાન સાથે પહોંચાડવા માટે આ અત્યાધુનિક એચવીડીસી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નાગપુર ખાતે આ પ્રોજેક્ટ અંતર્ગત એક ખાસ કન્વર્ટર સ્ટેશન પણ બનાવવામાં આવશે, જે કચ્છથી આવતી વીજળીને મહારાષ્ટ્ર અને તેની આસપાસના અન્ય રાજ્યો સુધી સરળતાથી વિતરણ કરવામાં મદદરૂપ થશે. આ પ્રોજેક્ટને દેશનો પ્રથમ ગ્રીન એનર્જી પાવર હાઈવે માનવામાં આવી રહ્યો છે. કચ્છના પાવર હબને મળતી આ વૈશ્વિક ઓળખને કારણે સમગ્ર દેશમાં કચ્છનું નામ ગુંજી ઉઠ્યું છે. આ પહેલથી કોલસા આધારિત વીજળી પરની નિર્ભરતા ઘટશે અને પ્રદૂષણ ઘટાડવામાં પણ મોટી સફળતા મળશે. ખાસ કરીને વિભિન્ન ઉદ્યોગો જેવા કે ઓટોમોબાઈલ, સ્ટીલ અને ડેટા સેન્ટરોને કચ્છમાં ઉત્પન્ન થતી આ સ્વચ્છ ઉર્જા મળી રહેશે. કચ્છની આ ધરતી હવે માત્ર રણ તરીકે નહીં, પરંતુ ભારતને ઉર્જાવાન બનાવતા એક આધુનિક ગ્રીન એનર્જી એન્જિન તરીકે વિશ્વભરમાં પોતાની આગવી છાપ છોડી રહી છે.

## મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર સિંહના બાળ મૃત્યું અંગે બેઠક મળી

ગાંધીનગર : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગીર વિસ્તારમાં થયેલા સિંહ બાળ મૃત્યુ અંગેની તલસ્પર્શી વિગતો ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને મેળવી હતી. બેઠકમાં ૪ સિંહ બાળના મૃત્યુ જુદા જુદા વિસ્તારોમાં થયા છે અને આ વિસ્તારના કુલ ૧૭ જેટલા સિંહોને આઈસોલેટ કરીને તેની કાળજી લેવામાં આવી રહી છે. તેની વિગતો વન પર્યાવરણ અગ્ર સચિવ ડો. વિનોદ રાવે આપી હતી. ગીર ગઢડા અને બાબરીયા વિસ્તારના ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં રહેલા તમામ સિંહોનું સઘન મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે અને તેમનામાં કોઇ અન્ય બિમારીના લક્ષણો જણાઇ આવ્યા નથી. અમરેલી અને ભાવનગર જીલ્લાના મહેસુલી વિસ્તારમાં તમામ સિંહોનું સઘન નિરિક્ષણ વન વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે અને તેનો દૈનિક અહેવાલ પણ મેળવવામાં આવે છે. ઉનાળાની શરૂઆતમાં જોવા મળતી આવી સીઝનલ બિમારી સામે સલામતીના ભાગરૂપે ગીર વિસ્તારના ૩૫૦ થી વધુ સિંહોના ડી ટીકીંગ અને અન્ય આરોગ્યલક્ષી પગલાઓની કામગીરી હાથ ધરવામાં આવી છે તેની વિગતો પણ આ બેઠકમાં મુખ્યમંત્રીને આપવામાં આવેલ હતી. કામગીરીમાં જૂનાગઢ વેટરનરી કોલેજના નિષ્ણાંત તબિબો પણ જોડાયા છે તેમ અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલસિંહે જણાવ્યુ હતુ. મુખ્યમંત્રીના સચિવ સંજીવકુમાર, અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે, હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ જયપાલસિંઘ અને મુખ્યમંત્રીના સચિવ ડો.અજયકુમાર આ બેઠકમાં જોડાયા હતા.

## જૂનાગઢ શહેરને રેલવેના ફાટકોના ત્રાસમાંથી મુક્તિ અપાવવા શક્તિસિંહ ગોહિલ દ્વારા રજૂઆત

અમદાવાદ - કચ્છઉદય : રેલવે બોર્ડે જૂનાગઢમાં ગ્રોફેડ પાસે મીટરગેજનું નવું રેલવે સ્ટેશન બનાવવા મંજૂરી આપી છે. જૂનાગઢના જાગૃત નાગરિકો તથા જુદી જુદી લડત સમિતિના સભ્યોને અભિનંદન શક્તિસિંહ ગોહિલ દ્વારા પાઠવવામાં આવ્યા હતા.

વધુમાં જણાવ્યું હતું કે, જૂનાગઢના જાગૃત નાગરિકો તથા લડત સમિતિના સભ્યોએ જૂનાગઢની જનતાને થતી હેરાનગતિ માટે રજૂઆત કરવામાં આવી હતી. સંસદમાં જૂનાગઢની આ સમસ્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાજ્યસભાના ચેરમેનને મળીને આ અંગે વાત કરતા તેઓએ પણ રેલવે મંત્રીને યોગ્ય કરવા જણાવેલ હતું. રેલવે મંત્રી તરફથી ચેરમેનને ખાત્રી અપાયા બાદ આવેલ નિર્ણય આવકારદાયક છે. સરકાર હવે કામ સત્વરે પૂર્ણ કરશે અને નિર્ણય કાગળ ઉપર નહીં રહે. આ અંગે રેલવે મંત્રાલયને પણ સત્વરે કામ પૂર્ણ કરવા રજૂઆત કરી હતી તેવું સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું.

## કેન્દ્રીય ગૃહમંત્રીની મુલાકાતને પગલે પશ્ચિમ કચ્છમાં બે દિવસ માટે ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

ભુજ - કચ્છઉદય : ભારતના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની આગામી કચ્છ મુલાકાતને ધ્યાનમાં રાખીને સુરક્ષાના હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા મેજીસ્ટ્રેટ અનિલ રણવાસિયાએ પશ્ચિમ કચ્છ પોલીસ હદ વિસ્તારને તા.૨૮ થી ૨૯ મે ૨૦૨૬ સુધી એમ કુલ બે દિવસ માટે 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કર્યો છે. આ સમયગાળા દરમિયાન પશ્ચિમ કચ્છના સમગ્ર વિસ્તારમાં રિમોટ કંટ્રોલથી ચાલતા ડ્રોન, ક્વાડકોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ, માનવ સંચાલિત માઈક્રો એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર, પેરાગ્લાઈડિંગ, પેરા મોટર, હોટ એર બલૂન અને પેરા જમ્પિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ જાહેરનામાના અમલીકરણ અને તપાસની જવાબદારી જિલ્લાના પોલીસ અધિકારીઓ તથા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરના કર્મચારીઓની રહેશે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામામાંથી મુક્તિ આપવાના અધિકારો પશ્ચિમ કચ્છ-ભુજના પોલીસ અધિક્ષકને સોંપવામાં આવ્યા છે.

## બિદડા ખાતે ક્ષત્રિય સંઘાર સમાજના નવનિયુક્ત પદાધિકારીઓનું ભવ્ય સન્માન સમારોહ યોજાયો

ભુજ - કચ્છઉદય : બિદડા ખાતે રાજપૂતાના સંઘાર ટ્રસ્ટના ઉપક્રમે ક્ષત્રિય સંઘાર સમાજના વિવિધ સંગઠનાત્મક, રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ હોદ્દાઓ પર નવનિયુક્ત થયેલા આગેવાનોના સન્માન માટે વિશાળ અને ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં વિવિધ સ્તરે જવાબદારી સંભાળનાર ૩૦થી વધુ પદાધિકારીઓ તથા બહેનોનું આ પ્રસંગે શાલ, ફૂલહાર અને સન્માનચિહ્ન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સમાજના પરંપરાગત મૂલ્યો, એકતા અને સંગઠનના મહત્વને ઉજાગર કરતા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. "સંસ્કાર એ સંકલ્પ, સેવા એ પ્રતિબદ્ધતા, એકતા એ શક્તિ, સંગઠન એ સફળતા, શૌર્ય અમારી ઓળખ અને સંસ્કાર અમારી શક્તિ" જેવા ગુંજતા સૂત્રોએ સમગ્ર માહોલને ઉત્સાહપૂર્ણ બનાવી દીધો હતો. વક્તાઓએ પોતાના પ્રવચનોમાં જણાવ્યું હતું કે સમાજની પ્રગતિ માટે યુવા પેઢીએ સંસ્કાર, શિસ્ત અને સેવા ભાવનાને જીવનનો આધાર બનાવવો જરૂરી છે.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ સમાજના સંગઠનાત્મક મજબૂતિકરણ, યુવાનોની ભાગીદારી અને શિક્ષણ તેમજ સામાજિક જાગૃતિના વિસ્તરણ પર ભાર મૂક્યો હતો. ખાસ કરીને સમાજના પ્રતિભાશાળી આગેવાનોને વિવિધ રાજકીય અને સામાજિક પદો પર મળેલી જવાબદારીને સમગ્ર સમાજ માટે ગૌરવરૂપ ગણાવવામાં આવી હતી. સાથે જ આગેવાનો દ્વારા સમાજમાં એકતા જાળવી રાખીને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ વધુ સશક્ત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ સન્માન સમારોહમાં કચ્છ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરેશ સંઘાર, જિલ્લા પંચાયત સભ્ય વાલજીભાઈ સંઘાર, સહયોગી દાતા મંગલ સંઘાર, તાલુકા પંચાયત સભ્ય પરેશ સંઘાર, પ્રદેશ ભાજપ કિસાન મોરચાના કારોબારી સભ્ય કાનજી સંઘાર, ભચાઉ તાલુકા ભાજપના મંત્રી પ્રકાશ સંઘાર, માંડવી તાલુકા ભાજપના મંત્રી ભાવેશ સંઘાર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી સમાજ માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન કિસાન મોરચા કચ્છ જિલ્લા ભાજપના ડો. ખુશાલ ચંદ્રોગાએ સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કિશોરસિંહ સરવૈયાએ કર્યું હતું, જ્યારે અંતમાં મંગલભા સંઘારે આભારવિધિ વ્યક્ત કરી સૌના સહકાર માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. બિદડા ખાતે યોજાયેલો આ ભવ્ય સન્માન સમારોહ સમાજમાં એકતા, સંગઠન અને સામાજિક જવાબદારીના ભાવને વધુ મજબૂત બનાવતો મહત્વપૂર્ણ પ્રસંગ સાબિત થયો હતો.

# ગુજરાત ટાઇટન્સની ટીમે વૈભવની દુખતી નસ પકડી લીધી? આઉટ કરવા માટે બનાવ્યો સ્પેશિયલ પ્લાન

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : ગુજરાત ટાઈટન્સના આસિસ્ટન્ટ કોચ પાર્થિવ પટેલે રાજસ્થાન રોયલ્સના આક્રમક ઓપનિંગ બેટ્સમેન વૈભવ સૂર્યવંશીના શાનદાર ફોર્મના વખાણ કર્યા છે. આઈપીએલ ૨૦૨૬નો બીજો ક્વોલિફાયર મુકાબલો આજે ૨૯ મે શુક્રવારના રોજ ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાશે. બંને ટીમો શાનદાર ફોર્મમાં છે અને ફેન્સને પૈસા વસૂલ મેચ જોવા મળી શકે છે. આ આગામી મુકાબલામાં એકવાર ફરી વૈભવ સૂર્યવંશીની બેટિંગ પર બધાની નજર રહેશે, જે આ સીઝનમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. આગામી મેચ પહેલા ગુજરાતના આસિસ્ટન્ટ કોચ પાર્થિવ પટેલે જણાવ્યું કે ગુજરાતની ટીમ વૈભવનો સામનો કરવા માટે કેટલીક વ્યૂહનીતિ બનાવી રહી છે.

પાર્થિવ પટેલે કહ્યું છે કે, ગુજરાત ટાઈટન્સની ટીમે યુવા બેટ્સમેનના વીડિયો જોયા છે અને અન્ય ટીમની જેમ તેઓ પણ તેને મેચમાં ઝડપથી આઉટ કરવાનો પ્રયાસ કરશે. જો કે પાર્થિવ પટેલે પોતાની સચોટ વ્યૂહનીતિઓને ગુપ્ત રાખી હતી. તેમણે કહ્યું કે મેદાન પર આ પ્લાન કેટલા સારી રીતે લાગુ કરવામાં આવે છે,



તે જ મેચનું પરિણામ નક્કી કરશે.

પાર્થિવ પટેલે મેચની પૂર્વ સંધ્યાએ કહ્યું, 'વૈભવ જે રીતે બેટિંગ કરી રહ્યો છે, તેનાથી હું ખૂબ પ્રભાવિત છું. આશા છે કે અમે મેચની શરૂઆતમાં જ તેને આઉટ કરવાનો પ્રયાસ કરીશું. જે રીતે બાકીની તમામ ટીમો વ્યૂહનીતિ બનાવી રહી છે, અમે પણ વીડિયો જોયા છે. આશા છે કે અમે અમારી યોજનાને મેદાન પર લાગુ કરવામાં સફળ રહીશું. પરંતુ તે પ્લાન શું છે, તે તો અમે મેદાન પર ઉતરીને જ જણાવી શકીશું. તે એક અસાધારણ પ્રતિભા રહ્યો છે અને જે અંદાજમાં રમી રહ્યો છે તે શાનદાર છે. પરંતુ વિરોધી ટીમ તરીકે અમે કાલે આશા રાખીએ છીએ કે તેનું બેટ ન ચાલે.'

રોયલ્સ પાસે સૂર્યવંશી અને જોફ્રા આર્ચરના રૂપમાં 'એક્સ ફેક્ટર' છે જ્યારે ટાઈટન્સની ટીમ નિરંતરતા પર નિર્ભર કરે છે. પાર્થિવે કહ્યું, 'જ્યાં સુધી અમને પરિણામ મળી રહ્યા છે ત્યાં સુધી અમારે એ બાબતે વિચારવાની જરૂર નથી કે અમારે એક્સ ફેક્ટર જોઈએ છે કે સાતત્ય. વાત બસ બધી વસ્તુઓને યોગ્ય જગ્યાએ લાવવાની અને પરિણામ મેળવવાની છે.' ટાઈટન્સે ૨૦૨૨માં પોતાની ડેબ્યૂ સીઝનમાં જ ખિતાબ જીત્યું હતું અને ફ્રેન્ચાઈઝીના ઈતિહાસમાં માત્ર એક જ વાર પ્લેઓફમાં જગ્યા બનાવી શકી નથી.

તેમણે કહ્યું, 'ગુજરાત ટાઈટન્સની શરૂઆતથી અત્યાર સુધી પાંચમાંથી ચાર વર્ષ અમે ક્વોલિફાય કર્યું છે. પરિણામ બધાની સામે છે. દરેકની રમવાની પોતાની અલગ રીત હોય છે. અમારે રમવાની પોતાની અલગ શૈલી છે. ટૂર્નામેન્ટના ફર્સ્ટ હાફમાં પણ અમે બહુ સારું ન હતા કરી રહ્યા. અમે બસ ઠીક-ઠાક રમી રહ્યા હતા. પરંતુ તેમ છતાં અમે અમારી પ્રક્રિયા પર ટકેલા રહ્યા. અમને અમારી ક્ષમતા પર ભરોસો છે. અમે જાણીએ છીએ કે અમે શું કરી શકીએ છીએ. અને આ જ તે વસ્તુ છે જેને અમે કાલે (શુક્રવારે) પણ કરવાનો પ્રયાસ કરીશું.'

# છેલ્લાં ૮ વર્ષનો સિલસિલો જળવાઈ રહ્યો તો રવિવારે ફરી ચેમ્પિયન બનશે બેંગ્લોર

(એજન્સી દ્વારા)

બેંગ્લુરૂ : મંગળવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન અને આ સીઝનની નંબર વન ટીમ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલુરુએ ક્વૉલિફાયર ૧માં ગુજરાત ટાઇટન્સને હરાવીને ટ્રોફી તેઓ જ જાળવી રાખશે એવું ઑલમોસ્ટ નક્કી કરી લીધું છે. એનું કારણ છે, ૨૦૧૧થી સેમી ફાઇનલને બદલે પ્લેઑફનું ફૉર્મેટ અમલમાં આવ્યું છે ત્યારે અત્યાર સુધીની ૧૫ સીઝનમાંથી ૧૨ વાર ક્વૉલિફાયર૧માં જીતનાર ટીમ જ ચૅમ્પિયન બની છે. ૨૦૧૮થી, સતત છેલ્લી ૮ સીઝનથી તો એ જ સિલસિલો જળવાઈ રહ્યો છે. માત્ર બે જ વાર ક્વૉલિફાયર૧માં હારનાર ટીમ ટ્રોફી જીતી શકી છે, ૨૦૧૩ અને ૨૦૧૭માં એ કમબૅકની કમાલ મુંબઈ ઇન્ડિયન્સ ટીમે કરી હતી. બૅન્ગલોરને ડર ૨૦૧૬નો એલિમિનેટરમાં રમીને પણ ચૅમ્પિયન બનવાનું માત્ર એક



વાર ૨૦૧૬માં બન્યું હતું. ત્યારે બૅન્ગલોરે આ સીઝનની જેમ જ ક્વૉલિફાયર૧માં ગુજરાતની જ ટીમને હરાવીને સીધો ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સનરાઇઝર્સ હૈદરાબાદ એલિમિનેટરમાં કોલકાતા નાઇટ રાઇડર્સને હરાવીને ક્વૉલિફાયર૨માં પહોંચી હતી અને ત્યાં ગુજરાતને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. રોમાંચક ફાઇનલમાં હૈદરાબાદ ૮ રનથી જીત મેળવીને ચૅમ્પિયન બની ગઈ હતી. બૅન્ગલોરને એવું રિપીટ ન થાય એનો ડર મનમાં જરૂર હશે.

**૨૦૧૮થી સતત અને ૧૫ સીઝનમાંથી ૧૨ વાર ક્વોલિફાયર-૧માં જીતનાર ટીમે જ જીતી છે ટ્રોફી**


### ૨૦૧૧થી અત્યાર સુધી ક્વોલિફાયર-૧ની વિજેતા અને ચેમ્પિયન બનનાર ટીમ પર એક નજર

| સીઝન | ક્વોલિફાયર૧માં વિજેતા | ચેમ્પિયન |
|---|---|---|
| ૨૦૧૧ | ચેન્નઈ સુપર કિંગ્સ | ચેન્નઈ સુપર કિંગ્સ |
| ૨૦૧૨ | કોલકાતા નાઈટ રાઈડર્સ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| ૨૦૧૩ | ચેન્નઈ સુપર કિંગ્સ | મુંબઈ ઈન્ડિયન્સ |
| ૨૦૧૪ | કોલકાતા નાઈટ રાઈડર્સ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| ૨૦૧૫ | મુંબઈ ઈન્ડિયન્સ | મુંબઈ ઈન્ડિયન્સ |
| ૨૦૧૬ | રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલુરુ | સનરાઈઝર્સ હૈદરાબાદ |
| ૨૦૧૭ | રાઈઝિંગ પુણે સુપર જાયન્ટ્સ | મુંબઈ ઈન્ડિયન્સ |
| ૨૦૧૮ | ચેન્નઈ સુપર કિંગ્સ | ચેન્નઈ સુપર કિંગ્સ |
| ૨૦૧૯ | મુંબઈ ઈન્ડિયન્સ | મુંબઈ ઈન્ડિયન્સ |
| ૨૦૨૦ | મુંબઈ ઈન્ડિયન્સ | મુંબઈ ઈન્ડિયન્સ |
| ૨૦૨૧ | ચેન્નઈ સુપર કિંગ્સ | ચેન્નઈ સુપર કિંગ્સ |
| ૨૦૨૨ | ગુજરાત ટાઈટન્સ | ગુજરાત ટાઈટન્સ |
| ૨૦૨૩ | ચેન્નઈ સુપર કિંગ્સ | ચેન્નઈ સુપર કિંગ્સ |
| ૨૦૨૪ | કોલકાતા નાઈટ રાઈડર્સ | કોલકાતા નાઈટ રાઈડર્સ |
| ૨૦૨૫ | રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલુરુ | રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલુરુ |

# વૈભવ સૂર્યવંશીને ટી૨૦ ટીમમાં તરત સિલેક્ટ કરો, પણ ટેસ્ટ-ક્રિકેટ માટે તે હજુ તૈયાર નથી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીના આઈપીએલને ગજબના પર્ફોર્મન્સને લીધે ક્રિકેટપંડિતો તેને તરત ભારતીય ટીમમાં સમાવેશ કરવાની માગણી કરી રહ્યા છે. આ બાબતે એક ઈન્ટરવ્યુમાં ભૂતપૂર્વ કૅપ્ટન સૌરવ ગાંગુલીએ મત વ્યક્ત કર્યો હતો કે તેને ટી૨૦ ટીમમાં સિલેક્ટ કરવો જોઈએ પણ ટેસ્ટ-ટીમ માટે હજુ વાર છે. સૂર્યવંશીના ભારતીય ટીમમાં સમાવેશ અંગે ગાંગુલીએ કહ્યું હતું કે 'ટી૨૦ ટીમમાં તેને તરત સિલેક્ટ કરવો જોઈએ,



પણ ટેસ્ટ-ક્રિકેટમાં હમણા નહીં. ટેસ્ટ-ટીમમાં પ્રવેશ માટે તેણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં હજુ વધુ રન બનાવવા પડશે. જોકે તે ખૂબ જ ટૅલન્ટેડ ખેલાડી છે. દુનિયાના કોઈ પણ બોલર સામે ૧૫ વર્ષના છોકરાને રમતો જોવો ખૂબ જ અદ્ભુત છે. તે ભારતનું ભવિષ્ય છે.'

# ૪.૫૦ કરોડની ૧ વિકેટ! આ ૫ 'ફ્લોપ' બોલરોએ આઈપીએલ ૨૦૨૬માં ટીમને કરાવ્યું મોટું નુકસાન

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ની લીગ સ્ટેજ પૂર્ણ થઈ ચૂકી છે. ક્વોલિફાયર ૧ રમાય ચૂકી છે. આ સાથે કેટલીક ટીમની સફર પૂર્ણ થઈ ચૂકી છે. આ સીઝનમાં બેટ્સમેનનો દબદબો રહ્યો છે પરંતુ કેટલાક બોલરોએ ઢગલાબંધ વિકેટો લીધી છે. પરંતુ કેટલીક ટીમ એવી છે. જેના બોલર ફ્લોપ રહ્યા છે. તેમની ટીમને કરોડો રુપિયાનું નુકસાન કરાવ્યું છે. તો ચાલો જોઈએ આ ખેલાડીઓ કોણ કોણ છે.

મુંબઈ ઈન્ડિયન્સના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહને આઈપીએલ ૨૦૨૬માં રમવા માટે ૧૮ કરોડ રુપિયા મળ્યા છે. આ સીઝનમાં તેમણે માત્ર ૪ વિકેટ લીધી છે.તેની એક વિકેટ ૪.૫૦ કરોડ રુપિયાની પડી છે.

પંજાબ કિંગ્સનો સ્ટાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલે આઈપીએલમાં કુલ ૧૨ વિકેટ લીધી છે. તેમને આ સીઝનમાં રમવા માટે કુલ ૧૮ કરોડ રુપિયા આપવામાં આવ્યા હતા. આ હિસાબે તેની એક વિકેટ ૧.૫૦ કરોડ રુપિયાની પડી છે. આ સીઝન તેના માટે ખરાબ રહી છે.


કેમરુન ગ્રીનને કેકેઆરે ૨૫.૨૦ કરોડ રુપિયામાં ટીમમાં સામેલ કર્યો હતો. આ ઓલરાઉન્ડરે ટૂર્નામેન્ટમાં કુલ ૭ વિકેટ પોતાના નામે કરી છે. તેની દરેક વિકેટ ટીમને ૩.૬૦ કરોડ રુપિયામાં પડી છે.

દિલ્હી કેપિટલ્સે ૧૦.૭૫ કરોડ રુપિયામાં ટી નટરાજનને ટીમમાં સામેલ કર્યો હતો. આ સીઝન નટરાજન માત્ર ૫ વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. નટરાજનની દરેક વિકેટ દિલ્હી કેપિટલ્સને ૨.૧૫ કરોડ રુપિયામાં પડી છે. નટરાજનને રમવાની ખુબ ઓછી તક મળી છે.

હાર્દિક પંડ્યાને મુંબઈ ઈન્ડિયન્સે ૧૬.૩૫ કરોડ રુપિયા આપ્યા છે. આ સીઝનમાં પંડ્યાએ માત્ર ૪ વિકેટ લીધી હતી. આ હિસાબથી તેની દરેક વિકેટ ૪.૦૯ કરોડ રુપિયાની પડી છે. મુંબઈ ઈન્ડિયન્સે માત્ર જસપ્રીત બુમરાહ નહી હાર્દિક પંડ્યાના કારણે મોટું નુકસાન થયુ છે.

# સચિન તેંડુલકરના વખાણ પર ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીની પ્રતિક્રિયા, કહ્યું- "મને તો ખબર જ નહોતી, આ ગર્વની વાત છે"

(એજન્સી દ્વારા) મુંબઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ની એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સના ૧૫ વર્ષના લેફ્ટી વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ પોતાની બેટિંગથી ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે. આ યુવા વન્ડરકિડે માત્ર ૧૫ વર્ષની નાની ઉંમરે સનરાઈઝર્સ હૈદરાબાદના દિગ્ગજ આંતરરાષ્ટ્રીય બોલરોની લાઇન-લેન્થ બગાડી નાખી હતી. વૈભવની આ અદભુત ઈનિંગથી પ્રભાવિત થઈને ક્રિકેટના ભગવાન ગણાતા મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે પણ સોશિયલ મીડિયા પર તેના જોરદાર વખાણ કર્યા છે. આ અંગે જ્યારે મેચ બાદ વૈભવને પૂછવામાં આવ્યું ત્યારે તેણે આશ્ચર્ય સાથે તેને પોતાના માટે ગર્વની ક્ષણ ગણાવી હતી. મુલ્લાનપુરમાં રમાયેલી હૈદરાબાદ અને રાજસ્થાન વચ્ચેની કરો કે મરો મેચમાં સૂર્યવંશીએ ધમાકેદાર બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. તેણે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ફાસ્ટ બોલર પેટ કમિન્સ સહિત હૈદરાબાદના બોલિંગ આક્રમણને




વેરવિખેર કરી નાખ્યું હતું. વૈભવે માત્ર ૨૯ બોલનો સામનો કરીને ૧૨ સિક્સર અને ૫ ફોરની મદદથી ૯૭ રનની તોફાની ઈનિંગ રમી હતી. જો કે, તે માત્ર ૩ રન માટે પોતાની સદી ચૂકી ગયો હતો.

વૈભવની આ ઈનિંગ જોઈને સચિન તેંડુલકર પણ પોતાની જાતને રોકી શક્યા નહીં અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર યુવા ખેલાડીની ટેક્નિકના વખાણ કરતા લખ્યું કે 'વૈભવ સૂર્યવંશીનો બેટ સ્વિંગ અદભુત રહ્યો છે. તેનાથી પણ વધુ નોંધનીય બાબત એ છે કે તે તેના પગ તરફ આવતા બોલ માટે જગ્યા બનાવવા માટે કેટલી સુંદરતાપૂર્વક તેનો ફ્રન્ટ ફૂટ ક્લિયર કરે છે. આ સ્વતંત્રતા તેને આ શૈલીમાં રમવાની મંજૂરી આપે છે. તેની આ ઈનિંગ ખરેખર શાનદાર હતી!'

મેચ પૂરી થયા બાદ જ્યારે આઈપીએલની સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરાયેલા વીડિયોમાં વૈભવને સચિનના આ ટ્વીટ વિશે જણાવવામાં આવ્યું, ત્યારે તે ખૂબ જ ખુશ દેખાતો હતો. વૈભવે કહ્યું કે, "સર, આ સાંભળીને ખરેખર ખૂબ સારું લાગ્યું. આનાથી મને વધુ સારું રમવાની પ્રેરણા મળે છે. તમે જ મને અત્યારે આ વિશે જણાવ્યું; મને તો આ વાતની ખબર પણ નહોતી. સ્વાભાવિક છે કે દરેક વ્યક્તિ જાણે છે કે તેઓ ક્રિકેટના ભગવાન છે. જો તેમણે મારા વિશે આવું ટ્વીટ કર્યું હોય, તો અમારા જેવા યુવા ખેલાડી માટે આ બહુ મોટી વાત છે કે તેમના જેવા મહાન લેજેન્ડે અમારા વિશે લખ્યું છે. તેથી, ચોક્કસપણે આ મારા માટે ખૂબ જ ગર્વની બાબત છે."

# એક સીઝનમાં બે અલગ-અલગ ટીમ વતી પચીસથી વધારે વિકેટ લેનાર ભુવનેશ્વર કુમાર પ્રથમ ભારતીય



(એજન્સી દ્વારા) બેંગ્લુરૂ : ભુવનેશ્વર કુમારે મંગળવારે ક્વૉલિફાયર ૧માં ફૉર્મ જાળવી રાખીને ૪ ઓવરમાં ૨૮ રનમાં બે વિકેટ લીધી હતી. તેણે ગુજરાતના કૅપ્ટન શુભમન ગિલને ક્લીન બોલ્ડ કરીને ટીમની જીત પાકી કરવા ઉપરાંત વધુ એક કમાલ તેના નામે કરી લીધી હતી. ગિલની વિકેટ તેની આ સીઝનની પચીસમી વિકેટ હતી અને એ સાથે આઈપીએલમાં બે અલગ-અલગ ટીમ વતી એક સીઝનમાં ૨૫ કે એથી વધુ વિકેટ લેનાર તે પ્રથમ ભારતીય અને ઓવરઑલ બીજો બોલર બની ગયો હતો. આ પહેલાં આવી કમાલ સાઉથ આફ્રિકન પેસ બોલર કૅગિસો રબાડાએ કરી છે. તેણે ૨૦૧૯ અને ૨૦૨૦માં દિલ્હી કૅપિટલ્સ વતી અને આ વર્ષે ગુજરાત ટાઈટન્સ વતી રમીને પચીસથી વધુ વિકેટ લીધી છે. ભુવીએ આ પહેલાં ૨૦૧૭માં સનરાઈઝર્સ હૈદરાબાદ વતી ૧૪ મૅચમાં હાઈએસ્ટ ૨૬ વિકેટ સાથે પર્પલ કૅપ જીતી હતી. મંગળવારે ભુવીએ ગિલ બાદ રાહુલ તેવટિયાની પણ વિકેટ લીધી હતી અને એ સાથે કૅગિસો રબાડા સાથે જોઈન્ટ હાઈએસ્ટ વિકેટ સાથે પર્પલ કૅપ પાછી મેળવી લીધી હતી. આઈપીએલ ઈતિહાસમાં અત્યાર સુધી કુલ ૧૬ બોલરોએ એક સીઝનમાં ૨૫ કે એથી વધુ વિકેટ લેવાની કમાલ કરી છે. એમાં રબાડા, ભુવી અને ડ્વેઈન બ્રાવોએ એકથી વધુ સીઝનમાં એવું કર્યું છે.

# શાહરુખ-આલિયા સાથે અણબનાવ? ઈન્સ્ટા પર અનફોલો કરવા મુદ્દે કરણ જોહરે તોડ્યું મૌન!

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલિવૂડ ફિલ્મમેકર કરણ જોહર સોશિયલ મીડિયા પર પોતાના એક પગલાંને કારણે જોરદાર ચર્ચામાં આવ્યો છે. તાજેતરમાં જ કરણ જોહરે અચાનક ઈન્સ્ટાગ્રામ પર બોલિવૂડના અનેક મોટા કલાકારોને અનફોલો કરી દીધા હતા, જેના કારણે ઈન્ટરનેટ પર અફવાઓનું બજાર ગરમ થઈ ગયું હતું. લોકો અટકળો લગાવી રહ્યા હતા કે શું કરણ જોહરને પોતાના ઈન્ડસ્ટ્રીના મિત્રો સાથે કોઈ અણબનાવ થયો છે? જોકે, હવે આ તમામ અટકળો અને અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતાં કરણ જોહરે પોતે જ આ પાછળનું અસલી કારણ જાહેર કર્યું છે.

પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ




પર સ્પષ્ટતા કરતા કરણ જોહરે જણાવ્યું છે કે, સેલેબ્સને અનફોલો કરવાનો નિર્ણય કોઈ અંગત વિવાદ કે ઝઘડાના કારણે નથી લેવાયો, પરંતુ આ એક માત્ર 'ડિજિટલ ડિટોક્સ' છે. કરણે સોશિયલ મીડિયા પર ગુસ્સો વ્યક્ત કરતા લખ્યું, 'આ એક ડિજિટલ ડિટોક્સ છે! ઈન્સ્ટાગ્રામ પર મારો સમય અને એનર્જીનો બગાડ ઓછો કરવા માટે હું દરેકને અનફોલો કરી રહ્યો છું! ભગવાન માટે, આ કઈ નેશનલ ન્યૂઝ ન હોઈ શકે... મહેરબાની કરીને ક્લિકબેટ માટે કોઈ બીજો મુદ્દો શોધો! આ બિલકુલ બિનજરૂરી બાબત છે!' આ પહેલા નેટીઝન્સે નોટિસ કર્યું હતું કે કરણ જોહરના ઈન્સ્ટાગ્રામ ફોલોઈંગ લિસ્ટમાંથી બોલિવૂડના મોટા-મોટા નામો ગાયબ થઈ ગયા હતા. કરણે શાહરૂખ ખાન ઉપરાંત કરીના કપૂર ખાન, મલાઈકા અરોરા, આલિયા ભટ્ટ, વરુણ ધવન, સિદ્ધાર્થ મલ્હોત્રા, કાર્તિક આર્યન, અનન્યા પાંડે અને સેલિબ્રિટી ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા જેવા નજીકના મિત્રોને પણ અનફોલો કરી દીધા હતા.

# કેટરિના કૈફ અને વિકી કૌશલે પેપરાઝીને બતાવી પોતાના ૬ મહિનાના પુત્રની પહેલી ઝલક

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલિવૂડનું સૌથી લોકપ્રિય કપલ્સમાનું એક કેટરિના કૈફ અને વિકી કૌશલ છેલ્લા ઘણા સમયથી લાઈમલાઈટમાં છે. આ સ્ટાર કપલ હાલમાં પોતાના જીવનના સૌથી સુંદર તબક્કા એટલે કે 'પેરેન્ટહુડ'ને માણી રહ્યું છે. કેટરિના કૈફ ૨૦૨૫માં માતા બની હતી અને તેણે પુત્રને જન્મ આપ્યો હતો, જેનું નામ આ કપલે 'વિહાન કૌશલ' રાખ્યું છે. હાલમાં જ વિકી કૌશલના જન્મદિવસ પર કેટરિનાએ સોશિયલ મીડિયા પર પુત્રની એક ઝલક શેર કરી હતી, પરંતુ તેમાં બાળકનો ચહેરો છુપાવેલો હતો. આ દરમિયાન હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે કે વિકી અને કેટરિનાએ



મુંબઈના સેલિબ્રિટી ફોટોગ્રાફર્સને બોલાવીને પોતાના ૬ મહિનાના વ્હાલસોયા પુત્રની પહેલી ઝલક બતાવી દીધી છે.

એક ન્યૂઝ રિપોર્ટ અનુસાર, કેટરિના અને વિકી સારી રીતે જાણે છે કે સોશિયલ મીડિયાના આ યુગમાં મીડિયાના કેમેરાથી લાંબો સમય બચવું મુશ્કેલ છે. આથી, તેમણે પોતે જ પેપરાઝી મીટિંગનું આયોજન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન વિકી અને કેટરિના બંને સાથે હતા અને તેમણે ખૂબ જ પ્રેમપૂર્વક વિહાનની ઝલક ફોટોગ્રાફર્સને બતાવી હતી.

# બકરી ઇદે અક્ષય કુમારની ફિલ્મ રહી 'HIT', જાણો ઈદ-ઉલ-અઝહા પર રિલીઝ ફિલ્મોનો બોક્સ ઓફિસ રિપોર્ટ

(એજન્સી દ્વારા) મુંબઈ : બોલિવૂડમાં મોટાભાગના ફિલ્મમેકર્સ અને કલાકારો પોતાની ફિલ્મોને કોઈ ખાસ પ્રસંગ કે તહેવાર પર જ સિનેમાઘરોમાં રિલીઝ કરવાનું આયોજન કરતા હોય છે. તહેવારોના કારણે ફિલ્મોને જાહેર રજાઓનો મોટો લાભ મળે છે અને સામાન્ય દિવસોની સરખામણીએ બોક્સ ઓફિસ પર કમાણીનો ગ્રાફ ઘણો ઊંચો જાય છે. બોલિવૂડમાં સામાન્ય રીતે રમઝાન ઈદ પર મોટી ફિલ્મો રિલીઝ થતી આવી છે, પરંતુ આજે ૨૮ મેના રોજ ઈદ-ઉલ-અઝહા એટલે કે બકરીઈદના તહેવાર નિમિત્તે આપણે એવી ત્રણ મોટી ફિલ્મો વિશે વાત કરીશું જે બકરીઈદના અવસરે રિલીઝ થઈ હતી. આ ત્રણ ફિલ્મોમાંથી અક્ષય કુમારની ફિલ્મ હિટ રહી હતી, જ્યારે કાર્તિક આર્યનની એક ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ સાબિત થઈ હતી. આ વર્ષે કોઈ મેજર ફિલ્મ લોન્ચ કરવામાં નથી આવી, પરંતુ આયુષમાન ખુરાનાની થોડા દિવસો અગાઉ રિલીઝ થયેલી 'પતિ પત્ની ઔર વો દો' ચાલી રહી છે.

● **ગોલ્ડ - અક્ષય કુમારની સુપરહિટ ઈનિંગ :** આ યાદીની શરૂઆત અક્ષય કુમારની ફિલ્મ 'ગોલ્ડ'થી કરીએ. રીમા કાગતીના દિગ્દર્શનમાં બનેલી આ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ



વર્ષ ૨૦૧૮માં બકરીઈદના એક અઠવાડિયા પહેલા ૧૫ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં અક્ષય કુમારની સાથે મૌની રોય, સની કૌશલ અને વિનીત કુમાર સિંહ જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. એક બોક્સ ઓફિસ ટ્રેકર વેબસાઈટના અહેવાલ અનુસાર, આ ફિલ્મે વર્લ્ડવાઈડ ૧૫૮ કરોડની શાનદાર કમાણી કરી હતી. ૭૫ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સક્સેસફુલ એટલે કે 'હિટ' સાબિત થઈ હતી.

● **સત્યપ્રેમ કી કથા -** બોક્સ ઓફિસ પર જીત્યું દિલ : કાર્તિક આર્યન અને કિયારા અડવાણી સ્ટારર રોમેન્ટિક-ડ્રામા ફિલ્મ 'સત્યપ્રેમ કી કથા' વર્ષ ૨૦૨૩માં બકરીઈદના ખાસ અવસરે જ રિલીઝ કરવામાં આવી હતી. આ ફિલ્મને પણ દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો અને બોક્સ ઓફિસ પર તેનું પ્રદર્શન પ્રશંસનીય રહ્યું હતું. અંદાજે ૭૫ કરોડના બજેટ સાથે તૈયાર થયેલી આ ફિલ્મે વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર ૧૧૮.૫૦ કરોડનો આંકડો પાર કરીને સારો નફો રળ્યો હતો.

● **ચંદુ ચેમ્પિયન -** ન ચાલ્યો કાર્તિકનો જાદુ, ફિલ્મ રહી ફ્લોપ : આ યાદીમાં છેલ્લું નામ પણ કાર્તિક આર્યનની જ ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'નું છે. મુરલીકાંત પેટકરના જીવન પર આધારિત આ બાયોપિક સ્પોર્ટ્સ ફિલ્મ વર્ષ ૨૦૨૪માં ૧૪ જૂનના રોજ બકરીઈદના મોકા પર સિનેમાઘરોમાં આવી હતી. જોકે, ક્રિટિક્સના સારા રિવ્યુ છતાં આ ફિલ્મ દર્શકોને થિયેટર સુધી ખેંચવામાં નિષ્ફળ રહી હતી. ૧૨૦ કરોડના મોટા બજેટ સાથે બનેલી આ ફિલ્મ વર્લ્ડવાઈડ માત્ર ૮૯.૨૪ કરોડની જ કમાણી કરી શકી હતી, જેના કારણે મેકર્સને મોટું નુકસાન વેઠવું પડ્યું હતું અને ફિલ્મ બોક્સ ઓફિસ પર 'ફ્લોપ' જાહેર થઈ હતી.

બોલિવૂડ માટે બકરીઈદનો તહેવાર મિશ્ર પ્રતિસાદ આપનારો રહ્યો છે, જ્યાં અક્ષય કુમાર માટે આ અવસર નસીબવંતો સાબિત થયો, તો કાર્તિક આર્યનને અહીં સફળતા અને નિષ્ફળતા બંનેનો સ્વાદ ચાખવા મળ્યો છે.

# "બધું પહેલેથી પ્લાન હતું..." કો-સ્ટાર આકાંક્ષા ચમોલાએ લગાવેલા અસહજતાના આરોપો પર કુંવર અમરનો વળતો પ્રહાર

(એજન્સી દ્વારા)

મુંબઈ : મનોરંજન જગતની જાણીતી વેબ સીરિઝ 'દિલ ધોખા અને ડિઝાયર'ના એક સીનને લઈને શરૂ થયેલો વિવાદ હવે વધુ ઘેરો બન્યો છે. એક્ટ્રેસ આકાંક્ષા ચમોલાએ કરેલા વિવાદાસ્પદ નિવેદન પર હવે તેના કો-સ્ટાર અને જાણીતા ટીવી એક્ટર કુંવર અમરે આખરે પોતાનું મૌન તોડ્યું છે. સીરિઝમાં જોવા મળેલી ઈન્ટિમેટ સીક્વન્સ અને ત્યારબાદ સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. કુંવર



અમરે એક ઈન્ટરવ્યૂમાં પોતાનો પક્ષ રજૂ કરતા સ્પષ્ટ કર્યું છે કે, સ્ક્રીન પર દેખાડવામાં આવેલો આખો સીન પહેલાથી જ નક્કી કરેલો હતો અને આકાંક્ષાના આવા એકતરફી નિવેદનથી તેમને વ્યક્તિગત રીતે ખૂબ જ નિરાશા થઈ છે. લોકપ્રિય ટીવી એક્ટર ગૌરવ ખન્નાની પત્ની અને અભિનેત્રી આકાંક્ષા ચમોલાએ આ સીરિઝમાં કુંવર અમર સાથે કેટલાક બોલ્ડ અને ઈન્ટિમેટ સીન્સ આપ્યા હતા. સીરિઝના પ્રમોશન દરમિયાન કરવામાં આવેલા એક ખાસ એક્ટ બાદ આકાંક્ષાને સોશિયલ મીડિયા પર યુઝર્સના આક્રોશ અને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો.

# રાહુલ મોદીએ શૂટ કરેલો શ્રદ્ધાનો ડાન્સ વીડિયો વાયરલ

(એજન્સી દ્વારા) મુંબઈ : શ્રદ્ધા કપૂરનો એક ડાન્સ વીડિયો વાયરલ થયો છે. આ વીડિયો તેના બોયફ્રેન્ડ રાહુલ મોદીએ શૂટ કર્યો છે. આ વીડિયોમાં રાહુલ મોદી એક સ્ક્રીપ્ટ વાંચતો જોવા મળી રહ્યો છે. જે જોઇને લોકો અટકળ બાંધી રહ્યા છે કે, શ્રદ્ધા અને રાહુલ મોદી ફિલ્મમા સાથે કામ કરવાનાં છે. શ્રદ્ધા પૂર માઈકલ જેકસનના ગીત પર પોતાના ડાન્સ મૂવ્સ દેખાડી રહી હતી. ઉલ્લેખનીય છે કે, રાહુલ મોદી એક સ્ક્રીન રાઈટર અને ક્રિએટિવ ડાયરેકટર છે. આથી તે શ્રદ્ધા સાથે કોઈ ફિલ્મ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો હોવાની ચર્ચા છે. શ્રદ્ધા હાલ 'ઈથા' ફિલ્મ માટે શૂટિંગ પૂર્ણ કરી ચૂકી છે. તે ટૂંક સમયમાં રાહુલ મોદી સાથે લગ્ન કરી લેશે તેવી અટકળો લાંબા સમયથી ચર્ચાયા કરે છે. જોકે, શ્રદ્ધાના પરિવારજનોએ આ અટકળોને સમર્થન આપ્યું નથી.



# સરહદી અબડાસા તાલુકામાં ઈદ-ઉલ-અઝહાની મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી













નલિયામાં રાઈ વિસ્તારની મુખ્ય ઈદગાહ અને તળાવ કિનારે આવેલ પિનલછા પીર દરગાહ ખાતે ઈદ નમાઝ કરાઈ અદા

નલીયા : સરહદી અબડાસા તાલુકામાં ઈદ-ઉલ-અઝહાની મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. તાલુકાના મુખ્ય મથક નલીયા ખાતે રાઈ વિસ્તારમાં આવેલ મુખ્ય ઈદગાહ ખાતે નલીયા મુસ્લિમ સમાજના પ્રમુખ હાજી તકીશા બાવાની આગેવાનીમાં ઈદ નમાજનું આયોજન કરાયું હતું.

ઈદ નમાજ અને ખુત્બો મોકરશી મહંમદ સાહીદએ પઢાવ્યો હતો.

ઈદગાહ કમીટીના કુંભાર હાજી અલીમામદ, સરકી હાજી સલેમાન મમુ, નોડે અભુ ઈસમાલ, સૈયદ હાજી બાવાએ વ્યવસ્થા જાળવવામાં સહયોગ આપ્યો હતો.

નલિયાના તળાવ કિનારે આવેલ પિનલછા પીર દરગાહ કંપાઉન્ડમાં ઈદ નમાજનું આયોજન કરાયું હતું. ઈદ નમાજ અબ્દુલ સત્તાર મૌલાનાએ અદા કરાવી હતી. ખુત્બા સૈયદ નસીમશા બાવાએ પઢાવ્યો હતો.

મુતવલી હાજી જુસબભાઈ અયુબભાઈ કુંભાર, હનીફભાઈ કુંભાર, ગુલામભાઈ મિસ્રી, મજીદભાઈ મેમણ સહિતના અગ્રણીઓ સહિતના ઈદ નમાજમાં જોડાયા હતા.

નલિયા સાથે વાયોર, જખૌ, વાગોઠ, ચરોપડી, કેરવાંઢ - કોષા, રામપર-અબડા, સુથરી, વરાડીયા, ડુમરા, વિંઝાણ, બિટા, કોઠારા, મોથાળા, તેરા, લાખણીયા, નરેડી સહિત વિવિધ ગામોમાં મુસ્લિમ બિરાદરોએ ઈદ નમાજ અદા કરી એકબીજાને ગળે મળી શુભેચ્છાની આપ-લે કરી હતી.

# ભારત માટે ગૌરવની ક્ષણઃ મેજર અભિલાષા બરાકને UNનો પ્રતિષ્ઠિત એવોર્ડ; શહીદ થયેલા બે ભારતીય જવાનોને મરણોત્તર સન્માન

નવી દિલ્હી : ભારત માટે ગૌરવની ક્ષણ સમાન સમાચાર સામે આવ્યા છે.

સંયુક્ત રાષ્ટ્ર ભારતીય સેનાની અધિકારી મેજર અભિલાષા બરાકને પ્રતિષ્ઠિત 'United Nations Military Gender Advocate of the Year Award' થી સન્માનિત કરશે.

આ સાથે જ બે ભારતીય શાંતિરક્ષકોને મરણોત્તર સન્માન પણ આપવામાં આવશે. યુએન મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ દ્વારા આ સન્માન આપવામાં આવશે.

મેજર અભિલાષા બરાક ભારતીય સેનાની પ્રથમ મહિલા Combat Helicopter Pilȯ તરીકે જાણીતા છે. હાલમાં તેઓ Lebanonમા United Nations Interim Force in Lebanon (UNIFIL) nuX¤ Female Engagement Team (FET) ના Commander તરીકે સેવા આપી રહ્યા છે.

તેઓએ Lebanon માં મહિલાઓ અને યુવતીઓ સાથે સંવાદ અને Gender Equalitઅ માટે નોંધપાત્ર કામ કર્યું છે. તેમની આ કામગીરીને ધ્યાનમાં રાખીને UN દ્વારા વર્ષ ૨૦૨૫ માટે 'Military Gender Advocate of the Year Award' માટે પ સંદગી કરવામાં આવી છે.

આ એવોર્ડ આજે એટલે કે ૨૯ મેના રોજ United Nations Headquarters ખાતે યોજાનાર કાર્યક્રમમાં આપવામાં આવશે. 'United Nations Military Gender Advocate of the Year Award' yu UN નું એક ખૂબ જ પ્રતિષ્ઠિત સન્માન છે. આ એવોર્ડ એવા Peacekeepers ને આપવામાં આવે છે જેમણે શાંતિ મિશન દરમિયાન Gender Equality અને Women Empowerment માટે ઉત્તમ કાર્ય કર્યું હોય. આ એવોર્ડ ૨૦૧૬ માં UN Department of Peace Operations દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. તેનો હેતુ United Nations Security Council Resolution ૧૩૨૫ ના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપવાનો છે.

# ફાટવાની કે પલળવાની ચિંતા ખતમ! ભારતમાં પોલીમર બેંકનોટ્સ લોન્ચ કરવાની તૈયારીમાં RBI

નવી દિલ્હી : ડિજિટલ પેમેન્ટ અને UPI ના આ જમાનામાં પણ દેશમાં રોકડની માંગ સતત વધી રહી છે. આ સ્થિતિ વચ્ચે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ભારતમાં ફરી એકવાર પ્લાસ્ટિક એટલે કે પોલીમર બેંકનોટ્સ લોન્ચ કરવાની યોજના પર કામ કરી રહી છે. હાલમાં પટના અને મુંબઈમાં મળેલી આરબીઆઈની સેન્ટ્રલ બોર્ડ મીટિંગમાં આ અંગે ગંભીર ચર્ચા થઈ છે અને ટૂંક સમયમાં જ તેનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ થઈ શકે છે.

દેશમાં રોકડનો વપરાશ વધવાની સાથે આરબીઆઈ પર આર્થિક અને ઓપરેશનલ બોજ સતત વધી રહ્યો છે. આ નિર્ણય પાછળ મુખ્ય ૩ કારણો જવાબદાર છે. આરબીઆઈના વાર્ષિક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં બેંકનોટ છાપવાના ખર્ચમાં તીવ્ર ઉછાળા સાથે ૬,૩૭૨.૮ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે. જે અગાઉના વર્ષે ૫,૧૦૧.૪ કરોડ રૂપિયાનો હતો. દેશમાં ચલણમાં રહેલી કુલ રોકડ મે મહિનાના મધ્ય સુધીમાં રેકોર્ડ ૪૨.૮૬ ટ્રિલિયન પર પહોંચી ગઈ છે, જે વાર્ષિક ધોરણે ૧૧.૫% નો વધારો દર્શાવે છે. માત્ર એક જ વર્ષમાં બજારમાંથી ૨૩.૮ અબજ મેલી કે ફાટેલી નોટો પાછી ખેંચવી પડી હતી, જેમાં ૫૦૦ ની નોટોનો હિસ્સો સૌથી વધુ હતો.

પરંપરાગત કપાસ આધારિત કાગળની નોટોની સરખામણીમાં પોલીમર નોટો લાંબા ગાળે વધુ સસ્તી અને સુરક્ષિત સાબિત થાય છે. વૈશ્વિક રિપોર્ટ્સ અનુસાર, પ્લાસ્ટિકની નોટો કાગળની નોટો કરતાં ૨.૫ થી ૪ ગણી વધુ ટકાઉ હોય છે અને તે સરળતાથી ફાટતી નથી. આ નોટો ખાસ પ્રકારની બાય-એક્સિઅલી ઓરિએન્ટેડ પોલીપ્રોપીલિન ફિલ્મથી બને છે. જેના કારણે તેના પર પાણી, ભેજ, કાદવ કે બેક્ટેરિયાની કોઈ અસર થતી નથી. પોલીમર નોટોમાં અદ્યતન સિક્યોરિટી ફીચર્સ અને ખાસ સ્યાહીનો ઉપયોગ થાય છે, જેથી તેની નકલ કરવી અશક્ય બની જાય છે. પ્લાસ્ટિક નોટો છાપવાનો પ્રારંભિક ખર્ચ સામાન્ય નોટો કરતા બમણો થાય છે, પરંતુ તે લાંબો સમય ચાલતી હોવાથી લાંબા ગાળે સરકારના હજારો કરોડ રૂપિયા બચે છે.

# માધાપર ખાતે જૈન સમાજ મહિલા પાંખ દ્વારા ગ્રાન્ડ ફન ફેરનું આયોજન

ભુજ - કચ્છઉદય : સમસ્ત જૈન સમાજ માધાપર વુમન વિંગ્સ દ્વારા ગ્રાન્ડ ફન ફેર ૨૦૨૬નું તા.૩૧ મેના સાંજે ૬ થી ૧૧કલાકે યક્ષ મંદિર ગ્રાઉન્ડ માધાપર ખાતે આયોજન કરવામાં આવશે, જેમાં ગેમિંગ ઝોન, ફૂડ કોર્ટ સ્ટોલ્સ, લાઈવ ઓરકેસ્ટ્રા, બાળકો માટે મનોરંજન, સેલ્ફી પોઈન્ટ, લક્કી ડ્રો અને બીજું ઘણું બધું રહેશે તેમજ જમ્પિંગ, ટેટુ, સેલ્ફી પોઈન્ટ, કાર્ટુન જેવું ફીમાં મળશે.

કચ્છના સમસ્ત જૈન સમાજ માટે ફન ફેર-૨૦૨૬નું આયોજન કરેલ છે. સમાજની એકતા અને સમાજના વ્યક્તિઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર કાઢવાના શુભ આશયથી કાર્યક્રમ યોજાશે.

સમગ્ર કાર્યક્રમ સમસ્ત જૈન સમાજ માધાપરના અધ્યક્ષ અને કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી હિતેશભાઈ હિંમતલાલ ખંડોર ના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ છે. કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે કિર્તિભાઈ કેશવલાલ સંઘવી, સ્મિતભાઈ ઝવેરી, કમલેશભાઈ સંઘવી, પ્રવીણભાઈ નંદુ, નરેશભાઈ શાહ, ચીમનભાઈ ગમારા, જીગરભાઈ છેડા, ભરતભાઈ, મનીષભાઈ મોરબિયા, મહેન્દ્રભાઈ મોરબીયા, દિપકભાઈ શાહ, ભદ્રેશભાઈ મહેતા, શીતલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, રાહુલભાઈ મહેતા, રોનિતભાઈ શાહ તથા જૈન સંઘો, સમાજો, યુવક મંડળો, મહિલા મંડળો, જૈન સમાજની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમના દાતાઓમાં મુખ્ય દાતા તારાચંદભાઈ જગશીભાઈ છેડા (હસ્તે) હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર, સહમુખ્ય દાતા પ્રાણલાલ હંસરાજ શાહ પરિવાર (દિપક ચા), બીએમસીબી બેંક, ગેમઝોન દાતા, મીનાબેન ભરતભાઈ મહેતા (એ.ડી. મહેતા પરિવાર) સહયોગી દાતા માતુશ્રી નિર્મળાબેન નાનાલાલભાઈ વોરા, નિરવભાઈ શાહ (પી. સી. શાહ), માતૃશ્રી ભારતીબેન ભાઈલાલ શેઠ પરિવાર, ભરતભાઈ ચંદુલાલ ગાંધી પરિવાર, સુરેશભાઈ શાંતિલાલ મહેતા, ડૉ. બી. બી. મહેતા પરિવાર, પ્રકાશભાઈ વેલજીભાઈ શાહ, રાહુલભાઈ મહેતા, હિંમતલાલ માવજી ખંડોર, અરિહંત ગ્રુપ - ગાંધીધામ-કચ્છ, લક્ષ્મીબેન વર્ધીલાલ મહેતા પરિવાર, માતુશ્રી કમળાબેન રમણીકલાલ મહેતા પરિવાર, નેમચંદ પ્રાગજી મહેતા પરિવાર, વિમળાબેન વસંતલાલ ભાભેરા, રોનિતભાઈ શાહ (સરપંચશ્રી, ભુજોડી) રહ્યા છે તેવું સમસ્ત જૈન સમાજ માધાપરના મહામંત્રી સંજયભાઈ મહેતા, સમસ્ત જૈન સમાજ માધાપર વુમન વિંગ્સના કન્વીનર ભાવનાબેન મહેતા, સહકન્વીનર જુલીબેન કોરડીયા અને દેવાંશીબેન ગાંધીએ યાદીમાં જણાવ્યું હતું.

# ભુજ નગરપાલિકા દ્વારા વીર સાવરકરની જન્મજયંતિએ શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



ભુજ - કચ્છઉદય : નગરપાલિકા દ્વારા વિનાયક દામોદર સાવરકર (વીર સાવરકરજી) જે ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા હતા. સિંહપુરુષ વીર વિનાયક સાવરકરજી જે રાષ્ટ્રવાદના ભીષ્મપિતામહ હતા તેમની જન્મજયંતિ હોતા તેમની પ્રતિમાને હારારોપણ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં હતી.

આ અંગે વિગત આપતા ભુજ નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહે જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેમનું યોગદાન છે એવા વીર સાવરકરજીની જન્મજયંતિના દિવસે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ કરતાં હર્ષની લાગણી અનુભવું છું. આવનારી પેઢી વીર સાવરકરજીની આ પ્રતિમાને જોઈને તેમના જીવનચરિત્ર વાંચવા પ્રેરાય અને આપણને આઝાદી કેટલી મહામૂલી છે તેનું મૂલ્ય સમજાય. આ પ્રસંગે ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી, દંડક રૂપલબેન ચાવડા, નગરસેવકો રાજેન્દ્રસિંહ જાડેજા, ચંદ્રેશભાઈ રબારી, હિરેનભાઈ ઠક્કર, મનીષાબેન સોલંકી, પૂર્વ નગરસેવક ધીરેનભાઈ લાલન, ભુજ શહેર ભાજપ યુવા મોરચાના મહામંત્રી ચિરાગભાઈ જોષી તથા મોરચાના હોદ્દેદારો તેમજ શહેર સંગઠનના હોદ્દેદારોએ ઉપસ્થિત રહીને શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

# ભાજપની રાષ્ટ્રીય ટીમ, કેન્દ્રીય મંત્રીમંડળનું થશે વિસ્તરણ?

નવી દિલ્હીઃ ભાજપે ગુરુવારે ચાર મહત્વપૂર્ણ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નવા પ્રદેશાધ્યક્ષોની જાહેરાત કરી છે. આ નિમણૂકો બાદ હવે પાર્ટી અને કેન્દ્ર સરકારમાં મોટા ફેરફારોની અટકળો તેજ બની છે. પાર્ટીનાં આંતરિક સૂત્રોનું માનવું છે કે આ માત્ર સંગઠનાત્મક બદલાવ નથી, પરંતુ આવનારા સમયમાં કેન્દ્રીય મંત્રીમંડળ અને ભાજપની ટોચની નિર્ણય લેતી સમિતિઓમાં પણ ફેરફારો થવાની શક્યતા છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને પંજાબ, હરિયાણા, ત્રિપુરા અને દિલ્હીના નવા પ્રદેશાધ્યક્ષોનાં નામોની જાહેરાત કરી હતી. જાન્યુઆરીમાં રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ આ તેમનું પહેલું મોટું સંગઠનાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યાનુસાર આવનારા સમયમાં પાર્ટીની રાષ્ટ્રીય ટીમમાં પણ ફેરફારો જોવા મળી શકે છે અને તેમાં અનુભવી નેતાઓ સાથે નવા ચહેરાઓને પણ સ્થાન મળી શકે છે.

દિલ્હીમાં લોકસભા સાંસદ અને કેન્દ્રીય મંત્રી હર્ષ મલહોત્રાને ભાજપ ના નવા પ્રદેશાધ્યક્ષ બનાવાયા છે. જ્યારે પંજાબમાં ૭૬ વર્ષીય કેવલ સિંહ ઢિલ્લોંને પાર્ટીની કમાન સોંપવામાં આવી છે. હરિયાણામાં ૫૮ વર્ષીય અર્ચના ગુપ્તાને પ્રદેશાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે, જ્યારે ત્રિપુરામાં ૪૪ વર્ષીય અભિષેક દેબ્રોયને આ જવાબદારી સોંપવામાં આવી છે.

આ નિમણૂકો બાદ એવી ચર્ચા પણ તેજ થઈ છે કે ભાજપ ટૂંક સમયમાં પોતાની સંસદીય બોર્ડમાં ફેરફાર કરી શકે છે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓનું માનવું છે કે સંગઠનમાં આ ફેરફારો સરકારમાં સંભવિત બદલાવના સંકેત પણ હોવાની શક્યતા છે.

ભાજપના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે પાર્ટીના બંધારણ મુજબ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પહેલાં ઓછામાં ઓછા ૫૦ ટકા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ થવી જરૂરી હોય છે.

બાકીનાં રાજ્યોમાં નવા રાષ્ટ્રીય અધ્યક્ષ કાર્યભાર સંભાળ્યા બાદ ચૂંટણીઓ યોજવામાં આવે છે. આ પ્રક્રિયા અંતર્ગત હવે નીતિન નવીન સતત નવા નિર્ણયો લઈ રહ્યા છે અને આવનારા સમયમાં અનેક મહત્વપૂર્ણ બદલાવોની જાહેરાત થઈ શકે છે. જ્યારે ૪૬ વર્ષીય Nitin Navin ને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવાયા હતા, ત્યારથી ચર્ચા ચાલી રહી હતી કે ભાજપ સંગઠન અને સરકાર બંનેમાં યુવા ચહેરાઓને આગળ લાવી શકે છે, પરંતુ ગુરુવારે થયેલી નિમણૂકોથી સ્પષ્ટ સંકેત મળ્યો છે કે પાર્ટી અનુભવ અને યુવા નેતૃત્વ વચ્ચે સંતુલન જાળવવાની વ્યૂહરચના પર કામ કરી રહી છે.

# અમરેલી-ભાવનગર, કચ્છ સહિતના જિલ્લાઓમાં કાલથી પવન સાથે વરસાદની આગાહી

ગાંધીનગર - કચ્છઉદય : ગુજરાતમાં હાલ ઓંકતી ગરમી વચ્ચે આગામી વાતાવરણમાં દિવસોમાં પલટો આવવાની શકયતા છે. સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત તથા ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. જો કે ગ્લોબલ વોર્મિંગના કારણે છેલ્લા કેટલાય સમયથી મે મહિનાના અંતિમ અઠવાડિયા સમયે ગુજરાતમાં વરસાદ તેમજ વાવાઝોડાની સ્થિતિ સર્જાય છે.

ગરમીનો પ્રકોપ યથાવત હોય તેમ ૪૪ ડીગ્રી સાથે સુરેન્દ્રનગર સતત બીજા દિવસે રાજયનું સૌથી હોટેસ્ટ સીટી રહયું હતું. ત્યારે ઉનાળાના આકરા તાપની વચ્ચે હવામાનમાં ફેરફાર થવાની શકયતા નથી. ત્યારબાદ તાપમાનમાં ક્રમશઃ ઘટાડો થવાની સંભાવના છે. જો કે હજુ પણ રાજયના કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦ ડીગ્રીને પાર રહેવાનો છે. વાવાઝોડાની સ્થિતિ જોવા મળશે. હાલમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં આગળ વધી રહયું છે. જેની અસર હેઠળ વાતાવરણમાં વાવાઝોડાની સ્થિતિ જોવા મળશે.

ગુજરાત રાજયમાં આગામી તા.૩૦ મેના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, કચ્છ તથા ૩૧ મેના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર, કચ્છ અને તા.૧ જુને પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, અમરેલી, ભાવનગર તેમજ તા.૨ જુને પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, અમરેલી, ભાવનગર વિસ્તારમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

રાજયના મોટાભાગના વિસ્તારોમાં આગામી ૪૮ કલાક સુધી મહતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શકયતા નથી. આ પલટો સંભવિત છે. આગામી દિવસોમાં વરસાદ સમયે ૪૦ થી ૫૦ કીમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. બીજી તરફ અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા તેમજ સુરેન્દ્રનગર વિસ્તારમાં ૨૮ મેના ગરમ અને ભેજવાળા વાતાવરણને કારણે લોકોને અકળામણનો અનુભવ થઈ શકે છે.

# પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી મગફળીના પાકની આધુનિક ખેતી

**ચોમાસું મગફળીનું આગોતરૂ વાવેતર મે મહિનાના અંતિમ અઠવાડિયાથી લઈને જૂન મહિનાના અંતિમ અઠવાડિયા સુધીમાં કરવું : : વધુ ઉત્પાદન મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ : સમયસર વાવેતર માટે ૧૫ જૂનથી ૩૦ જૂન સુધીમાં વાવણી લાયક વરસાદ થાય ત્યારે મગફળીની ઉભડી, વેલડી જાતનું વાવેતર શ્રેષ્ઠ : સારા ઉગાવા અને રોગ-જીવાતથી રક્ષણ ઉપરાંત સારું ઉત્પાદન મેળવવા બીજામૃતને પટ આપી છાંયડામાં સુકવીને બીજ વાવેતર કરવું**

ભુજ - કચ્છ ઉદય : જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો ડૉ. જે.એચ. ચૌધરી અને ડૉ. વી.બી. રાઠોડના સંશોધન મુજબ, પ્રાકૃતિક કૃષિમાં બીજ સંવર્ધનની આધુનિક પદ્ધતિઓ અપનાવીને ચોમાસું મગફળીનું ગુણવત્તાયુક્ત અને જોખમમુક્ત મહત્તમ ઉત્પાદન મેળવી શકાય છે.

ચોમાસું મગફળીનું વાવેતર મુખ્યત્વે ત્રણ તબક્કામાં થાય છે, જેમાં આગોતરા વાવેતર માટે મે માસના અંતથી જૂનના પ્રથમ અઠવાડિયા સુધીમાં પિયત આપીને, સમયસરના વાવેતર માટે ૧૫ થી ૩૦ જૂન દરમિયાન વરસાદ થતાં જ ઉભડી, અર્ધ વેલડી કે વેલડી જાતોનું, અને જો વરસાદ મોડો એટલે કે જુલાઈ માસમાં થાય તો માત્ર ઉભડી જાતોનું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે.

વધુમાં, મગફળીના પ્રકાર મુજબ વાવણીનું અંતર અને બિયારણનો દર જાળવવો ખૂબ જ જરૂરી છે, જેમ કે ઉભડી જાતો માટે ૪૫ ટ ૧૦ સે.મી. અંતરે હેક્ટરદીઠ ૧૦૦ કિ.લો, અર્ધ વેલડી માટે ૬૦ ટ ૧૦ સે.મી. અંતરે હેક્ટરદીઠ ૧૨૦ કિ.લો, અને વેલડી જાતો માટે ૭૫ ટ ૧૦ સે.મી.ના અંતરે હેક્ટરદીઠ ૧૦૦થી ૧૧૦ કિ.લો બિયારણનો દર રાખવો જોઈએ. પાકને જમીનજન્ય રોગોથી બચાવવા અને ઝડપી તેમજ સારો ઉગાવો મેળવવા માટે વાવણી પૂર્વે મગફળીના દાણાને બીજામૃતનો પટ આપી છાંયડે સુકવવા જોઈએ અને વાવેતર સમયે એકર દીઠ ૧૦૦ કિ.લો છાણીયું ખાતર તથા ૧૦૦ કિ.લો ઘન જીવામૃત જમીનમાં ભેળવવું હિતાવહ છે. પાકના સારા વિકાસ માટે નિયમિત અંતરે પાંચ તબક્કામાં જીવામૃતનો પાણી સાથે છંટકાવ કરવો જરૂરી છે. જેમાં પ્રથમ મહિને ૫ લીટરથી શરૂ કરી ક્રમશઃ ૨૧-૨૧ દિવસના અંતરે વધારતા જઈને ચોથા છંટકાવમાં ૧૫ લીટર સુધી જીવામૃત મિશ્ર કરી છાંટવું.

વરસાદ આધારિત ખેતીમાં પાક નિષ્ફળ જવાના જોખમ સામે રક્ષણ મેળવવા માટે મગફળીની સાથે કપાસ, દિવેલા, સૂર્યમુખી કે તુવેર જેવા પાકોને ચોક્કસ અંતરે આંતરપાક તરીકે લેવાથી ખેડૂતો વધુ આવક મેળવી શકે છે. પાકમાં આવતી વિવિધ જીવાતો અને ફૂગના કુદરતી નિયંત્રણ માટે કેમિકલ મુક્ત નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર કે ૩ થી ૪ દિવસ જૂની ખાટી છાશનો ૧૦૦ લીટર પાણીમાં મિશ્રિત કરી યોગ્ય માત્રામાં સમયાંતરે છંટકાવ કરવાથી પાક સુરક્ષિત રહે છે અને જમીનની ફળદ્રુપતા પણ લાંબા સમય સુધી જળવાઈ રહે છે.

# ભારત અને ચીન વચ્ચે સરહદે શાંતિ માટે સંમતિ સધાતાં સંબંધો સામાન્ય થશે

બેઈજિંગ : પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફ અને સેનાધ્યક્ષ આસિમ મુનીરના ચીન પ્રવાસમાં યજમાન દેશે તેમને ખુશ કરવા માટે કેટલાક નિવેદનો આપી દીધા હતા. જોકે તેમની આ ખુશી વધુ સમય ટકે નહીં તેવી એક હિલચાલમાં ચીને ભારત સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર રચનાત્મક વાર્તા કરીને સંબંધોને સામાન્ય બનાવવાની દિશામાં આગળ વધવાનો સંકેત પણ આપી દીધો છે. ચીને સરહદે શાંતિ માટે સંમતિ દર્શાવી છે. બેઈજિંગમાં 'વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન' ની બેઠક દરમિયાન બંને પક્ષોએ સરહદની સ્થિતિના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. વાતચીતના એક દિવસ પછી વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, "આ ચર્ચા રચનાત્મક અને ભવિષ્યલક્ષી હતી."ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૦માં ગલવાન ખીણમાં થયેલી હિંસક અથડામણો અને ત્યારબાદ ચાર વર્ષથી વધુ સમય સુધી ચાલેલી સૈન્ય ગતિરોધ પછી બંને દેશો વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ આવી ગયો હતો. આ સંબંધોને ફરીથી મજબૂત કરવા માટે ભારત અને ચીને છેલ્લા એક વર્ષથી વધુ સમયગાળામાં શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે.વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, "બંને પક્ષોએ ભારત-ચીન સરહદી વિસ્તારોની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેઓએ સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિ જાળવવામાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો, જેના કારણે દ્વિપક્ષીય સંબંધોને ધીમે-ધીમે સામાન્ય બનાવવા તરફ પ્રગતિ શક્ય બની છે."બંને પક્ષો આગામી સમયમાં ચીનમાં યોજાનારી વિશેષ પ્રતિનિધિઓની બેઠક માટે "નક્કર તૈયારી" કરવા સંયુક્ત રીતે કામ કરવા માટે પણ સહમત થયા હતા.બેઠક અંગે વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, "બંને પક્ષોએ સરહદ સીમાંકન, સરહદ વ્યવસ્થાપન, સંસ્થાકીય માળખું ઊભું કરવા અને સરહદ પારના સહયોગને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ભારતીય પક્ષે સરહદ પારની નદીઓ અંગેના આગામી નિષ્ણાત-સ્તરના તંત્રની બેઠક વહેલી તકે યોજવા પર ભાર મૂક્યો હતો.વિદેશ મંત્રાલયે ઉમેર્યું હતું કે, "બંને પક્ષો રાજદ્વારી અને સૈન્ય સ્તરે નિયમિત સંપર્ક અને સંવાદ જાળવી રાખવા માટે સંમત થયા છે, જેમાં ૨૪મી વિશેષ પ્રતિનિધિ સ્તરની વાટાઘાટોના પરિણામોના ભાગરૂપે સંમત થયેલી બાબતોનો પણ સમાવેશ થાય છે."

# તાઈવાન અંગે યુ.એસ. ચીન સંઘર્ષ પરમાણુ યુદ્ધ નોતરી શકે

સિંગાપુર : તાઈવાન અંગે અમેરિકા ચીન વચ્ચેનો સંઘર્ષ જો તીવ્ર બનશે તો બંને વચ્ચે પરમાણુ યુદ્ધ પણ થઈ શકે. બંને દેશોની સેનાકીય વ્યવસ્થા તે માટે તૈયારીમાં છે. બંને દેશો પરસ્પરની સેના ઉપર અને તેમની યાતાયાત વ્યવસ્થા તેમજ સંદેશા વ્યવહાર ઉપર પણ આક્રમણ કરવા પૂરી તૈયારીમાં છે તેમ લંડન સ્થિત સંરક્ષણ વિશ્લેષણ સંસ્થાએ ગુરૂવારે ચેતવણી ઉચ્ચારી છે.

આ સપ્તાહના અંતે સિંગાપુરમાં યોજાનારી એશિયાની સૌથી મોટી સંરક્ષણ પરિષદ પૂર્વે લંડન સ્થિત અગ્રીમ સંરક્ષણ વિશ્લેષણ સંસ્થા, ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝે જણાવ્યું હતું કે વિશ્વ અત્યારે નવી પરમાણુ શસ્ત્ર સ્પર્ધાની અણીએ પહોંચ્યું છે જેમાં એશિયા પેસિફિક કેન્દ્ર સ્થાને છે.

આ સંસ્થાએ તેનાં આકલનમાં આગળ જણાવ્યું હતું કે પ્રાદેશિક દેશો પોતાનો પરમાણુ શસ્ત્ર ભંડાર વધારી રહ્યા છે તેમને પોતાના રણનીતિક હેતુઓ છે. જેઓ પાસે પરમાણુ શસ્ત્રો નથી, તેઓ લાંબા અંતરનાં પરંપરાગત મિસાઈલ્સની સ્ટ્રાઈક કેપેબિલીટીઝ વધારી રહ્યા છે.

આ બંને પરિસ્થિતિ વ્યૂહાત્મક સ્થિરતા માટે પડકારરૂપ છે.આઈ.આઈ.એસ.એસ.નાં આ વિધાનો અંગે અમેરિકા કે ચીન કોઈ તરફ કોઈ પ્રત્યાઘાત હજી સુધી આપવામાં આવ્યા નથી. આઈઆઈએસએસ શાંગ્રી લા ડાયલોગ યોજવાની છે તે સમયે તાઈવાન ઈરાન યુદ્ધ અને આ વિસ્તારમાં અમેરિકાની પ્રતિબદ્ધતા અંગે પ્રવર્તતી અનિશ્ચિતતા પરિસંવાદમાં કેન્દ્ર સ્થાને રહેશે.

તે નિશ્ચિત છે.ઉલ્લેખનીય છે કે આ શાંગ્રીલા ડાયલોગ શરૂ થાય તે પહેલાં તો મંત્રીઓ જનરલ્સ ઈન્ટેલિજન્સ ચીફસ ડીપ્લોમેટસ, એનેલિસ્ટ તથા વેપન મેકર્સ વચ્ચે મેની ૨૯-૩૧થી બિનસત્તાવાર મંત્રણાઓ તો શરૂ થઈ જ ગઈ છે.

# અમેરિકામાં સ્થાનિક સાથે મારપીટ બદલ ગુજરાતી યુવકની ધરપકડ

ન્યૂયોર્ક : અમેરિકામાં દારૂની દુકાને કામ કરતા એક ગુજરાતીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે, દુકાને એક ગ્રાહક પર હુમલો કરવા બદલ આ કાર્યવાહી કરવામાં આવી છે. ધરપકડ બાદ સામે આવ્યું કે આરોપી ગુજરાતી શખ્સ અમેરિકામાં ઘણા સમયથી ગેરકાયદે રહે છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમેરિકાના મેસેચૂસેટ્સમાં રહેતા ગુજરાતી ધવલ અમરતભાઈ પટેલની વોરસેસ્ટર પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ધવલ પટેલ પર દારૂની દુકાનમાં એક ગ્રાહક સાથે તકરાર અને બાદમાં બેઝબોલ બેટથી માર મારવાનો આરોપ છે. પોલીસના દાવા મુજબ પટેલ દારૂની દુકાને કામ કરે છે જ્યાં આવેલા એક ગ્રાહક સાથે તકરાર થઈ હતી જેણે બાદમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ મામલે ધવલ પટેલની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ અસિસ્ટન્ટ સેક્રેટરી લોરેન બીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતના એક ગેરકાયદે રહેતા નાગરિકને એમ હશે કે તે ખુલ્લેઆમ કોઈની પણ સાથે મારપીટ કરી શકે છે, જોકે પોલીસ દ્વારા તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. બાદમાં તેને પોલીસ દ્વારા છોડી પણ મુકવામાં આવેલ છે. અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી વિભાગે જણાવ્યું હતું કે સ્થાનિક સ્તરે સહયોગ ના મળતા આરોપીને છોડી મુકવામાં આવેલ જોકે બાદમાં તેની ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ એટલે કે આઈસ દ્વારા ધરપકડ કરાઈ હતી. અગાઉ પોલીસે ધવલની ૧૬મી મેએ ધરપકડ કરી હતી બાદમાં છોડી મુક્યા પછી આઈસ દ્વારા તેની ૧૮મી મેએ ધરપકડ કરી લેવામાં આવી હતી જ્યારે આ અંગે ખુલાસો એક સપ્તાહ પછી કર્યો હતો.

# ગીર રેવેન્યુ વિસ્તામાં ૮ સિંહબાળનામોત થયા છે : અર્જુનભાઈ મોઢવાડીયા

ગાંધીનગર : ગીરના રેવેન્યુ વિસ્તારમાં આઠ જેટલા બાળ સીંહોના મોત થયા હોવાની વાતને વનપ્રધાન અર્જુનભાઈ મોઢવાડીયાએ પુષ્ટી આપી છે.તેઓએ કહ્યુ કે, સ્થિતી હવે કાબુમાં છે. છેલ્લા બે દીવસમાં વાયરસના લીધે કોઈ જ મોત નથી થયા. વનવીભાગના અધિકારીઓની ટીમ તાત્કાલીક પહોચી ગઈ છે. સીડીવી વાયરસ મામલે તપાસ કરવામા આવી રહી છે. સેમ્પલો લઈ અને રીપોર્ટ માકલી અપાયો છે.

# દેશભરમાં એકસમાન '૧૧૨' ઇમર્જન્સી હેલ્પ લાઇન કાર્યરત કરવા SCનો આદેશ

નવી દિલ્હી : ઈમર્જન્સી મેડિકલ ટ્રીટમેન્ટ (ટ્રોમા કેર)ના અધિકારને જીવનના અધિકારનો અભિન્ન હિસ્સો ગણાવી સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ત્રણ મહિનામાં ઈમર્જન્સી રિસ્પોન્સ માટે એકમાત્ર હેલ્પલાઈન નંબર '૧૧૨' કાર્યરત કરવા અને અકસ્માતના સમયે પીડિત વ્યક્તને મદદ કરનારા લોકોની ફરિયાદ નિવારણ વ્યવસ્થા સ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ ઉપરાંત બીજા અનેક દિશાનિર્દેશો પણ જારી કર્યા હતાં. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ત્રણ મહિનામાં અલગ ઈમર્સન્સી હેલ્પલાઇન્સની જગ્યાએ સિંગલ ઈમર્જન્સી નંબર ૧૧૨માં સંકલિત કરવી પડશે તથા પીએમ રાહત (રોડ અકસ્માતનો ભોગ બનેલા લોકોને કેશલેસ સારવારની યોજના) સંપૂર્ણપણે અમલી બનાવવી પડશે. સેવલાઈફ ફાઉન્ડેશને દાખલ કરેલી અરજી પર સુપ્રીમ કોર્ટે મંગળવારે આ આદેશ જારી કર્યો હતો. આ અરજીમાં ટ્રોમા કેરને ભારતીય જાહેર કાયદા પ્રણાલીમાં અધિકાર તરીકે માન્યતા આપવાની માગણી કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કોઈ વ્યક્તિ અકસ્માત કે એવી જ કોઈ ઘટના ભોગ બને છે ત્યારે તેને સામાન્ય રીતે આઘાત લાગે છે અને ગભરાટ અનુભવે છે અને આસપાસના લોકો મદદ કરે તેવી આશા રાખે છે. આવી સ્થિતિમાં તબીબી સારવાર કે તાત્કાલિક સારવાર વગર પસાર થતી દરેક મિનિટ જીવિત રહેવાની શક્યતાઓ ઘટાડે છે.કોર્ટે જણાવ્યું હતું કે ઘણીવાર લોકો અકસ્માત પીડિતોને મદદ કરવા માગતા હોય છે, પરંતુ કાયદાકીય કાર્યવાહી, પોલીસ સ્ટેશનમાં સાક્ષી તરીકે ધક્કાની ભીતિને કારણે મદદ કરતાં અચકાય છે. આ અવરોધોને દૂર કરવા માટે વ્યવસ્થિત પ્રતિસાદ, ટ્રોમા કાળજી માટે એકસરખું માળખું, જનજાગૃતિ અને યોગ્ય ગુડ સમેરિટન કાયદાઓ જરૂરી છે, કારણ કે ટ્રોમા કેરનો અધિકાર ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ જીવનના અધિકારનો અભિન્ન ભાગ છે.

# અંજારમાં મહિલાનું રહસ્યમય મોત, પોલીસ દ્વારા તપાસ શરૂ

અંજાર - કચ્છ ઉદય : પોલીસ મથક ખાતે અ.મોત નં. ૫૮/૨૦૨૬ BNSS કલમ ૧૯૪ મુજબ નોંધ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ તા. ૨૮/૦૫/૨૦૨૬ના રોજ સાંજે અંદાજે ૬:૧૬ થી ૬:૪૫ દરમિયાન ગજનંદ પાર્ક મેઘપર બોરીચી, તાલુકા અંજાર ખાતે રહેતા લીલાબેન કેવલ ભાનુશાળી (ઉ.વ.૪૦) પોતાના નિવાસસ્થાને પાછળના ભાગે મેઘપર બોરીચી વિસ્તારમાં કોઈ અજાણ્યા કારણોસર પંખામાં ગળેફાંસો ખાઈ મૃત્યુ પામ્યા હતા.

બાદમાં તેમને સારવાર અર્થે અંજારની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં મામલતદાર અંજારને ઈક્વેસ્ટ કાર્યવાહી માટે જાણ કરવામાં આવી હતી.

અંજાર પોલીસ દ્વારા અ.મોત નોંધ કરી પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ પોલીસ દ્વારા મૃત્યુનું સાચું કારણ જાણવા વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે. આ અંગેની આગળની તપાસ પો.સબ ઈન્સ્પેક્ટર બી.એસ. ચૌધરી દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# હરિયાણામાં ૧.૫૫ કરોડની સાયબર ઠગાઈ કેસમાં ગાંધીધામના બે ઝડપાયા

**શેરબજારમાં રોકાણના નામે કરોડો રૂપિયા પડાવનાર આંતરરાજ્ય ગેંગના મૂળ કચ્છ સુધી પહોંચ્યા : સ્થાનિક કનેક્શન સામે આવતા ચકચાર**

ભુજ - કચ્છઉદય : હરિયાણાના રેવાડીમાં શેરબજારમાં રોકાણના નામે ૧.૫૫ કરોડ રૂપિયાની તોતિંગ સાયબર છેતરપિંડી આચરવાના પ્રકરણમાં રેવાડી પોલીસે મોટી કાર્યવાહી કરીને કચ્છ જિલ્લાના ગાંધીધામ સાથે સંકળાયેલા બે આરોપીઓની ધરપકડ કરી છે. આ મામલે કચ્છના બે શખ્સોની ધરપકડ થતા જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પકડાયેલા આરોપીઓમાં ગાંધીધામના મેઘપર બોરાચી વિસ્તારમાં રહેતા નવાની ચંદ્રકાંત રૂપચંદ અને ગાંધીધામના કૈલાસનગર ઝૂંપડપટ્ટી વિસ્તારના દામોદર કાનજીભાઈનો સમાવેશ થાય છે. હરિયાણા પોલીસે આ બંનેને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે રેવાડીના ગુડિયાણી ગામના દિનેશકુમારે ૨૫ જુલાઈ ૨૦૨૪ના રોજ ફરિયાદ નોંધાવી હતી કે તેમને વોટ્સએપ ગ્રુપ દ્વારા શેરબજારમાં રોકાણ કરવાનું કહીને છેતરવામાં આવ્યા હતા. આરોપીઓએ એક નકલી એપ્લિકેશનના માધ્યમથી ફરિયાદીને લાખોનો નફો બતાવવાની લાલચ આપી હતી અને અલગ - અલગ બેંક ખાતાઓમાં કુલ ૧.૫૫ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આ ઠગીની રકમમાંથી ૩ લાખ રૂપિયા આરોપી નવાની ચંદ્રકાંતના ખાતામાં ટ્રાન્સફર થયા હતા, જ્યારે બીજા આરોપી દામોદરે આ પ્રકારની ઠગી માટે બેંક ખાતા મેળવી આપવામાં મધ્યસ્થી તરીકેની મહત્વની ભૂમિકા ભજવી હતી. આ અગાઉ પણ પોલીસે આ કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી અને હવે કચ્છના આ બે શખ્સોની ધરપકડ સાથે આંતરરાજ્ય સાયબર ક્રાઈમમાં સ્થાનિક કનેક્શન સ્પષ્ટ થયું છે. કચ્છના રહેવાસીઓ આ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સામેલ હોવાની ઘટના સામે આવતા જિલ્લામાં આર્થિક ગુનાખોરી અંગે સાવચેતી દાખવવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પોલીસ હાલ આ મામલે વધુ તપાસ કરી રહી છે કે આ ગેંગ સાથે અન્ય કેટલા સ્થાનિક લોકો જોડાયેલા છે.

# અંજાર પાસે સોલાર પ્લાન્ટમાંથી ૨૦ લાખના કેબલ વાયરની તસ્કરી

અંજાર - કચ્છ ઉદય : તાલુકાના કોટડા ગામ સીમ વિસ્તારમાં આવેલા એશિયા પેસિફિક પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સોલાર પ્લાન્ટ ખાતે અજાણ્યા ચોર ઈસમોએ ત્રાટકી અંદાજે રૂ.૨૦ લાખના ડીસી સોલાર કેબલ વાયરની ચોરી કરી ફરાર થઈ જતાં દુધઈ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, તા.૦૮/૦૫/૨૦૨૫ થી તા.૨૨/૦૫/૨૦૨૫ દરમિયાન કોઈપણ સમયે કોટડા ગામે નેચરલ પેટ્રોકેમિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સ્થાપિત કરવામાં આવેલા સોલાર પ્લાન્ટના ગોડાઉનમાં અજાણ્યા ચોર ઈસમોએ લોખંડની ગ્રીલ તોડી ગુપ્ત રીતે પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ આરોપીઓએ KEI Industries Limited કંપનીના DC સોલાર કેબલ વાયરના બે બોક્સ, જેની કિંમત અંદાજે રૂ.૨૦,૦૦,૦૦૦ થાય છે, તેની ચોરી કરી હતી.

આ બનાવ અંગે પવન રિયાલત જટે, રહે. વોર્ડ નં.૨૮, ભગતની બારી પાસે, નવલગઢ, ઝુંઝુનુ (રાજસ્થાન) હાલ એશિયા પેસિફિક પ્રાઈવેટ લિમિટેડ કંપની, કોટડા ખાતે નોકરી કરતા હોવાના આધારે દુધઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(એ), ૩૩૧(૩) અને ૩૩૧(૪) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કંડલાના કોલસા દલાલનો ખેલ : અમદાવાદના વેપારીને ૬૪ લાખનો ચોપડ્યો ચૂનો

**કંડલા પોર્ટના નામે વિશ્વાસઘાત કરી પાંચ કંપનીઓના માલિકો સાથે મળી આચરેલી લાખોની ઠગાઈમાં વસ્ત્રાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ**

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છના વેપારી મથક અને આંતરરાષ્ટ્રીય દરજ્જો ધરાવતા કંડલા પોર્ટના નામે ઠગાઈ આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં અમદાવાદના એક વેપારી સાથે ૬૪.૩૦ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે. કંડલાના એક દલાલે સસ્તા ભાવે કોલસો અપાવવાની લાલચ આપી અમદાવાદના બોડકદેવમાં રહેતા વેપારી કિશન અંબાવીને વિશ્વાસમાં લીધા હતા અને ત્યારબાદ પોતાની સાથે અન્ય પાંચ કંપનીના માલિકોને જોડી આખું કૌભાંડ રચ્યું હતું. આ ઘટનામાં કચ્છના કંડલા પોર્ટ પર મજૂરી અને ટ્રાન્સપોર્ટના નામે ૮ લાખ રૂપિયા રોકડા પડાવી લીધા બાદ પણ માલ ન મોકલીને ઠગોએ ગુજરાતના વેપાર જગતમાં કચ્છની છબી ખરડાય તેવું કૃત્ય કર્યું છે.ઘટનાની વિગત મુજબ વર્ષ ૨૦૨૨માં કંડલાના રાજ ઐયાચી નામના દલાલે પોતાને કોલસા માર્કેટનો નિષ્ણાત ગણાવી વેપારી સાથે સંપર્ક સાધ્યો હતો. ૧૫ ટકા કમિશનના કરાર બાદ દલાલે અમદાવાદના વેપારીને ભરોસામાં લઈ ડિસેમ્બર ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ કંપનીઓ મારફતે કોલસો મંગાવવાનું નાટક કર્યું હતું. ઈન્ડોનેશિયાથી કોલસો આયાત કરવાના બહાને લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા બાદ પણ માલ ન મળતા વેપારીએ તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે, આરોપીઓએ ફેક બિલ અને બોગસ ઈ-વે બિલ બનાવીને તેમની સાથે છેતરપિંડી આચરી છે. માત્ર એટલું જ નહીં, કંડલા પોર્ટ પર મજૂરો અને વાહન વ્યવહારના ખર્ચના નામે વેપારી પાસેથી ૮ લાખ રૂપિયા રોકડા પણ વસૂલી લીધા હતા. આ ગંભીર છેતરપિંડી મામલે અંતે અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે,




## દિવ્ય અંજલિ



અમારૂં મન માનવા તૈયાર નથી કે અમારૂં હૃદય સ્વીકારવા તૈયાર નથી કે તમે અચાનક વિદાય લઈ ગયા. આપની વિદાય અમારા માટે વસમી છે. મા આશાપુરા આપના દિવ્ય આત્માને શાંતિ માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

**સ્વ. બળવંતસિંહ રાયઘણજી જાડેજા**
પૂર્વ મંત્રી, કચ્છ રાજપૂત (ક્ષત્રિય) સભા
ગામ : રામપર-વેકરા, હાલે - ભુજ

- નમો પદયાત્રી સેવા કેમ્પ-ભુજ
- ભાવેશ લક્કી સેવા સ્મૃતિ ટ્રસ્ટ-ફુમરા

## શ્રદ્ધાંજલિ



શ્રી વિંધ્યવાસીની મા દિવંગત આત્માને પરમ શાંતિ અર્પે અને કુટુંબીજનોને આ વજ્રઘાત સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના...

**સ્વ. વસંતકુંવરબા સાવજસિંહજી જાડેજા**
ઉ.વ. ૭૩, મુળ વતન : વિંઝાણ, હાલે-ભુજ

સ્વ. જેઠાલાલ ઉકેડા મામોટીયા પરિવાર
(વિંઝાણ-ફુમરા-ભુજ)

